


**સરપરસ્ત**

પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)

અખિલ ગુજરાત શીઆહ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

વર્ષ : ૩૦ ❖ અંક : ૧ ❖ ૧૦, સપ્ટેમ્બર-૨૦૧૦

૧, શવ્વાલ, હિ.સન-૧૪૩૧ ❖ સળંગ અંક : ૩૪૯

**આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા**

**માનદ તંત્રી**

કાસમભાઈ વિજાપુરા (મોબા. : ૯૪૨૬૫ ૪૧૪૭૨)

સહતંત્રી : માસુમ મહેરપુરી
✆ ૨૨૩૧૦૪ મો.૯૬૮૭૬૭૯૫૧૩

વ્યવસ્થાપક : ઈબ્રાહીમ ડી. વાઘ
✆ ૨૨૭૨૯૬ મો.૯૪૨૮૬૪૬૪૭૬

મશાયખ કમ્પ્યૂટર : જાફરી આવાઝ ૯૯૨૫૭૩૦૧૦૭

સહ વ્યવ. : અકબરઅલી એ. મસી
હનીફભાઈ વી. મતિયા

**સલાહ અને માર્ગદર્શન**

મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી(સિધ્ધપુર)

**મુખપૃષ્ઠ સજાવટ**

શબ્બીરઅલી ગુલામમહંમદ રેવાસીયા(જેઠીપુરા)

**કાર્યાલયનું સરનામુ**

'જાફરી આવાઝ'(માસિક)
મુ.પો. ઈલોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન-૩૮૩ ૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬

Website : www.jafariaawaz.com
Email : jafariaawaz@gmail.com

વાર્ષિક લવાજમ રૂા.૬૦/-
પંચવર્ષિય લવાજમ રૂા.૨૮૦/-
(મોહર્રમ માસથી જ ગ્રાહક થવાય છે.)

SUBJECT TO HIMATNAGAR JURISDICTION


## લેખ સૂચિ


| | |
|---|---|
| ❋ ઊઘડતે પાને | ૦૧ |
| ❋ કુરઆન શિક્ષણ | ૦૫ |
| ❋ અહાદીસ | ૦૬ |
| ❋ અરબી મૂળાક્ષરોનો પરિચય | ૦૮ |
| ❋ દુઆનો આશય | ૦૯ |
| ❋ ગડમથલ | ૧૪ |
| ❋ હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)એ પઢેલ મજલિસ | ૧૫ |
| ❋ સીધો માર્ગ : કુરઆન અને એહલેબયત | ૧૯ |
| ❋ સુપરમેન ઈન ઈસ્લામ : હ.ઈમામ જાફર સાદિક(અ.) | ૨૫ |
| ❋ મોઢા અને ગળાનું કેન્સર | ૨૮ |
| ❋ નહજુલ બલાગહ | ૨૯ |
| ❋ કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | ૩૧ |
| ❋ જુંબિશે લબ | ૩૩ |
| ❋ શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ | ૩૫ |
| ❋ મશાયખવાણી | ૩૭ |
| ❋ સર્વશ્રેષ્ઠ સ્મરણ | ૩૯ |
| ❋ પારિતોષિક વિજેતા ચમકતા સિતારા | ૪૧ |
| ❋ જ્ઞાનગોષ્ઠિ | ૫૧ |
| ❋ આપણા ઘરની વાતો | ૫૫ |
| ❋ 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | ૫૭ |


## ઊઘડતે પાને...

આપણા દસમા ઈમામ.

ઈમામ અલી નકી(અ.).

ઈમામ અલી નકી(અ.)ના જીવનકાળ દરમિયાન છ જેટલા અબ્બાસી બાદશાહો આપના સમકાલીન થઈ ગયા. આ છ બાદશાહોમાં એક મોતવક્કીલ બાદશાહ પણ હતો.

મોતવક્કીલ હિજરી સન-૨૩૨માં ખલીફા થયો. આ એ મોતવક્કીલ બાદશાહ છે કે જેણે હિજરી સન-૨૩૬માં ઈમામ હુસૈન(અ.)ની કબર મુબારક સાથે પહેલી વખત બેઅદબી કરી હતી. પરંતુ તેને સંપૂર્ણ સફળતા મળી ન હોવાને કારણે તેમજ આલે મોહંમદ(સ.) પ્રત્યેના સ્વભાવગત

બુગ્ઝને લીધે તેનું ધ્યાન ઈમામ અલી નકી(અ.)ને સતાવવા ઉપર કેન્દ્રિત થયું.

મોતવક્કીલે મદીનાના હાકિમ અબ્દુલ્લાહ બિન મોહંમદને ગુપ્ત રીતે એવો હુકમ કર્યો કે ફરઝંદે રસૂલ ઈમામ અલી નકી(અ.)ને સતાવવામાં કોઈ કદાચ ન રાખે. તેથી અબ્દુલ્લાહે હુકૂમતની ઈચ્છા અનુસાર સંપૂર્ણ તન્મયતાથી પોતાનું કાર્ય શરૂ કરી દીધું. પોતે જે રીતે ઈમામને સતાવી શકે તેમ હતો તે રીતે તેણે આપને સતાવ્યા. તેણે આપની વિરૂધ્ધ મોતવક્કીલને ફરિયાદો મોકલવાનું પણ શરૂ કરી દીધું.

અલ્લામા સિબલખી લખે છે કે ઈમામ અલી નકી(અ.)ને એ બાબતની ખબર પડી ગઈ કે મદીનાના હાકિમે આપની વિરૂધ્ધ ગુપ્ત કામગીરી શરૂ કરી દીધી છે અને આ બાબતમાં તેણે મોતવક્કીલને આપની વિરૂધ્ધ ફરિયાદો મોકલવાનું શરૂ કરી દીધું છે તો આપે પણ એક વિગતવાર પત્ર મોતવક્કીલને લખ્યો કે જેમાં મદીનાના હાકિમના અત્યાચાર અને જુલ્મનો ખાસ ઉલ્લેખ કર્યો.

મોતવક્કીલે આપનો પત્ર વાંચીને જવાબમાં લખ્યું કે આપ અમારી પાસે ચાલ્યા આવો. તે પત્રમાં મદીનાના હાકિમની બાબતમાં પણ હતું કે તે જે કંઈ કરી રહ્યો છે તે સારું કરી રહ્યો નથી. આનો મતલબ એ હતો કે આ બહાને આપને સામરાહ બોલવી લે. પત્રમાં તેણે એટલું બધું નરમ વલણ અપનાવ્યું હતું કે આવું વલણ કોઈ બાદશાહ તરફથી અપનાવવામાં આવતું ન હતું. આ બધી કપટબાજી એટલા માટે હતી કે આપ મદીના છોડીને સામરાહ પહોંચી જાય. (નુરૂલ અબ્સાર, પેજ-૧૪૯)

અલ્લામા મજલિસી લખે છે કે મોતવક્કીલે એવું પણ લખ્યું હતું કે હું અબ્દુલ્લાહ બિન મોહંમદને પદભ્રષ્ટ કરીને તેની જગ્યાએ મોહંમદ બિન ફઝલને નિયુક્ત કરું છું.

અલ્લામા અરબલી લખે છે કે મોતવક્કીલે માત્ર ઈમામને પત્ર લખીને સામરાહ બોલાવ્યા એટલું જ ન કર્યું પરંતુ તેણે યહ્યા બિન હરસમાની સરદારી હેઠળ ત્રણસોનું લશ્કર મદીના મોકલીને આપને સામરાહ બોલાવવાની ઈચ્છા કરી.

યહ્યા બિન હરસમાનું બયાન છે,

'હું મોતવક્કીલનો હુકમ મેળવ્યા પછી ઈમામને લઈ આવવા માટે મદીના જવા રવાના થઈ ગયો. મારી સાથે ત્રણસોનું લશ્કર હતું અને તે લશ્કરમાં એક કાતિબ(લહિયો) પણ હતો કે જે ઈમામીયા મઝહબ પાળતો હતો. અમે લોકો રસ્તા ઉપર જઈ રહ્યા હતા અને અમારો પ્રયત્ન એવો હતો કે જેમ બને તેમ જલ્દી મદીના પહોંચી જઈએ અને ઈમામને લઈ આવીએ અને મોતવક્કીલની સમક્ષ રજૂ કરી દઈએ.

અમારી સાથે લશ્કરમાં જે પેલો શીઆહ કાતિબ હતો તેના અને લશ્કરના એક અફસર સાથે રસ્તામાં ધાર્મિક વાદવિવાદ થતો આવ્યો હતો. છેવટે અમે બધા એક અઝીમુશ્શાન ખીણ પ્રદેશમાં પહોંચી ગયા કે જેની આજુબાજુ માઈલો સુધી કોઈ વસ્તી ન હતી અને તે એવી જગ્યા હતી કે જ્યાંથી ભાગ્યે જ કોઈ માણસ પસાર થતો હશે કેમકે તે બિલકુલ પાણી તેમજ ઘાસ વગરનો રણપ્રદેશ હતો.

જ્યારે અમારું લશ્કર ત્યાં પહોંચ્યું તો પેલો અફસર કે જેનું નામ સાદી હતું અને જે પેલા કાતિબ સાથે વાદવિવાદ કરતો આવ્યો હતો તે કહેવા લાગ્યો,

'અય કાતિબ ! તમારા ઈમામ અલી મુર્તઝા(અ.)નો એવો કોલ છે કે દુનિયામાં એવી કોઈ જમીન નહીં હોય કે જેમાં કોઈ કબર ન બની હોય અથવા તો ટૂંક સમયમાં કબર બનવાની ન હોય.'

કાતિબે કહ્યું,

'નિઃશંકપણે અમારા ઈમામ(અ.) ગાલિબ

કુલ્લો ગાલિબનો આ ઈરશાદ છે.'

તેણે કહ્યું,

'તો હવે બતાવો કે આ જમીન ઉપર કોની કબર આવેલી છે ? અથવા કોની કબર બની શકે તેમ છે ? તમારા ઈમામ તો મનફાવે તેમ કહી દેતા હોય છે.'

ઈબ્ને હરમસાનું કહેવું છે,

'હું જોકે ફાલતું વાતો કરવાના વિચારવાળો હતો તેથી જ્યારે આ વાતો થઈ રહી હતી તે અમે બધાએ સાંભળી તો અમે બધા હસી પડ્યા અને પેલો કાતિબ શરમાઈ ગયો. ટૂંકમાં અમારું લશ્કર આગળ વધતું રહ્યું અને એ જ દિવસે અમે મદીના પહોંચી ગયા.

મદીના પહોંચ્યા પછી મેં મોતવક્કીલનો પત્ર ઈમામ અલી નકી(અ.)ની ખિદમતમાં રજૂ કર્યો. ઈમામે તે પત્ર વાંચ્યો અને ત્યાર પછી લશ્કર ઉપર એક નજર ફેંકી અને સમજી ગયા કે દાળમાં જરૂર કંઈક કાળુ છે.'

ઈમામ અલી નકી(અ.)એ ફરમાવ્યું,

'અય ઈબ્ને હરસમા ! હું તમારી સાથે આવવા માટે તૈયાર છું પરંતુ એક-બે દિવસની મોહલત જરૂરી છે.'

મેં અરજ કરી,

'હુઝૂર ! ખુશીથી. જ્યારે આપનો હુકમ હોય ત્યારે ફરમાવી દેજો. હું હાજર થઈ જઈશ અને રવાનગી થઈ જશે.'

ઈબ્ને હરસમા બયાન કરે છે,

'ઈમામે મારી રૂબરૂમાં જ નોકરોને કહ્યું કે દરજીને બોલાવી દો અને તેને કહો કે મારે સામરાહ જવું છે માટે રસ્તામાં પહેરવા માટે ગરમ કપડાં અને ગરમ ટોપીઓ જલ્દીથી તૈયાર કરી દે.'

ઈબ્ને હરસમા કહે છે,

'હું ત્યાંથી રવાના થઈને મારા ઉતારાના સ્થળે ગયો પરંતુ રસ્તામાં એવા વિચાર કરતો રહ્યો કે ઈમામીયા મઝહબ પાળનારા કેવા મૂરખા છે કે તેઓ એક એવા માણસને પોતાનો ઈમામ માને છે કે જેમનામાં (મઆઝલ્લાહ) એટલી પણ વિવેકબુધ્ધિ નથી કે અત્યારે ગરમીની ઋતુ ચાલે છે કે ઠંડીની ઋતુ ? આટલી બધી સખત ગરમીમાં શિયાળાનાં કપડાં સિવડાવી રહ્યા છે અને તેને પોતાની સાથે લઈ જવા ઈચ્છે છે.'

ટૂંકમાં બીજા દિવસે હું તેમની ખિદમતમાં હાજર થયો તો જોયું કે ઠંડી ઋતુ માટેનાં ઘણાં બધાં કપડાં સિવેલાં પડ્યાં છે અને આપ સફરનો સામાન વ્યવસ્થિત કરી રહ્યા છે અને પોતાના નોકરોને કહેતા પણ જાય છે કે જોજો, ઘરગથ્થુ અને વરસાદી વગેરે ચીજો રહી જવા ન પામે. બધું સાથે બાંધી દો. ત્યાર પછી આપે મને કહ્યું,

## 'જાફરી આવાઝ'(માસિક)નો ત્રીસમા વર્ષમાં પ્રવેશ

અલ્લાહ તઆલાના ફઝલો કરમથી શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠાનું મુખપત્ર **'જાફરી આવાઝ' (માસિક)** પોતાની કારકિર્દીનાં ઓગણત્રીસ વર્ષ પૂરાં કરીને **ત્રીસમા વર્ષમાં** પ્રવેશ કરે છે. 'જાફરી આવાઝ'(માસિક)ની આ આગેકૂચ માટે આપણા સરપરસ્ત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)ની ભલી દુઆઓ સંમિલિત છે. આ ઉપરાંત આ કાર્યમાં સહાયભૂત બનનાર કારભારીશ્રી અને પ્રોત્સાહન પૂરું પાડનાર અમારા માનદ પ્રતિનિધિ ભાઈઓ, મોલ્વી સાહેબો, શુભેચ્છકો, ગ્રાહકો અને વાંચક મિત્રો તેમજ વિજ્ઞાપન આપનાર મિત્રોનું યોગદાન તો અમે કેવી રીતે ભૂલી શકીએ? આ તબક્કે ઉપરોક્ત સૌનો જાહેર આભાર માનતાં ધન્યતાની લાગણી અનુભવું છું. **-તંત્રી : 'જાફરી આવાઝ'(માસિક)**

'અય યહ્યા ઈબ્ને હરસમા ! જાઓ, તમે પણ તમારો સામાન તૈયાર કરો જેથી નિયત સમયે રવાનગી થઈ જાય.'

ઈબ્ને હરસમા કહે છે,

'ત્યાર પછી હું ખૂબ ગમગીન થઈને ત્યાંથી પાછો આવ્યો. હું દિલમાં વિચાર કરતો હતો કે એમને શું થઈ ગયું છે કે આવી સખત ગરમીની ઋતુમાં ઠંડી અને વરસાદનો સામાન પોતાની સાથે લઈ જઈ રહ્યા છે અને મને પણ હુકમ આપે છે કે તમે પણ આ પ્રકારનો સામાન પોતાની સાથે લઈ લો.'

ટૂંકમાં સફરનો સામાન ગોઠવાઈ ગયો અને રવાનગી પણ થઈ ગઈ. મારું લશ્કર ઈમામ(અ.)ને ઘેરીને જઈ રહ્યું હતું તેવામાં અમે એકાએક પેલા ખીણ પ્રદેશમાં જઈ પહોંચ્યા કે જેના વિષે ઈમામીયા કાતિબ અને સાદી અફસર વચ્ચે વાતચીત થઈ હતી કે અહીં કોઈની કબર છે ખરી કે કબર થશે ખરી ?

જેવા અમે આ ખીણ પ્રદેશમાં પહોંચ્યા કે તરત જ અમારા ઉપર કયામત તૂટી પડી. વાદળો ગર્જના કરવા લાગ્યાં, વીજળી ચમકવા લાગી અને બપોરના સમયે એટલું બધું અંધારું થઈ ગયું કે માણસો એકબીજાને જોઈ પણ શકતા ન હતા, એટલે સુધી કે વરસાદ વરસવો શરૂ થઈ ગયો અને એવો મુશળધાર વરસાદ વરસ્યો કે આવો વરસાદ તો જિંદગીમાં કદી જોયો પણ ન હતો.

ઈમામ(અ.)એ વરસાદ વરસવાનાં ચિહ્નો જાહેર થતાંની સાથે જ નોકરોને હુકમ આપ્યો કે વરસાદી અને ઠંડીથી બચવાની ટોપીઓ પહેરી લો અને એક વરસાદી ટોપી યહ્યા બિન હરસમાને અને એક ટોપી કાતિબને આપી દો. ટૂંકમાં ખૂબ વરસાદ વરસ્યો અને એવી ઠંડી હવા વાવા લાગી કે જીવ બચાવવો મુશ્કેલ થઈ ગયો.

જયારે વાદળો થંભી ગયાં અને વાદળ વિખરાઈ ગયાં તો મેં જોયું કે મારા લશ્કરના એંશી માણસો મરી ગયા હતા.

ઈમામ(અ.)એ ફરમાવ્યું,

'અય યહ્યા બિન હરસમા ! તમારા મડદાઓને દફન કરી દો અને એ પણ જાણી લો કે આ રીતે ખુદાવંદે તઆલા દરેક બાકી રહી ગયેલી જમીનને કબરોથી ભરી દે છે. એટલા માટે તો મારા નામદાર દાદા હઝરત અલી(અ.)એ ઈરશાદ ફરમાવ્યો છે કે જમીનનો કોઈ ટુકડો એવો નહીં હોય કે જેમાં કબર ન બની હોય.'

યહ્યા કહે છે,

આ સાંભળીને હું ઘોડા ઉપરથી નીચે ઉતરી પડ્યો અને ઈમામ અલી(અ.)ની પાસે જઈને તેમના કદમ મુબારક ચૂમ્યા અને તેમની ખિદમતમાં અરજ કરી,

'મૌલા ! હું આજે આપની સામે મુસલમાન થાઉં છું.'

આટલું કહીને મેં આવી રીતે કલમો પઢ્યો : **અશહદો અલ્લાઈલાહ ઈલ્લલ્લાહ વ અન્ન મુહમ્મદન અબ્દોહુ વ રસૂલહુ વ અન્કુમ ખુલફા અલ્લાહ ફી અર્ઝે.** અને યકીન કરી લો કે આ જ હઝરત ખુદાની જમીન ઉપર ખલીફા છે અને દિલમાં વિચારવા લાગ્યો કે જો ઈમામ(અ.)એ શિયાળાનો અને વરસાદી મોસમનો સામાન સાથે લીધો ન હોત અને તે સામાન મને ન આપ્યો હોત તો મારો અંત પણ કેવો કરૂણ થાત.

ત્યાર પછી અમે ત્યાંથી રવાના થઈને 'અસ્કર' પહોંચી ગયા અને આપની ઈમામતને સાચી માનીને જીવતો રહ્યો ત્યાં સુધી આપના જદ્દે નામદારનો કલમો પઢતો રહ્યો. (કશફુલ ગુમ્મા, પેજ-૧૨૪)*

**G. K. Corner Solution (108)**

(૧) ક્રિકેટ (૨) સુખોઈ (૩) આર્યભટ્ટ (૪) આલ્ફ્રેડ નોબેલ (૫) ગવર્નર (૬) મ્યાનમાર (૭) ખેટક (૮) FBI (૯) અકબર

# કુરઆન શિક્ષણ

અઝ
આકાએ નામદાર
પીર સૈયદ મોહંમદ
મુશાહિદહુસૈન
જાફરી(મદ્દે.)

بسم الله الرحمن الرحيم

## મનુષ્ય જીવન સંબંધી હુકમો વિષયક આયતો

✻ અને (તે સમયને યાદ કરો) જ્યારે તમારા પરવરદિગારે જણાવી દીધું કે અગર તમે આભાર માનતા રહેશો તો હું તમને ખચીત જ વધારી દઈશ, અને અગર તમે (મારી નેઅમતોની) કૃતઘ્નતા કરશો તો નિઃસંશય મારી શિક્ષા ઘણી જ સખત છે.

**(પારો-૧૩, સૂરએ ઈબ્રાહીમ, આયત-૭)**

✻ (હે રસૂલ !) શું તેં આ નથી વિચાર્યું કે અલ્લાહે એક પાક કલ્માનો દાખલો કેવી રીતે વર્ણવ્યો છે ? તે એક ઉમદા વૃક્ષના જેવો છે કે જેનાં મૂળ મજબૂત હોય અને જેની ડાળીઓ આકાશ પર પહોંચેલી હોય : ✻ દરેક ઋતુમાં તે અલ્લાહના હુકમથી પોતાનાં(સ્વાદિષ્ટ)ફળ આપતું રહેતું હોય અને (આવા) દાખલા અલ્લાહ લોકો માટે આ હેતુસર વર્ણવે છે કે કદાચને તેઓ બોધ ગ્રહણ કરે.

**(પારો-૧૩, સૂરએ ઈબ્રાહીમ, આયત-૨૪ થી ૨૫)**

✻ તેણે કહ્યું કે ગુમરાહો સિવાય પોતાના પરવરદિગારની દયા(દૃષ્ટિ)થી કોણ નિરાશ થાય ?

**(પારો-૧૪ સૂરએ હિજ્ર, આયત-૫૬)**

✻ કે જેમનો અંત ફરિશ્તાઓએ એવી સ્થિતિમાં આણ્યો હશે કે તેઓ (નાસ્તિકપણાની નાપાકીથી) પાક સાફ હશે, ફરિશ્તાઓ તેમને આ કહેતા હશે કે **'સલામુન અલયકુમ'** (તમારા ઉપર શાંતિ હોજો), જે (સુ)કરણી તમે કર્યા કરતા હતા તેના બદલામાં તમે જન્નતમાં દાખલ થઈ જાઓ.

**(પારો-૧૪, સૂરએ નહલ, આયત-૩૨)**

✻ પુરૂષોમાંથી હો કે સ્ત્રીઓમાંથી, જે માણસે સત્કાર્ય કર્યું એવી સ્થિતિમાં કે તે ઈમાન ધરાવનારો પણ હોય તો ખચીત જ અમે તેની જિંદગી સારી પસાર કરી દઈશું, અને જે કાર્ય તેઓ કર્યા કરતા હતા તેનાથી પણ તેમને કંઈ કેટલોય સારો બદલો જરૂર આપી દઈશું.

**(પારો-૧૪, સૂરએ નહલ, આયત-૯૭)**

✻ અને ઈન્સાન બૂરી વસ્તુઓ માટે પણ એવી દુઆ માગે છે જેવી કે સારી વસ્તુઓ માટે; અને ઈન્સાન અતિ ઉતાવળો છે.


**(પારો-૧૫, સૂરએ બની ઈસરાઈલ, આયત-૧૧)**

✻ અને તારા પરવરદિગારે (તદ્દન છેવટનો) હુકમ આપી દીધો છે કે તમે તેના સિવાય બીજા કોઈની ઈબાદત કરો નહીં અને મા-બાપ સાથે નેકી કરતા રહો. અગર તેઓ બન્નેમાંથી એક અથવા બન્ને તારી સામે વૃધ્ધાવસ્થાએ પહોંચી જાય (અને કોઈ કારણે તારા ઉપર ક્રોધે ભરાય)તો તેમની સામે ઉફ પણ ન કર, તેમજ તેમને તરછોડ પણ નહીં અને તેમની સાથે માયાળુપણે વાત કર. ✻ અને તેમની પાસે નમ્રતાનો બાઝુ માયાળુપણે ઝુકાવ અને આ કહ્યા કર કે હે મારા પરવરદિગાર ! આ બન્ને ઉપર એવી જ કૃપા ફરમાવ જેવી કે આ બન્નેએ મને નાનપણથી ઉછેરવામાં(કૃપા) કરી હતી. ✻ તમારો પરવરદિગાર તમારા અંતઃકરણોમાં જે કાંઈ છે તેનાથી સારી પેઠે વાકેફ છે; અગર તમે સદાચારી રહેશો તો બેશક તે પણ(પોતાની તરફ) વારંવાર રજૂ થનારાઓને અતિ માફ કરનાર છે.


**(પારો-૧, સૂરએ બની ઈસરાઈલ, આયત-૨૩ થી ૨૫)**


**જાફરી આવાઝનું કુરિઅર સરનામુ**

મશાયખ કમ્પ્યૂટર, જાફરી આવાઝ(માસિક)
આરઝૂ કોમ્પલેક્ષ, બીજે માળે, એલ.આઈ.સી.
ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર.
મો.૯૯૨૫૭૩૦૧૦૭



# અહાદીસ



## સ્વચ્છતા અને પાકીઝગી વિષે ભાગ-૨

હઝરત રસૂલે ખુદા(સ.)એ પુરૂષોને આજ્ઞા ફરમાવી છે કે -

**'પોતાના નખ કાપો.'**

**'વળી તેમને (નખને) દાંતોથી કાપવાની(પણ) મનાઈ ફરમાવી છે.'**

કેમકે એવી પરિસ્થિતિમાં નખના નીચે જામેલો મેલ સૌથી પહેલાં મોઢામાં દાખલ થઈ જાય છે.

લોકોમાં વધારે મેળ મેળાપ અને દોસ્તી પેદા થાય એ હેતુસર ઈસ્લામે (અત્તર જેવા) સુગંધી પદાર્થો અને એવા પ્રકારના તેલનો ઉપયોગ કે જે શણગાર માટે કારણરૂપ હોય તેને મુસ્તહબ ગણ્યો છે.

હઝરત ઈમામ મૂસા બિન જાફર(અ.) ફરમાવે છે :

**'પુરૂષ માટે અત્તરનો ઉપયોગ કોઈ પણ દિવસ માટે છોડી દેવો યોગ્ય નથી.'**

હઝરત રસૂલે અકરમ(સ.)ના સદગુણોની એક બાબત એ હતી કે આપ માથામાં તેલ નાખવાનું પસંદ કરતા હતા અને માથાના વાળ વિખરાયેલા રહેવાથી આપને દુઃખ થતું હતું.

આપ(સ.) ફરમાવે છે :

**'માથામાં તેલ નાખવું ગમ અને દુઃખને નષ્ટ કરી નાખે છે.'**

વળી આના કરતાં વધારે અગત્યની બાબત મિસ્વાક (દાતણ) કરવું અને દાંતોને પાકીઝા રાખવા તે બાબત છે.

હઝરત રસૂલે અકરમ(સ.) ફરમાવે છે :

**'જિબ્રઈલ(અ.)એ મને મિસ્વાક(દાતણ) કરવાની એટલી હદે તાકીદ કરી છે કે મને ગુમાન થઈ ગયું કે ખુદા તઆલા તેને વાજિબ કરી રહ્યો છે.'**

**'મારી ઉમ્મતના માટે જો આ કાર્ય મુશ્કેલ ન હોત તો હું હુકમ આપત કે દરેક નમાઝની સાથે સાથે મિસ્વાક(દાતણ) કરવામાં આવે (હું દિવસ-રાતમાં તેમના પર પાંચ વખત મિસ્વાક(દાતણ) કરવાનુંવાજિબ કરી દેત).'**

ઈમામ અસ્સાદિક(અ.) ફરમાવે છે :

**'મિસ્વાક(દાતણ) કરવું મુર્સલીનની સુન્નતોમાંથી (એક સુન્નત) છે.'**

આ ઉપરાંત નાક-મોઢાની પાકીઝગીના માટે કોગળા કરવા અને નસકારાંમાં પાણી નાખીને કાઢી નાખવું પણ મુસ્તહબ ગણી દીધું છે.

ઈમામ અલી(અ.) ફરમાવે છે :

**'મઝમઝા(એટલે કે કુલ્લી કરવી) અને ઈસ્તન્શાક(એટલે કે નાકમાં પાણી નાખીને કાઢી નાખવું) મુસ્તહબ છે અને નાકને પાકીઝા કરે છે.'**

**પોષાકની સ્વચ્છતા :**

જો કે ઈસ્લામ ધર્મ પોષાકની જાતને અને પ્રકારને કોઈ મહત્વ આપતો નથી પરંતુ તેની સ્વચ્છતાને ખૂબ જ અગત્યની બાબત સમજે છે.

હઝરત રસૂલે અકરમ(સ.) ફરમાવે છે :

**'જે માણસ પોષાક તૈયાર કરે તેને સાફ(પણ) કરે.'**

આ ઉપરાંત ઈમામ અસ્સાદિક(અ.) ફરમાવે છે :

**'સ્વચ્છ પોષાક દુશ્મનને અપમાનિત કરે છે.'**

**મકાનની સ્વચ્છતા :**

ઈસ્લામે ગંદા અને ધૂળ જામેલી હોય તેવા મકાનોની નિંદા કરી છે અને તેને કટ્ટર યહૂદીઓનું લક્ષણ ગણ્યું છે.

હઝરત રસૂલે અકરમ(સ.) ફરમાવે છે :

**'પોતાના ઘરને પાકીઝા(પવિત્ર) રાખો અને કટ્ટર યહૂદીઓ જેવા ન બનો.'**

ઈમામ અલ બાકિર(અ.) ફરમાવે છે :

**'મકાનને પાકીઝા કરવું નાદારી અને દરિદ્રતાને**

**નષ્ટ કરી નાખે છે.'**

ઈમામ અલી(અ.) ફરમાવે છે :

**'પોતાના ઘરને કરોળિયાનાં જાળાં(બાવાં)થી પાક કરો કેમકે કરોળિયાનું જાળું નિર્ધનતાનું કારણ છે.'**

આ બાબત પણ ધ્યાન રાખવા જેવી છે કે ઈસ્લામ ધર્મ દરેક સ્થળે ગંદકી કરવાને નાદારી અને કમનસીબીનું કારણ સમજે છે.

**જાહેર સ્થળોની સ્વચ્છતા :**

ઈસ્લામ મસ્જિદને નજીસ કરવાને હરામ અને તેને પાક કરવાને વાજિબ ગણવા ઉપરાંત કીડા-મંકોડાથી પાક રાખવાની પણ બેહદ તાકીદ કરે છે.

હઝરત રસૂલે અકરમ(સ.) ફરમાવે છે :

**'જે વ્યક્તિ જુમેરાત(ગુરૂવાર)ના દિવસે મસ્જિદમાં સાવરણીથી વાળશે અને આંખના સુરમા બરોબરની માટી(મસ્જિદમાંથી બહાર) કાઢશે તો ખુદા તઆલા તેને બક્ષી દે છે.'**

**'અને જે વ્યક્તિ મસ્જિદની સફાઈ કરે તો ખુદા તઆલા તેને એક ગુલામ આઝાદ કરવાનો સવાબ આપે છે.'**

હઝરત રસૂલે અકરમ(સ.)એ મસ્જિદમાં થૂંકવાની મનાઈ કરી છે. આપ ફરમાવે છે :

**'જે માણસ મસ્જિદમાં થૂંકવાથી પરહેઝ કરે (એટલે કે પોતાની જાતને રોકે) તો તે કયામતના દિવસે ખુદાતઆલાને ખુશી ખુશી મુલાકાત કરશે અને તેનું આમાલનામુ તેના જમણા હાથમાં હશે.'**

એમાં તો કોઈ શંકાને સ્થાન નથી કે ફળવાળાં વૃક્ષોની નીચે આવેલી જગ્યાએ અને(પાણીના) કૂવાઓ અને પીવાના પાણીની નહેરોના કિનારાઓને ગંદા કરવાથી ભયંકર બીમારીઓ ફેલાય છે.

એટલા માટે રસૂલે અકરમ(સ.)એ કૂવાઓ અથવા પીવાના પાણીની નહેરોના કિનારે અને એવી જ રીતે ફળવાળા વૃક્ષોની નીચે હાજત(સંડાસ) કરવાની મનાઈ ફરમાવી છે.

અને આ જ રીતે ઈમામ(અ.)એ વહેતા પાણીમાં પેશાબ કરવાની પણ મનાઈ ફરમાવી છે.✻


HDFC STANDARD LIFE INSURANCE
Sar Utha ke Jiya

**Mo. 98258 81814**



# નજરઅલી યુનુસભાઈ પીચારજી

**GOLD CLUB MEMBER : HDFC SLIC**

**ઓફિસ** : ડાયમંડ એસ્ટેટ, સહયોગ હોટલની પાછળ,
ને.હા.નં.૮, ગામ-મોતાલી-અંકલેશ્વર, જી.ભરૂચ
ફોન નં. ૯૮૨૫૮ ૮૧૮૧૪

**રહેઠાણ** : ગામ-સેદ્રાણા, તા.સિધ્ધપુર, જી.પાટણ
ફોન નં. : ૨૨૬૬૦૩

**પાક પરવરદિગારના કરમથી સતત ૬ વર્ષથી આપની સેવામાં હાજર**

**શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅતના વીમેદારોને અંતઃકરણપૂર્વક સહકાર બદલ આભાર**

HDFC STANDARD LIFE INSURANCE Sar Utha ke Jiya

**જીવનવીમા તથા રોકાણના નવીન તથા જુના કામકાજ માટે સંપર્ક કરો.**

HDFC STANDARD LIFE INSURANCE Sar Utha ke Jiya

# ગ ડ મ થ લ ૨૧૭


:::: સંપાદકઃ::::

મો.હૈદરઅબ્બાસ ઈસ્માઈલભાઈ મસી(આણંદ-મહેરપુરા)


| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | ■ | ૪ | | ૫ | ૬ |
| | ■ | | ■ | | ■ | | ■ | ૭ | |
| ■ | ૮ | | | ■ | ■ | | ■ | | ■ |
| ૯ | | | ■ | ૧૦ | ૧૧ | ■ | ૧૨ | | ૧૩ |
| | ■ | ■ | ■ | ૧૪ | | ■ | | ■ | |
| ૧૫ | ૧૬ | | ૧૭ | ■ | | ■ | ૧૮ | ૧૯ | |
| ■ | | ■ | | ■ | ■ | ૨૦ | ■ | | ■ |
| ૨૨ | | ૨૩ | | ■ | ૨૪ | | ૨૫ | | ૨૬ |
| | ■ | | ■ | ૨૭ | ■ | ૨૮ | | ■ | |
| | ■ | ૨૯ | | | | | ■ | ૩૦ | |

## :::: આડી ચાવીઓ ::::

(૧) સહપ્રવાસી, સફરનો સાથી (૫)
(૪) ખુલ્લો માર્ગ, ધાર્મિક કાનૂન, ધર્મશાસ્ત્ર (૪)
(૭) જ્યારે (૨)
(૮) શિષ્ટાચાર, પ્રણામ, નમસ્કાર (૩)
(૯) માંગ, યાચના, ઈચ્છા, ખ્વાહિશ (૩)
(૧૦) દીવાલમાં લગાવેલ કબાટ (૨)
(૧૨) છબી, પ્રતિકૃતિ, છાયાચિત્ર (૩)
(૧૪) મદદગાર, સહાયક, દોસ્ત (૨)
(૧૫) મુનકિર-નકીરનું સંયુક્ત નામ (૪)
(૧૮) હઝરત આદમ(અ.)ને અબુલ.... કહે છે.(૩)
(૨૨) અસ્હાબે કહ્ફના કૂતરાનું નામ (૪)
(૨૪) એક દ્વારેથી બીજે દ્વારે (૫)
(૨૮) સ્વામી, માલિક (૨)
(૨૯) પૃથ્વી, ભૂમિ (૫)
(૩૦) શરબત કે શરાબનો પ્યાલો (૨)

## :::: ઊભી ચાવીઓ ::::

(૧) અલ્લાહની પ્રશંસા (૨)
(૨) ભૂગર્ભગૃહ, જમીનની સપાટી નીચે આવેલ ઘર અથવા ઓરડો (૪)
(૩) વહેતું, પ્રવાહિત (૨)
(૪) ઈમામ હુસૈન(અ.)નું એક નામ (૩)
(૫) અજાણ્યો માણસ (૪)
(૬) ત્યારે, તે વખતે (૨)
(૮) ઓલાદ, વંશજ (૨)
(૯) સંતોષ, આશ્વાસન, દિલાસો (૩)
(૧૦) નબી સાહેબનું તેમજ કુરઆનના એક સૂરાનું નામ (૨)
(૧૧) નીચ, અધમ, ધૂતારો (૩)
(૧૨) ઈસ્લામમાં એ પીવાની બંધી છે. (૩)
(૧૩) તુચ્છ, ક્ષુદ્ર, ખૂબ નાનો (૩)
(૧૬) તિલાવત (૩)
(૧૭) અરબીમાં માણસ માટે વપરાતો શબ્દ (૩)
(૧૯) તીવ્ર, પ્રચંડ, કઠણ (૩)
(૨૦) ઈસ્લામનું ધર્મ પુસ્તક (૪)
(૨૨) જૂનું, પુરાણું (૩)
(૨૩) મૃત્યુ પામેલ વ્યક્તિ પોતાની પાછળ છોડી ગયેલ સંપત્તિ, વારસો (૩)
(૨૫) શાશ્વતતા, નિરંતરતા (૨)
(૨૬) તખ્તી, અસહાબે કહફને અસહાબે....... પણ કહેવાય છે. (૩)
(૨૭) રહસ્ય, ભેદ (૨)

## ગડમથલ નં.૨૧૬નો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ મ | સે | ૨ હ | ૩ મૈ | ય | ત | ■ | ૪ જુ | ર્અ | ૫ ત |
| જી | ■ | ૬ યા | સ | ■ | ■ | ૭ શ | મ્આ | ■ | લ |
| દ | ■ | ૮ ત | મ | ૯ સ | ■ | ક | ■ | ૧૦ સા | કી |
| ■ | ૧૧ ઝિ | ■ | ■ | ૧૨ દા | ૧૩ રૂ | લ | અ | મા | ન |
| ૧૪ મુ | ર | ૧૫ ત | દ | ■ | બા | ■ | ■ | ન | ■ |
| ૧૬ શા | હ | ર | ■ | ૧૭ શ | બ | ■ | ૧૮ અ | ■ | ■ |
| રિ | ■ | ■ | ૧૯ ક | ■ | ■ | ૨૦ મૌ | તા | ■ | ૨૧ અ |
| ક | ■ | ૨૨ બ | દ | ૨૩ ન | ■ | લા | ■ | ૨૪ રા | હ |
| ■ | ■ | ■ | ૨૫ ર | ઈ | સ | ■ | ૨૬ વા | ■ | મ |
| ૨૭ ઈ | સ્તિ | સ્કા | ■ | મ | ■ | ૨૮ ત | વ | લ્લુ | દ |

# જીવન-મૃત્યુ

: લેખન :
પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી બાવા સાહેબ(મદ્દે.)

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

અલ્લાહ તઆલા કુરઆન શરીફમાં ફરમાવે છે કે -

**કુલ્લો નફસીન ઝાયકતુલ મૌત.** દરેકને મોતનો સ્વાદ ચાખવાનો છે. આપણા મનમાં વિચાર આવે કે અલ્લાહે એમ ફરમાવ્યું હોત કે દરેકને મોત આવવાનું છે તો બરાબર છે પરંતુ દરેકને મોતનો સ્વાદ ચાખવાનો છે. તો શું એનો સ્વાદ છે ? એનો સ્વાદ કેવો હશે ? એ તો જાણી શકાય તેવું છે જ નહીં કેમકે જે મૃત્યુ પામે છે તે કદી પાછો આવીને કહેતો નથી કે મોતનો સ્વાદ આવો છે.

તો જો મોતના મામલામાં મૂંઝવણમાં પડી જઈએ તો ચાલો કરબલાના મેદાનમાં ઈમામ હુસૈન(અ.) હઝરત કાસિમથી કે જે તેર વર્ષના બાળક છે, પૂછી રહ્યા છે કે તમને મોત કેવું લાગે છે? તો હઝરત કાસિમ તરત જ જવાબ આપે છે કે મને મોત મધ કરતાં પણ વધારે મીઠું લાગે છે. ઈમામ હુસૈન(અ.)એ હઝરત કાસિમથી સવાલ કરીને આપણને બતાવી દીધું કે જે બાબત તમારા ઘરડા લોકો પણ જાણતા નથી તેની હકીકતથી મારા બાળકો વાકેફ છે.

હઝરત કાસિમે એ પણ સમજાવ્યું કે જેઓ હુસૈની છે તેમના માટે મોત મધ કરતાં પણ વધારે મીઠું છે, પરંતુ જેઓ યઝીદી છે તેમના માટે તો મોત ઝેર કરતાં પણ વધારે કડવું છે.

પારા-૨૧, સૂરા-૩૨, આયત-૧૧

**'હે રસૂલ ! તું કહે કે મલેકુલ મૌત, જે તમારા પર નિમવામાં આવ્યો છે તે, અવશ્ય તમારો અંત લાવશે પછી તમે તમારા પરવરદિગારની તરફ ફેરવવામાં આવશો.'**

આ ફરિશ્તો એક છે તેમ છતાં દુનિયામાં દરેક જગ્યાએ, જેના મોતનો સમય આવે છે તેની રૂહ કબ્ઝ કરવા પહોંચી જાય છે. કોઈ તેને રોકી શકતું નથી. તો પછી અલ્લાહના શ્રેષ્ઠ સર્જન કે જેમને અલ્લાહે પોતાના નૂરથી બનાવ્યા છે એવા પંજેતન કે જેમના માટે દરેક વસ્તુનું સર્જન કર્યું છે, જો પંજેતનને પેદા ન કરત તો કોઈ વસ્તુને પેદા ન કરત. તેમાંથી હઝરત અલી(અ.) કે જે અલ્લાહના નૂરથી બનેલા છે, અલ્લાહે તેમને મુશ્કિલકુશા બનાવ્યા છે તે જે પણ વ્યક્તિ મુશ્કેલીમાં સપડાય અને દુનિયામાં જ્યાં પણ હોય; જો તે મદદ માટે બોલાવે તો હઝરત અલી(અ.) પણ તેની મુશ્કિલકુશાઈ કરવા માટે દરેક જગ્યાએ પહોંચી શકે.

પારા-૧૭, સૂરા-૨૨, આયત-૭૫

**'અલ્લાહ ફરિશ્તા તથા માણસોમાંથી રસૂલો ચૂંટી કાઢે છે બેશક અલ્લાહ મોટો સાંભળનારો (અને) જોનારો છે.'**

આપણા મનમાં વિચાર આવે કે મલેકુલ મૌત આદમ(અ.)ના જમાનાથી આપણા જમાના સુધી રૂહ કબ્ઝ કરવાનું કામ કરે છે અને હવે તો દુનિયામાં સમૂહ મોત જ થાય છે. કોઈ જગ્યાએ બોમ્બ ફૂટે, કોઈ જગ્યાએ પ્લેન તૂટે, કોઈ જગ્યાએ ટ્રેનનો અકસ્માત, લઠ્ઠાકાંડ વગેરે, મોત પણ સમૂહમાં થાય છે. હઝરત જીબ્રઈલને હઝરત રસૂલ(સ.)ની વફાત પછી તેમની પાસે કશું કામ રહ્યું નથી તો મલેકુલ મૌતને જીબ્રઈલ પણ મદદ કરે તો મલેકુલ મૌતનું કામ હળવું થાય. શું એક ફરિશ્તો બીજા ફરિશ્તાનું કાર્ય ન કરી શકે ? તો આ આયત પ્રમાણે અલ્લાહે જે ફરિશ્તાને જે કાર્ય સોંપ્યું છે તે જ કામ કરે છે.

એક ફરિશ્તો બીજા ફરિશ્તાનું કાર્ય ન કરી શકે.

પારા-૨૦, સૂરા-૨૮, આયત-૬૮

**'અને તારો પરવરદિગાર જે કાંઈ ચાહે છે પેદા કરે છે અને જેને ચાહે છે તેને ચૂંટી કાઢે છે અને લોકોને ચૂંટવાનો અધિકાર નથી અને જે વસ્તુને આ લોકો ખુદાનો શરીક (ભાગીદાર) બનાવે છે તેમનાથી અલ્લાહ પાક અને ચઢિયાતો છે.'**

આ આયતથી જાણવા મળ્યું કે લોકોને ચૂંટવાનો અધિકાર મળ્યો નથી. તો જ્યારે એક ફરિશ્તાનું કામ બીજો ફરિશ્તો ન કરી શકે તો હઝરત અલી(અ.) કે જે અલ્લાહના નૂરથી બનેલા છે તેમની બરોબરીમાં આપણે માટીમાંથી બનેલા કોઈ બંદાને ચૂંટી કાઢીએ તો તે કઈ રીતે એ જવાબદારી ઉપાડી શકે ?

પારા-૧૮, સૂરા-૨૩, આયત-૧૦૦

**'અને તેમના મૃત્યુ પછી (આલમે) બરઝખ છે જ્યાં એ દિવસ સુધી કે બીજી વાર કબરોમાંથી ઉઠાડવામાં આવશે, રહેવું પડશે.'**

આ આયતથી જાણવા મળ્યું કે મોત પછી બરઝખમાં રહેવાનું હોય છે માટે જ અલ્લાહે મલેકુલ મૌતને કામ સોંપ્યું કે રૂહ કબ્ઝ કર્યા પછી બરઝખ સુધી લઈ જાય. તો તેનો અર્થ એ થયો કે બરઝખ સુધી પહોંચવા માટે પણ આપણે મલેકુલ મોતના વસીલાના મોહતાજ છીએ. તો જે અલ્લાહે મોત પછીના બરઝખ સુધી જવામાં વસીલો મૂક્યો હોય તે શું મહેશરના દિવસે નેક લોકોને જન્નત સુધી લઈ જવા માટે વસીલો મુકર્રર નહીં કરે ?

જેવી રીતે બરઝખ સુધી પહોંચવા માટે પણ વસીલાની જરૂર છે તેવી જ રીતે જન્નત સુધી પહોંચવા માટે પણ વસીલાની જરૂર છે.

પારા-૨૭, સૂરા-૫૩, આયત-૧૩ થી ૧૮

**'અને એમણે આ (જીબ્રઈલ)ને બીજી વાર (મેઅરાજની રાત્રે) જોયો છે સિદ્રતુલ મુન્તહાની નજીક, એની પાસે રહેવા માટેની જન્નત છે જ્યારે કે તે સિદ્રાના ઝાડ પર જે ઢાંકવાનું હતું તે ઢાંકી રહ્યો હતો (તેના સંબંધમાં) ન તો રસૂલની દૃષ્ટિએ ચૂક કરી અને ન તે જોઈએ તે કરતાં હદથી બહાર ગઈ ખચીત જ તેણે પોતાના પરવરદિગારની નિશાનીઓમાંથી મોટી નિશાનીઓ (પ્રત્યક્ષ) નિહાળી.'**

આ આયતથી જાણવા મળ્યું કે હઝરત રસૂલ(સ.) પોતાની હયાતીમાં જ મેઅરાજ વખતે જન્નત સુધી પહોંચી ગયા હતા. સાબિત થયું કે આપ જન્નત સુધીના માર્ગને જાણતા હતા.

હઝરત ઈમામ હસન અસ્કરી(અ.)ની તફસીર પ્રમાણે અલ્લાહે હઝરત આદમ(અ.)ને પંજેતન પાકની ઓળખાણ જન્નતમાં કરાવી અને કહ્યું કે આ મોહંમદ છે અને હું મહેમૂદ છું, મેં તેમનું નામ મારા નામથી રાખ્યું છે. આ અલી છે અને હું અલીએ અઝીમ છું, તેમનું નામ પણ મારા નામથી રાખ્યું છે. આ ફાતિમા છે અને હું ફાતિરૂસ્માવાત વલ અર્ઝ છું. તેનું નામ પણ મેં મારા નામથી રાખ્યું છે. આ હસન અને આ હુસૈન છે અને હું એહસાન કરવાવાળો છું. તેમનું નામ પણ મેં મારા નામથી રાખ્યું છે.

હઝરત રસૂલ(સ.)એ ફરમાવ્યું છે, હસન અને હુસૈન જન્નતના જવાનોના સરદાર છે. અલી જન્નત અને જહન્નમને વહેંચવાવાળા છે. ફાતેમા, ખાતૂને જન્નત છે એટલે કે જેમની ઓળખાણ જન્નતમાં કરાવવામાં આવી હોય અને જન્નતના માલિક હોય તો તેઓ પણ જન્નત સુધી પહોંચવાનો રસ્તો જાણતા જ હોવા જોઈએ.

બરઝખ સુધી પહોંચવા માટે જેમ મલેકુલ મૌતની જરૂર છે તેમ જન્નત સુધી પહોંચવા માટે પંજેતન પાકના સહારાની જરૂર છે. અલ્લાહે પંજેતનને જન્નતનો વસીલો બનાવ્યો છે.

પારા-૨૨, સૂરા-૩૫, આયત-૩૭

**'અને આ લોકો દોઝખમાં પડ્યા પડ્યા**

**કલ્પાંત કરશે કે હે અમારા પરવરદિગાર ! હવે અમને અહીંથી કાઢી લે; તો જે કાંઈ અમે કરતા હતા તેને મૂકીને નેક કામ કરીશું તો (ખુદા જવાબ આપશે કે) શું અમે તેમને એટલું આયુષ્ય નહોતું આપ્યું કે જેમાં જેને જે કાંઈ નિર્ણય લેવો હોય તે લઈ શકે અને તે ઉપરાંત તમારી પાસે એક ખુલ્લો ડરાવનારો પણ આવ્યો હતો, તો હવે પોતાના કરેલા કર્મોનો સ્વાદ ચાખો કારણ કે અહીં જુમલગારોનો કોઈ મદદગાર નથી.'**

આ આયત પ્રમાણે જન્મથી મૃત્યુ સુધી જે ગાળો મળ્યો છે તે ફક્ત ખાઈ-પીને સૂઈ રહેવા માટે કે એકબીજાની પંચાત કરવા કે છાપાં વાંચવા અથવા ન્યૂઝ જોવા માટે નથી મળ્યો પરંતુ આપણને જીવન દરમિયાન હક બાતિલનો વિચાર કરીને સમજીને હક પર ચાલવા માટેનો સમય મળ્યો છે. અને આવી જ રીતે મગજ મળ્યું છે તે સદુપયોગ કરવા માટે મળ્યું છે.

પારા-૧૫, સૂરા-૧૭, આયત-૮૫

**'અને હે રસૂલ ! લોકો તને રૂહ (આત્મા) સંબંધી સવાલ કરે છે તું કહે કે રૂહ (એ) મારા પરવરદિગારના હુકમથી છે અને તમને એ સંબંધી ઘણું થોડું જ્ઞાન આપવામાં આવ્યું છે.'**

જીવન એટલે રૂહ સાથે શરીરનો સંબંધ. રૂહનું જ્ઞાન આપવામાં આવ્યું નથી તેથી તેના વિષે વધારે જાણકારી મળી શકી નથી. બસ એટલું જ જાણી શકીએ છીએ કે રૂહની હાજરીમાં શરીર કાર્ય કરે છે. તે કઈ રીતે દાખલ થાય છે અને કઈ રીતે શરીરમાંથી નીકળી જાય છે તે સમજી શકાતું નથી. જ્યારે શરીર વિષે જ્ઞાન આપેલું છે તેથી માણસે તેના વિષે શરીરશાસ્ત્ર લખ્યું અને સંશોધન કરીને માહિતી મેળવી. કઈ રીતે ભાગેલાં હાડકાં સાંધવાં, ઓપરેશન કરવું, વગેરે જ્ઞાન પ્રાપ્ત કરવામાં આવ્યું. પરંતુ રૂહ વિષે સમજી શકાતું નથી.

પારા-૮, સૂરા-૬, આયત-૧૨૩

**કુરઆન શરીફમાં દુઆના સ્વરૂપે આવેલ આયતો**

# કુરઆની દુઆઓ

૭

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

رَبِّ هَبْ لِىْ مِنْ لَّدُنْكَ ذُرِّيَّةً طَيِّبَةً اِنَّكَ سَمِيْعُ الدُّعَآءِ ﴿٣٨﴾

**રબ્બે હબ્લી મિન્ લદુન્ક ઝુર્રિય્યતન તૈયેબત ઈન્નક સમીઉદ્દુઆઅ.**

(પારો-૩, સૂરએ આલે ઈમરાન, આયત-૩૮)

અર્થ : અય મારા પરવરદિગાર ! મને પણ તારી બારગાહથી નેક વંશજ(પુત્ર) અર્પણ કર, નિ:સંશય તું દુઆનો મહાન સાંભળનાર છે.)

**'શું તે કે જે મડદું હતું પછી તેને અમે સજીવન કર્યું તથા તેને અમોએ પ્રકાશ આપ્યો કે જેના કારણે લોકોમાં હરે ફરે છે તે એ વ્યક્તિ જેવો હોઈ શકે કે જે અંધકારમાં હોય અને તેમાંથી બહાર નીકળી શકતો ન હોય તે જ પ્રમાણે આ નાસ્તિકો જે કાંઈ પણ અમલ કરે છે તે તેમને સારા જ લાગે છે.'**

આ આયતથી સાબિત થાય છે કે મનુષ્યોના બે પ્રકાર છે એક શરીર સમાન અને એક રૂહ સમાન.

મોહંમદ વ આલે મોહંમદને અલ્લાહે નૂરથી પેદા કર્યા એટલે તે રૂહ સમાન છે અને આપણે શરીર સમાન. તો જેવી રીતે અલ્લાહ શરીરને રૂહથી સજીવન કરે છે તેવી જ રીતે શરીર સમાન લોકોને મોહંમદ વ આલે મોહંમદથી જોડીને સજીવન કરે છે. જ્યાં સુધી મોહંમદ વ આલે મોહંમદથી સંબંધ હોતો નથી ત્યાં સુધી માણસ મડદું છે, અજ્ઞાનતાના અંધકારમાં હોય છે અને જ્યારે સંબંધ થઈ જાય તો તે જીવતું છે. તે અજ્ઞાનમાંથી જ્ઞાનના પ્રકાશ તરફ આવી જાય છે.

તમારી મોમિન કોમની વાત કરીએ તો જ્યાં સુધી તમને પીર મળ્યા નહોતા ત્યાં સુધી તમારું અસ્તિત્વ નહોતું. તમે મડદા સમાન હતા. પરંતુ

જ્યારે પીરથી સંબંધ સ્થાપિત થયો તો તમે એક કોમ તરીકે જીવતા થયા અને તમે લોકોમાં માનભેર હરવા ફરવા લાગ્યા. તેનો અર્થ એ થયો કે મોમિન કોમ શરીર સમાન છે અને પીર રૂહ સમાન છે.

તો અલ્લાહ ફરમાવે છે કે રૂહ વિષે થોડુંક જ જ્ઞાન આપવામાં આવ્યું છે માટે રૂહને સમજી શકાય તેમ નથી. મોહંમદ વ આલે મોહંમદ પણ રૂહ સમાન. અલ્લાહ પણ રૂહ સમાન. માટે જ હદીસ છે કે **'મને કોઈએ નથી ઓળખ્યો સિવાય અલ્લાહ અને અલીએ, અલીને કોઈએ નથી ઓળખ્યો સિવાય મારા અને અલ્લાહે, અલ્લાહને કોઈએ નથી ઓળખ્યો સિવાય મારા અને અલીએ.'**

જેવી રીતે શરીરનો રૂહ સાથે સંબંધ સમજમાં નથી આવતો કે કેવી રીતે શરીર રૂહથી જોડાઈ જાય છે, તેવી જ રીતે મોમિન કોમ અને પીરનો સંબંધ પણ સમજમાં આવતો નથી કે કેવી રીતે મુરીદો પીરના ચહેરા તરફ જોઈને ઈમાન લઈ આવ્યા.

ઉમ્મતનો મોહંમદ વ આલે મોહંમદ સાથેનો સંબંધ પણ રૂહાની સંબંધ છે અને મોમિન કોમનો પીર સાથેનો સંબંધ પણ રૂહાની સંબંધ છે.

પારા-૫, સૂરા-૪, આયત-૨૯,૩૦

**'અને તમે તમારું ગળું દબાવીને આત્મહત્યા ન કરો (કેમકે) બેશક અલ્લાહ તમારા પર અતિ રહેમ કરનારો છે અને જે કોઈ બળજબરી અથવા જુલ્મ કરીને તેમ કરશે તો તેને અમે જહન્નમની આગમાં પહોંચાડીશું અને આ વાત અલ્લાહ માટે તદ્દન સહેલી છે.'**

આમ જોવા જઈએ તો આત્મહત્યા કરનાર કોઈને નુકસાન પહોંચાડતો નથી. તેમ છતાં ય અલ્લાહ નારાજ થઈને જહન્નમમાં નાખવાનું કહે છે. અલ્લાહની ઈચ્છા છે કે જેટલું જીવન તેણે લખી આપ્યું છે, તેટલું પૂરું કરવું જ જોઈએ.

આત્મહત્યા કરનાર પોતાની રૂહથી સ્વેચ્છાએ છૂટો થઈ જાય છે. તો પોતાની રૂહથી આપણે સ્વેચ્છાએ છૂટા થઈ જઈએ તો તે ગુનો છે. તેવી જ રીતે મોહંમદ વ આલે મોહંમદથી -રૂહાની બંદાથી આપણે આપણી મરજીથી સંબંધ કાપી નાખીએ તો પણ અલ્લાહના ગુનેગાર થઈશું અને અલ્લાહ જહન્નમાં નાખશે અને એવી જ રીતે મુરીદ પોતાના પીરથી સંબંધ કાપી નાખે તો જાણે કે તે પોતે પોતાની રૂહથી જુદો થઈ ગયો અને તે પણ એટલો જ ગુનેહગાર થશે.

પારા-૪, સૂરા-૩, આયત-૧૬૮, ૧૬૯

**'અને જે લોકો અલ્લાહની રાહમાં માર્યા ગયા છે તેમને હરગિઝ મરણ પામેલા સમજો નહીં, બલ્કે તેઓ પોતાના પરવરદિગાર પાસે જીવતા હોઈ (ઉત્તમ) રોઝી મેળવે છે અલ્લાહે પોતાની કૃપાથી તેમને જે કાંઈ આપ્યું છે તેનાથી તેઓ ખુશ છે અને જે લોકો પાછળ રહી ગયા છે અને અત્યાર સુધી તેમને જઈને મળ્યા નથી તેમના વિષે (આ) વિચારીને આનંદ માણે છે કે તેઓ પણ શહીદ થાય, તો એમના પર કોઈ જાતનો ભય નહીં હોય તેમજ તેઓ દુઃખી થશે નહીં.'**

આ આયતથી જાણવા મળ્યું કે અલ્લાહની રાહમાં માર્યા ગયેલાને જો આપણે મૃત્યુ પામેલા સમજીએ તો આ આયતને જૂઠલાવીને આપણે અલ્લાહના ગુનેગાર ઠરીશું. તેઓ કબરમાં પણ જીવતા છે અને અલ્લાહ પાસેથી રોઝી મેળવે છે અને ખુશ રહે છે. તો પછી સૈયદુશ્શોહદા ઈમામ હુસૈન(અ.) અને કરબલાના શહીદોને મૃત્યુ પામેલા સમજી લઈએ તો કેટલો મોટો ગુનો થશે ? કેમકે તેઓ તો જીવતા છે.

પારા-૨૭, સૂરા-૫૭, આયત-૧૯

**'અને જે લોકો અલ્લાહ પર તથા તેના રસૂલો પર ઈમાન લાવ્યા છે, તેઓ જ તો તેમના પરવરદિગાર પાસે સિદ્દિક અને શહીદનો દરજ્જો ધરાવે છે. તેમના માટે તેમનો બદલો પણ હશે અને નૂર પણ અને જે લોકોએ નાસ્તિકપણું કર્યું તથા**

**અમારી આયતોને જૂઠલાવી, તેઓ જહન્નમી છે.'**

આ આયતથી જાણવા મળ્યું કે અલ્લાહ પર તથા તેના રસૂલો પર ઈમાન લાવવાથી પણ સિદ્દિક અને શહીદનો દરજ્જો મળે છે.

નેહજુલ બલાગા ખુત્બા નં. ૧૭૭

**'નિઃશંકપણે તમારામાંથી જે માણસ અલ્લાહ અને તેના રસૂલ અને તેમના એહલેબયતના હકને ઓળખીને પથારી પણ મૃત્યુ પામે તો તે શહીદ મરે છે.'**

વળી હઝરત અલી(અ.)એ પણ કહ્યું છે કે અલ્લાહ, રસૂલ, અને એહલેબયતના હક્કોને ઓળખીને પથારીમાં પણ મૃત્યુ પામે તો તે શહીદ છે. એટલે કે જેણે અલ્લાહ અને રસૂલ અને એહલેબયતના હક્કને ઓળખી લીધા તે મૃત્યુ પામીને પણ મરતો નથી, પરંતુ તે જીવતો છે.

બીજા શબ્દોમાં જે અલ્લાહ, રસૂલ અને એહલેબયતના હક્કોને ઓળખતો નથી તે જીવતો રહીને પણ મૃત્યુ પામેલા જેવો છે અને જેણે હક્કોને ઓળખી લીધા તે કબરમાં પણ જીવતો છે.

પારા-૬, સૂરા-૫, આયત-૫૫

**'હે ઈમાનદારો ! તમારા માલિક સરપરસ્ત (રક્ષક) અલ્લાહ અને રસૂલ અને તે મોમિન છે કે જેઓ નમાઝ નિયમિત પઢે છે અને રૂકૂઅની સ્થિતિમાં ઝકાત આપે છે.'** (તફસીરે કબીર, મિસર જીલ્દ-૩, પાનુ ૬૧૮ હઝરત અલી(અ.) રૂકૂઅની હાલતમાં ઝકાત આપનાર છે.)

અલ્લાહ પણ ફરમાવે છે કે અલ્લાહ, રસૂલ અને અલી ઈમાનદારોના માલિક અને સરપરસ્ત છે. માટે જો આપણે આપણું ઈમાન સાચવવું હોય તો આપણે અલ્લાહ, રસૂલ અને અલી પર ઈમાન રાખવું જ પડશે. કોઈ એક પરથી ઈમાન ગયું તો આપણે ઈમાનદાર ગણાઈશું નહીં.

પારા-૬, સૂરા-૫, આયત-૫૬

**'અને જે માણસે ખુદા અને રસૂલ તથા આ મોમિનને પોતાના સરપરસ્ત (રક્ષક) બનાવ્યા તો અલ્લાહના લશ્કરમાં દાખલ થઈ ગયો. એમાં તો શંકા નથી કે અલ્લાહનું લશ્કર જ વિજયી રહે છે.'**

આમ આ આયતથી જાણવા મળ્યું કે જેણે અલ્લાહ, રસૂલ અને અલીને પોતાના સરપરસ્ત માની લીધા તે અલ્લાહના લશ્કરમાં દાખલ થઈ ગયો અને અલ્લાહનું લશ્કર જ વિજયી રહેનાર છે. માટે મોમિન જીવે છે તો અલ્લાહના સૈનિક તરીકે, મૃત્યુ પામે છે તો શહીદ તરીકે.

અલ્લાહના લશ્કરની શક્તિ જોવી હોય તો ચાલો કરબલાના મેદાનમાં. હુસૈનીઓ કે જે અલ્લાહ અને રસૂલ અને અલીને પોતાના સરપરસ્ત માનતા હતા, એ હુસૈનીઓમાંથી ૮ અને ૧૦ વર્ષના ઔન અને મોહંમદ અને ૧૩ વર્ષના હઝરત કાસિમ કે જેઓ ત્રણ ચાર દિવસના ભૂખ્યા તરસ્યા હતા છતાં પણ તેમનો સામનો યઝીદી પહેલવાનો કરી ન શક્યા અને જંગની રીત પ્રમાણે, એકની સામે એક, એવી રીતે જંગ ન કર્યો પરંતુ દગા ફટકાથી શહીદ કર્યા. ૭૨ હુસૈનીઓની સામે યઝીદે લાખોનું લશ્કર મોકલ્યું. તે ઉપરાંત હઝરત અબ્બાસ કે જેઓ જંગ કરવા ઈચ્છતા હતા તેમને ઈમામ હુસૈને બચ્ચાઓ માટે પાણીનો બંદોબસ્ત કરવા મોકલ્યા અને જંગથી રોક્યા. એટલે હુસૈનીઓ કેટલા બધા બહાદુર હતા કે તેઓ યઝીદીઓના લશ્કરથી પણ ગભરાયા નહીં.

હવે તમારી મોમિન કોમની વાત કરું. તમે પીર કબીરૂદ્દીન બાવા(રહે.)ના ચહેરા તરફ નજર કરી અને કલમો પઢ્યો. **લાઈલાહા ઈલ્લલ્લાહ મોહંમદુર રસૂલિલ્લાહ અલીય્યુન વલીઉલ્લાહ વ વસીયો રસૂલિલ્લાહ.** એટલે કે તમે એક અલ્લાહનો સ્વીકાર કર્યો, રસૂલનો સ્વીકાર કર્યો અને અલીનો સ્વીકાર કર્યો. તમે પીરના ચહેરા તરફ નજર કરતાં જ અલ્લાહના લશ્કરમાં દાખલ થઈ ગયા. જીવશો તો અલ્લાહના સૈનિક તરીકે, મૃત્યુ પામશો તો શહીદ તરીકે. દુનિયામાં પણ ઈજ્જત મળી અને મૃત્યુ પછી

પણ ઈજ્જત મળી.

પારા-૧૪, સૂરા-૧૬, આયત-૮૯

**'અને એ દિવસને યાદ કરો જે દિવસે અમે દરેક ટોળામાંથી તેમનામાંનો જ ગવાહ(સાક્ષી) તેમની સામે લાવીશું અને પછી હે રસૂલ ! તે સઘળાઓ પર તને સાક્ષી બનાવીને બોલાવીશું અને બેશક અમોએ તારા ઉપર આ કિતાબ (કુરઆન) ઊતારી છે (તેમાં) દરેક વસ્તુનું સવિસ્તર વર્ણન છે અને મુસલમાનો માટે હિદાયત અને રહેમત અને ખુશખબર છે.'**

કયામતમાં અલ્લાહ દરેક ઉમ્મતને અને ટોળાને તેમના ગવાહો સાથે ઊભા કરશે એટલે કે જેમને અલ્લાહે હિદાયત કરવા મોકલ્યા, તેમને જ ગવાહ તરીકે ઊભા કરશે દરેક નબીને તેમની ઉમ્મતના ગવાહ તરીકે ઊભા કરશે.

તમારી કોમને અલ્લાહે પીરથી હિદાયત કરી છે તો તમારા ગવાહ તરીકે પીરને ઊભા કરશે, એટલે કે જેને અલ્લાહે હિદાયત કરવા મોકલ્યા તેમને જ ગવાહ તરીકે ઊભા કરશે. દરેક નબીઓને તેમની ઉમ્મતના ગવાહ તરીકે ઊભા કરશે.

તમારી કોમને અલ્લાહે પીરથી હિદાયત કરી છે તો તમારા ગવાહ તરીકે પીરને ઊભા કરશે. પીર મશાયખ બાવા(રહે.અ.)એ **હિદાયતનામા** બયાન નં. ૮૦માં લખ્યું છે :

**સુનો ભાઈ, પીરકે ઝંડે નીચે તો ઠામ પાઈએ;**
**જો તરીકા પીરકા કમાઈએ જી.**

**ઈસ્લામી કવીઝ નં. ૧૧૮ના જવાબો**

(૧) એક વખત (૨) નમાઝની ક્રિયાઓ બજાવતાં વચ્ચે નિષ્ક્રિયતા ન લાવવી (૩) ખાકે શિફા પર (૪) ગુસલ કર્યા વગર સૂઈ જવું. (૫) માટી તથા માટીના પ્રકારમાં આવતી હોય તેવી વસ્તુ પર (૬) મસ્જિદે અકસા (૭) હારિસ

પારા-૧૫, સૂરા-૧૭, આયત-૭૧

**'જે દિવસે અમે દરેક લોકોને તેના ઈમામ સાથે બોલાવીશું.'**

કયામતમાં અલ્લાહ ઈમામ સાથે બોલાવશે એટલે કે કયામતમાં જ્યારે સૂર ફૂંકાશે તો દરેક પોત પોતાની કબરમાંથી ઉઠશે અને પોતપોતાના સાક્ષી સાથે હશે.

એટલે કયામતમાં ગવાહ તરીકે નબીઓ, ઈમામો, પીરો અને બધાના ઉપર રસૂલ(સ.) ગવાહ તરીકે હશે. તો આ બધા ક્યાં જશે ?

જ્યાં રસૂલ(સ.) હશે ત્યાં ઈમામો હશે અને ત્યાં નબીઓ હશે અને ત્યાં પીરોને ઝંડો આપવામાં આવશે એટલે કે એક જ જગ્યા પર જમા થશે, પોત પોતાના અનુયાયીઓ સાથે. અને જેમણે ઈન્કાર કર્યો હશે તેઓ ગવાહો સાથે રહી નહીં શકે. જે અલ્લાહના ગવાહોની સાથે હશે તેનું જીવન સફળ થશે. *


2Dડ્રોઈંગ...3Dઈમેજ...2Dડ્રોઈંગ...3Dઈમેજ...

Manohar Designs

ઈન્ટીરીયર ડીઝાઈન વીથ કમ્પલીટ ડ્રોઈંગ્સ
સ્પેસ પ્લાનીંગ, પી.ઓ.પી. ડીઝાઈન,
ઈલેકટ્રીકલ, ફલોરીંગ ડીઝાઈન,
ફર્નિચર ડીઝાઈન, કલર સ્ટોરી

3D હાઉસ એલીવેશન
3D ઈન્ટીરીયર ડીઝાઈન
3D ફર્નિચર ડીઝાઈન
3D એનીમેશન

**નજરઅલી જી. આગલોડીયા**
**નુરમોહમંદ જી. આગલોડીયા**
**MOBILE : 090309 79468, 090305 81407**
**email : manohardesigns@gmail.com**

# હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી બાવા સાહેબ(મદ્દે.)એ પઢેલ મજલિસ

**મજલિસ નં. ૯**

અઉઝોબિલ્લાહે મેનશ્શયતાનિર રજીમ.

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

અલ્હમ્દોલિલ્લાહે રબ્બિલ આલમીન વસ્સલાતો વસ્સલામો અલા મોહંમદીંવ વ આલેહીત તૈયેબીન. (સલવાત)

હઝરત ઈમામ હુસૈન(અ.)એ અરફાના દિવસે અરફાતના મેદાનમાં માગેલી દુઆ આપણે આગળ વાંચીએ.

**અય વો કે જીસને રિફઅતો બુલંદીકો અપને લીયે મખ્સૂસ કર રખ્ખા હૈ.** તે એવો અલ્લાહ કે જેણે ઊંચાઈને પોતાના માટે નક્કી કરીને રાખેલી છે. **ઔર ઉસકી ઈઝ્ઝત સે ઉસકે અવલિયા કો ઈઝ્ઝત હાસિલ હૈ.** અને જે પોતાની ઈઝ્ઝત વડે પોતાના વલીઓને ઈઝ્ઝત આપે છે. **અય વો કે જીસકી બારગાહ મેં બડે બડે બાદશાહ તૌકે ઝિલ્લત અપની ગરદનોં મેં ડાલે હુએ હૈ.** જ્યારે મોટા મોટા બાદશાહો અલ્લાહ સામે ઝૂકે છે તો એવી રીતે ઝૂકી જાય છે જાણે કોઈ ભિક્ષુક હોય. **ઔર ઉસકી હયબતો શૌકત કે સામને ખાઈફ રહેતે હૈ.** અને એવા બાદશાહો અલ્લાહ સામે ડરેલા રહે છે.

હઝરત ઈમામ હુસૈન(અ.) કુરઆન શરીફની આયતની તિલાવત કરે છે : **યા અઅ્લમો ખાએનતલ્ અઅ્યોને વમા તુખ્ફીસ્ સોદૂર** (સૂરએ ગાફેર (મોમિન), આયત-૧૯) તરજુમો : **વો નિગાહોં કી ખયાનત ઔર દિલોં કે પોશીદા અસરાર સે આગાહ હૈ.** આપણી નજર ક્યારે વ્યાજબી,હલાલ જગ્યા ઉપર જાય છે, ક્યારે નથી જતી, ક્યારે આપણે ચોરી કરી લઈએ છીએ. એ વસ્તુથી પણ અલ્લાહ વાકેફ છે, ભલે બંદાઓથી આપણે ચાલાકીથી બચી જઈએ અને આખી દુનિયાથી આપણા દિલોમાં ભેદને છુપાવીને આપણે નિશ્ચિંત રહેતા હોઈએ કે અમારા દિલોના ભેદ કોઈ જાણતું નથી એવા ભેદો પણ અલ્લાહ જાણતો જ હોય છે. **ઔર ઝમાને કે અંદર પોશીદા તમામ અસરાર કો જાનતા હૈ.** અને સમયની અંદર જે પણ ભેદો છે તે બધા ભેદને અલ્લાહ જાણે છે.

**અય વો કે જીસકે બારેમેં ઉસકે સિવા કોઈ નહીં જાનતા કે વો કૈસા હૈ ?** અલ્લાહ પોતે કેવો છે તે બાબત પણ અલ્લાહ સિવાય કોઈ જાણતું નથી. **અય વો કે જીસકે બારેમેં ઉસકે સિવા કોઈ નહીં જાનતા કી વો ક્યા હૈ ?** અલ્લાહ શું છે તે પણ અલ્લાહ સિવાય કોઈ જાણતું નથી. **અય વો કે જીસને ઝમીન કા ફર્શ પાની પર બિછાયા.** અલ્લાહ એ છે કે જેણે પાણી ઉપર જમીનને ઊભી કરી. **ઔર હવા કો આસમાન કે ઝરીયે રોક દીયા** અને હવાને આકાશ વડે રોકી લીધી. **અય વો કે જીસકા નામ સબ નામોં સે બડા હૈ.** અલ્લાહ એ છે કે જેનું નામ બધા નામો કરતાં મોટું નામ છે.

**અય ઐસી ખૂબીયાં કે માલિક! જીસકી ખૂબીયાં કભી ખત્મ નહીં હુઈ.** અલ્લાહ જે પણ ખૂબીઓ આપે, એની જે પણ વિશેષતાઓ છે, જે પણ બક્ષિસ છે, એ બંદાઓને કરે તે અનંત છે. એમનો અંત કદી આવતો નથી. **અય યૂસુફ અલયહિસ્સલામકે વાસ્તે કાફલે કો બયાબાન મેં રોકનેવાલે !** યૂસુફ(અ.) ને જયારે તેમના ભાઈઓએ દગો આપ્યો અને જંગલમાં છોડીને ચાલ્યા ગયા ત્યારે એક કાફલો આવીને હઝરત યૂસુફ(અ.)ને પોતાની સાથે ઉઠાવીને આગળ વધ્યો. એ કાફલાને મોકલનાર પણ અલ્લાહ જ હતો. **ઔર કૂએં સે નિકાલનેવાલે !** યૂસુફ(અ.)ને કૂવામાંથી કાઢવાવાળો પણ અલ્લાહ જ હતો. **ઔર**

**ગુલામી કે બાદ ઉનકો બાદશાહત અતા કરનેવાલે!** યૂસુફ(અ.)ને એ કાફલાવાળાઓએ ગુલામીમાં લઈ લીધા હતા અને આવી રીતે તેમની જાન બચી ગઈ હતી. અને તે પછી જે જગ્યાએ ગુલામ બનીને હઝરત યૂસુફ(અ.) ગયા હતાં, ત્યાંના બાદશાહ બની ગયા હતા અને એ પણ અલ્લાહે બનાવ્યા હતા. અને આ ગુલામીમાંથી બાદશાહ બનાવવાનું કાર્ય અલ્લાહે ફક્ત યૂસુફ(અ.) સુધી સીમિત નથી રાખ્યું. આજના ઈતિહાસમાં પણ તમે જુઓ. ઘણા બધા એવા છે, છાપામાં વાંચો કે ઈતિહાસ વાંચો કે આજુબાજુ નજર કરો, તમને દરેક જગ્યાએ એવા લોકો મળશે કે જેમણે ગરીબાઈમાં બાળપણ વ્યતીત કર્યુ હતું અને મોટા થતાં થતાં લખપતિ કે કરોડપતિ બની ગયા છે.

**અય યૂસુફ અલયહિસ્સલામકો યાકૂબ અલયહિસ્સલામકે પાસ ઉસ વકત વાપિસ કરનેવાલે.** યૂસુફ(અ.)ને તેમના પિતા યાકૂબ(અ.) પાસે મોકલી દેવાવાળો પણ અલ્લાહ જ હતો.

તે વિશે કુરઆન શરીફની આયત તિલાવત ફરમાવે છે : **અબયઝ્ઝત ઐનાહો મેનલ હુઝને ફહોવ કઝીમ.** (સૂરએ યૂસુફ, આયત-૮૪) **યાકૂબ અલયહિસ્સલામકી આખેં ગમોઅંદોહ સે સફેદ હો ગઈ થી.** કુરઆન શરીફમાં છે કે હઝરત યાકૂબ(અ.), હઝરત યૂસુફ(અ.)ના વિરહમાં રડતાં રડતાં એટલું રડ્યા કે તેમની આંખો સફેદ પડી ગઈ અને આપ જોઈ નહોતા શકતા. **બાવઝુદ યે કે વો અપને ગમોઅંદોહ કો ઝબ્ત કીયે હુએ થે.** એવી હાલતમાં કે પોતાના દુઃખને પોતાની અંદર રાખી રહ્યા હતા એવી પરિસ્થિતિમાં આપની આંખો જતી રહી હતી.

**અય ઐયૂબ અલયહિસ્સલામકે રંજો અલમ દૂર કરનેવાલે !** હઝરત ઐયૂબ(અ.)નું દુઃખ દૂર કરવાવાળો પણ અલ્લાહ જ હતો.

**અય ઈબ્રાહીમ અલયહિસ્સલામકો બૂઢાપે મેં ઉનકા હાથ પકડકર બેટે કો ઝિબ્હ કરને સે રોકનેવાલે !** ઘડપણમાં હઝરત ઈબ્રાહીમ(અ.)એ પોતાનું સપનું સાચું કરવા માટે હઝરત ઈસ્માઈલ(અ.)ને જ્યારે ઝિબ્હ કરવાની તૈયારી બતાવી ત્યારે તેમનો હાથ રોકી લેવાવાળો પણ અલ્લાહ પોતે જ હતો.

**અય વો ખુદા જીસને ઝકરિયા અલયહિસ્સલામકી દુઆ કુબૂલ કી ઔર ઉન્હેં યહ્યા અલયહિસ્સલામ જૈસા ફરઝંદ અતા કીયા.** હઝરત ઝકરિયા(અ.)ને એમની ઉંમરે યહ્યા(અ.) જેવો અઝીમુલ મર્તબત દીકરો આપનાર પણ અલ્લાહ જ હતો. **ઔર ઉન્હેં અકેલા નહીં રહેને દીયા.** અને તેમની વૃધ્ધાવસ્થાનો એક સહારો આપી દીધો અલ્લાહે.

**અય વો ખુદા જીસને યૂનુસ અલયહિસ્સલામકો શિકમે માહી સે નિકાલા.** માછલીના પેટમાંથી હઝરત યૂનુસ(અ.)ને કાઢનારો પણ અલ્લાહ જ હતો.

**ઔર અય વો કે જીસને બની ઈસરાઈલ કે વાસ્તે દર્યા કે સીને કો શિગાફતા કીયા.** બની ઈસરાઈલ માટે નાઈલ નદીને બે ભાગમાં વહેંચી દેનાર અને વચ્ચે રસ્તો કાઢનાર પણ અલ્લાહ જ હતો. **ઔર ઉન્હેં નજાત દે દી.** અને તેમને ફિરઔનીઓથી છુટકારો આપી દીધો. **ઔર ફિરઔન કો મએ લશ્કર ઉસમેં ડુબો દીયા.** અને પછી એ જ નદીમાં ફિરઔનીઓને ડૂબાડી દેનારો પણ અલ્લાહ જ હતો. **અય વો ખુદા જીસને રહેમત કી બશારત દેને કે લીયે હવાઓં કો ચલાયા.** હવા, પવન જ્યારે આપણને ડરાવે નહીં, ડરાવે તો સમજી લેવાનું કે અલ્લાહનો ગઝબ છે. ડરાવે નહીં ત્યારે સમજી લેવાનું કે અલ્લાહ ખુશખબર આપવા માટે હવા ચલાવી રહ્યો છે.

હઝરત ઈમામ હુસૈન(અ.) ફરમાવે છે કે, **અય વો ખુદા જીસને રહેમત કી બશારત દેને કે**

**લીયે હવાઓં કો ચલાયા.** બિલકુલ મધ્યમ મધ્યમ હવા ચાલતી આવે તો સમજી લેવાનું અને અલ્લાહનો શુકર અદા કરવાનો કે અલ્લાહની રહેમતની કોઈ ખુશખબર આવી રહી છે. **અય વો કે જીસને અપની મખ્લૂક કી માસિયત પર ઉનકે અઝાબ મેં જલ્દી નહીં કી.** અલ્લાહ એ છે કે તેના બંદાઓ ગુનાહ પર ગુનાહ કરતા રહ્યા અને અઝાબ આપવામાં તેણે મોડું કર્યું કે કદાચ મારા બંદાઓ સુધરી જાય અને મારે અઝાબ ન આપવો પડે, તેમ અલ્લાહ ઢીલ આપતો જ જાય છે આપતો જ જાય છે. છેવટે બંદા એટલી જીદ ઉપર ચડે છે કે પછી જો અલ્લાહ અઝાબ ન આપે તો નિર્દોષોનો હક છીનવાઈ જાય. એવી પરિસ્થિતિમાં જ્યારે દોષીઓ દોષ કરતા જાય છે ત્યારે અલ્લાહનો અઝાબ આવે છે અને નિર્દોષ લોકોને બચાવી લેવામાં આવે છે. તો અલ્લાહ દોષીઓને - ગુનેહગારોને પણ અઝાબમાં નાખતો નથી એ આશયથી કે કદાચ ગુનેહગારો સુધરી જાય અને મારે અઝાબ મોકલવો ન પડે.

**અય વો કે જીસને (મૂસા કે મુકાબલે મેં આનેવાલે) જાદૂગરોં કો ઉનકે તવીલ કુફરો ઈન્કાર કે બાદ નજાત દે દી.** હઝરત મૂસા(અ.)ની સામે જે જાદૂગરો આવ્યા હતા, પોતાનો જાદૂ દેખાડવા માટે એ ફિરઔનને માનતા હતા અને અલ્લાહનો ઈન્કાર કરતા હતા અને ઘણાં વર્ષો સુધી ફિરઔનના દરબારમાં એ લોકો રહ્યા હતા અને ફિરઔનને એ જાદૂગરો પર ગર્વ હતો કે મારી પાસે એવા જાદૂગરો છે કે જે દુનિયામાં બીજા કોઈની પાસે નથી. હઝરત મૂસા(અ.)ના મોઅજિઝા જોઈને જાદૂગર સમજી ગયા કે આ મોઅજિઝો છે આ જાદૂ નથી. તરત જ અલ્લાહને સજદો કરી લીધો કે આ સાચો અલ્લાહનો હાદી છે. અહીયાં ઝૂકવું જ જોઈએ. આ જોઈને વર્ષો સુધી કુફ્રમાં રહેવા છતાં અલ્લાહે જાદૂગરોને માફ કરી દીધા અને તેમને નજાત(મોક્ષ) આપી દીધી. **હાલાંકિ વો નેઅમતોં મેં રહ કર ઉસકા રિઝક ખાતે ઔર ઉસકે બજાય ગૈર કી ઈબાદત કીયા કરતે થે.** જાદૂગરો કેવા હતા ? ફિરઔનના દરબારમાં હતા ત્યાં ખોટ શાની હોય ? બધી વસ્તુઓ તેમને મળી રહેતી હતી. તો જે પણ ફિરઔનના દરબારમાં તેમને મળતું હતું તે હતું તો છેવટે અલ્લાહનું જ ને ? અને તેમ છતાંય તે અલ્લાહની રોઝી કમાતા હતા અને અલ્લાહ સિવાય બીજાને ઝૂકતા હતા. એવી રીતે વર્ષો ગાળ્યાં તેમ છતાંય અલ્લાહે તેમને માફ કરી દીધા.

**ઉન લોગોંને ખુદા સે દુશ્મની કી, ઉસકા શરીક ઠહેરાયા ઔર ઉસકે રસૂલોં કો ઝુટલાયા** અને એવી પરિસ્થિતિમાં એમનો એટલો બધો દોષ હતો કે એ લોકો અલ્લાહથી દુશ્મની કરતા હતા, શિર્ક કરતા હતા અને અલ્લાહે મોકલેલા તેના રસૂલોને જૂઠલાવતા હતા. તેમ છતાંય એક જ સજદો કરી લીધો, હાદીને ઝૂકી ગયા અને અલ્લાહે માફ કરી દીધા.

**અય ખુદા ! અય ખુદા !** હઝરત ઈમામ હુસૈન(અ.) ફરમાવે છે કે યા અલ્લાહ ! યા અલ્લાહ! **અય (ખિલ્કત કી) ઈબ્તેદા કરનેવાલે !** અય સર્જનની શરૂઆત કરવાવાળા ! **અય ઈઝાદ કરનેવાલે !** અય દરેક વસ્તુનું સર્જન કરવાવાળા ! **તેરા કોઈ શરીક નહીં હૈ.** કોઈ તારો શરીક છે જ નહીં. **અય વો ઝાતે દાઈમ જીસકે લીયે ઈન્તેહા નહીં હૈ.** અય દાઈમ, એટલે દવામવાળી, હંમેશાં રહેવાવાળી, જેનો કોઈ અંત ન હોય. અલ્લાહની જાત દાઈમ જાત છે, જેનો કોઈ અંત નથી. ઈમામ હુસૈન(અ.) એ સિફતથી યાદ ફરમાવે છે અલ્લાહને કે, **અય વો ઝાતે દાઈમ જીસકે લીયે ઈન્તેહા નહીં હૈ.** અય અલ્લાહ ! તારા માટે કોઈ અંત છે જ નહીં.

**અય વો હઈ જો ઉસ વક્ત ભી થા જબ કોઈ**

**નહીં થા. અલ્લાહો હય્યુલ કય્યુમ** આપણે કુરઆન શરીફમાં વાંચીએ છીએ - આયતુલ કુરસીમાં તો હઈ એટલે જીવિત જેની અંદર હયાત હોય તેને અરબીમાં હઈ કહેવામાં આવે છે. હઝરત ઈમામ હુસૈન(અ.) અલ્લાહની એ સિફતને યાદ કરે છે. તું એ સમયે પણ હઈ હતો, જીવિત હતો, હયાત હતો જ્યારે હયાત જ નહોતી ત્યારે પણ અલ્લાહ જીવિત હતો, હઈ હતો. **મુર્દો કો ઝિંદા કરનેવાલે.** અલ્લાહની એ પણ સિફત છે કે મડદાઓને જીવિત કરે છે. કુરઆન શરીફમાં વારે ઘડીએ છે કે શંકા કરનારા શંકા કરે જ છે અને કરતા જ રહેશે. પરંતુ સમય આવશે ત્યારે બધાને ખબર પડી જશે કે આમ થવાનું હતું અને થઈને રહ્યું.

**અલ્લાહથી દુઆ કરીએ કે અલ્લાહ આપણને હઝરત ઈમામ હુસૈન(અ.)ના સાચા અઝાદાર બનાવે. ***

(ઈલોલ તલાવ, તા.૨૪-૧૦-૨૦૦૯, શનિવાર)


**પ્રો. જી. કે. સુણસરા**
**(સેવાણીવાળા)**

**બેસ્ટ રેડીમેડ ક્લોથ એન્ડ ટેલર્સ**

**● રેડીમેડ ●**
* જીન્સ * ટી.શર્ટ * શોર્ટ શર્ટ * સ્લીમ શર્ટ * કારગો * ઝભ્ભા-લેંઘા * ટ્રાઉઝર્સ * નાઈટ ડ્રેસ વિગેરે.

**● ક્લોથ ●**
શુટીંગ તથા શર્ટીંગ

**● ટેલર્સ ●**
પેન્ટ, શર્ટ, શુટ, સફારી ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે.

**૧૨, આશિષ શોપીંગ સેન્ટર, જાફરીબાગ, સિધ્ધપુર.**
**ફોન : (૦૨૭૬૭) (દુ.) ૨૨૨૪૪૦ (ઘર) ૨૮૪૪૪૦**


## General Knowledge Corner (108)

**(૧) ઈંગ્લેન્ડની રાષ્ટ્રીય રમત કઈ છે ?**
(A) ક્રિકેટ (B) વૉલીબોલ
(C) પોલો (D) બેડમિન્ટન

**(૨) કલાકના ૧૮૦૦ થી ૨૦૦૦ કિ.મી.ની સ્પીડે, વીજળીની ઝડપે અને તે પણ ગમે ત્યારે ગુલાંટ ખવડાવી ઉડાવાતું વિમાન કયું છે?**
(A) મિગ-૨૭ ML (B) ML-૮
(C) IL-૭૬ (D) સુખોઈ

**(૩) ખગોળ વિજ્ઞાનના વિખ્યાત ગ્રંથ 'સૂર્ય સિધ્ધાંત'ના રચયિતા કોણ છે?**
(A) નાગાર્જુન (B) આર્યભટ્ટ
(C) વરાહમિહિર (D) ચરક

**(૪) ડાયનેમાઈટના શોધક કોણ હતા ?**
(A) બ્રિગ્યુએટ (B) જયોર્જ સેલી
(C) આલ્ફ્રેડ નોબેલ (D) પ્રિસ્ટલ

**(૫) મહેંદી નવાઝ જંગ-એ ગુજરાત રાજ્યના પ્રથમ ............ હતા ?**
(A) મુખ્યમંત્રી (B) નાણાં પ્રધાન
(C) ગવર્નર (D) ગૃહમંત્રી

**(૬) પેગોડાના દેશ તરીકે ઓળખાતો દેશ કયો?**
(A) મ્યાનમાર (B) સ્વિડન
(C) થાઈલેન્ડ (D) ન્યૂઝિલેન્ડ

**(૭) હાલના ખેડા ગામનું પ્રાચીન નામ શું હતું?**
(A) ખડાણા (B) ખદેશ્વર
(C) ખેટક (D) ખેડિયા

**(૮) નીચેનામાંથી અમેરિકન જાસૂસી તંત્ર કયું છે?**
(A) ABI (B) FBI
(C) AID (D) FID

**(૯) ઈતિહાસકાર અને કવિ 'અબુલ ફઝલ'નું નામ કયા મોગલ સામ્રાજ્ય સાથે જોડાયેલું છે?**
(A) જહાંગીર (B) હુમાયુ
(C) બાબર (D) અકબર

# હિદાયતનું નૂર

**લેખન : જનાબ સૈયદ નદીમએહમદ ડી. જાફરી (અમદાવાદ)**

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

*અત્યારે હાલ ભારે વરસાદ વરસી રહ્યો છે અને હું મારા ઓરડામાં લૅપટોપ પર કામ કરી રહ્યો છું. બહારની બાજુએ અંધારું છે અને મેં **લાઈટો ચાલુ કરી દીધી** છે કેમકે આવી પરિસ્થિતિમાં મારા માટે કામ કરવું મુશ્કેલ છે. મને સમજાયું કે **મારી આંખો લાઈટ** ઉપર **કેટલી બધી આધારિત હતી !***

*ગઈ કાલે સાંજે મેં એક સદ્‌ગૃહસ્થને પોતાના હાથમાં **ટોર્ચ સાથે** રસ્તા ઉપર ચાલતા જોયા; **પ્રકાશ તેમને રસ્તા ઉપર માર્ગદર્શન આપી રહ્યો હતો** અને વરસાદે સર્જેલા ખાડાઓથી બચવામાં તેમને મદદ કરી રહ્યો હતો.*

*પ્રકાશ ઉપર આધાર રાખવાની બાબત ઘણાં વર્ષોથી ચાલતી આવી છે. **આપણા જીવનને અજવાળવા માટે અને અંધકારને દૂર કરવા માટે** આપણે પ્રકાશના એક અથવા બીજા સ્વરૂપનો ઉપયોગ કર્યો છે.*

*આજે આપણી પાસે ઈચ્છા મુજબ વાપરીએ એવો પ્રકાશનો લાંબા સમય સુધી ચાલે એવો સ્રોત છે. આવું મહાન કાર્ય ઈ.સ. ૧૮૭૯માં કરવા બદલ થૉમસ એડિસનનો ખૂબ ખૂબ આભાર. વિદ્યુતશક્તિની શોધ થતાંની સાથે જ આપણાં જીવન હંમેશ માટે બદલાઈ ગયાં. અત્યારે આપણી પાસે પ્રકાશનો સતત સ્રોત ઉપલબ્ધ છે. આ **પ્રકાશ આપણી દૃષ્ટિને બળવાન બનાવે છે,** આપણા જીવનમાંથી **અંધકારને દૂર કરે છે.***

*→ આપણી **આંખોમાં વસ્તુઓને જોવાની અને ઓળખવાની શક્તિ** રહેલી છે, **પરતુ અંધકારમાં નહીં.** આપણી દૃષ્ટિના **સમર્થન માટે અને દૃષ્ટિને સતેજ બનાવવા** માટે આપણે પ્રકાશના થોડા બાહ્ય સ્રોત ઉપર આધારિત છીએ. પ્રકાશનો બાહ્ય સ્રોત કોઈ બલ્બ, ટોર્ચ કે ટ્યુબ લાઈટ હોઈ શકે છે. ફરીથી પાછા આપણે **પ્રકાશના સૌથી શક્તિશાળી સ્રોતની** ઈચ્છા કરીએ જેથી **આપણે વસ્તુઓને સ્પષ્ટ રીતે જોઈ શકીએ.** અમુક સંજોગોમાં જો ટોર્ચ પૂરતો પ્રકાશ ન આપતી હોય તો આપણે વધારે સારા દૃશ્ય માટે જેમ બને તેમ જલ્દી તેને બદલી નાખીએ છીએ.*

ભૌતિક વસ્તુઓને **જોવા માટે** આપણે **આપણી આંખો** ઉપર આધારિત હોઈએ છીએ. અને જ્યારે આપણે આધ્યાત્મિકતાની **લાગણીનો અનુભવ કરવો હોય** તો આપણે **આપણા ઈમાન** ઉપર આધારિત હોઈએ છીએ. અલ્લાહ ભૌતિક રીતે તો કદી દેખાવાનો નથી પરંતુ આપણે આપણા ઈમાન દ્વારા તેને જોઈ શકીએ છીએ. અલ્લાહે જે કંઈ પેદા કર્યું છે તે બધી અલ્લાહની નિશાનીઓ છે અને આપણે તેનાં સર્જનોને જોઈએ છીએ અને **ઈલાહી હાજરીનો અનુભવ કરીએ છીએ.** આ રીતે આપણું ઈમાન જ **આપણી આધ્યાત્મિક આંખ** છે. આપણે આપણા ઈમાન દ્વારા ઈલાહી હાજરીને જોઈએ છીએ અને અનુભવ પણ કરીએ છીએ. જે રીતે **અંધકારમાં આંખની જોવાની શક્તિ નબળી બની જાય છે** એવી જ રીતે કોઈક વાર **અત્યાચારો અને હાડમારીઓ** આપણા **ઈમાનને** કદાચ **નિર્બળ બનાવે** ય ખરાં.

તો પછી ચાલો આપણે **આધ્યાત્મિક પ્રકાશનો સૌથી શક્તિશાળી સ્રોત** શોધવાનો પ્રયત્ન કરીએ કે જે આપણા ઈમાનને મજબૂત બનાવે છે અને આપણને સર્વોત્તમ દૃષ્ટિ પ્રદાન કરે છે.

સૂરએ અશ્શુરાની નીચેની આયતમાં અલ્લાહ(સુ.વ.ત.) ફરમાવે છે :

● **'અને એવી જ રીતે અમોએ અમારા હુકમથી આ કુરઆન તારી પાસે <u>વહી દ્વારા</u> મોકલ્યું; આ પહેલાં તું જાણતો ન હતો કે કિતાબ શી વસ્તુ છે, અને ન આ કે ઈમાન શું છે, પરંતુ અમોએ તે (કુરઆન)ને <u>એક નૂર બનાવ્યું,</u> જે વડે અમે અમારા બંદાઓમાંથી <u>જેને ચાહીએ હિદાયત કરી દઈએ છીએ;</u> અને નિઃસંશય (હે રસૂલ !) તું <u>સન્માર્ગ તરફ જ હિદાયત કરે છે.</u>**

(સૂરએ અશ્શુરા, આયત-૫૨)

ઉપરોક્ત આયત ઉપરથી આપણને બે પાઠ શીખવા મળે છે તે એ છે કે **કુરઆન ચોક્કસપણે અલ્લાહનું નૂર (પ્રકાશ) છે અને રસૂલ (સ.) હંમેશાં આપણને સીધા રસ્તા તરફ જ દોરવાના.** કુરઆન ત્યારે જ આપણને માર્ગદર્શન (હિદાયત) આપશે જ્યારે કે આપણે રસૂલ(સ.)એ બતાવેલો માર્ગ અપનાવીશું.

ઉપર દર્શાવેલી આયત વધુમાં જણાવે છે :

● **'માટે અલ્લાહ પર તથા તેના <u>તેના રસૂલ</u> પર તથા <u>તે નૂર પર કે જેને અમોએ ઉતાર્યું છે, ઈમાન લાવો;</u> અને તમે જે કાંઈ કરો છો તેનાથી અલ્લાહ સારી પેઠે માહિતગાર છે.'**

(સૂરએ તગાબુન, આયત-૮)

ઉપરોક્ત આયતમાં અલ્લાહ(સુ.વ.ત.) એક ખાસ પ્રકારના નૂર(પ્રકાશ)નો સંદર્ભ આપે છે કે જેને તેણે **રસૂલ(સ.)ની સાથે નીચે ઉતાર્યું છે.** વળી આપણને આ નૂર (પ્રકાશ) ઉપર ઈમાન લાવવાનો હુકમ કરે છે. જ્યારે આપણે આ બન્ને આયતો વાંચીએ અને તેમના ઉપર ચિંતન-મનન કરીએ તો આપણને સમજાશે કે તગાબુનની આયતમાં જે **'નૂર'**નો ઉલ્લેખ થયો છે તે નૂર અશ્શુરાની આયતમાં ઉલ્લેખ થયેલા **'નૂર'**થી અલગ છે કેમકે અશ્શુરાની આયતમાં અલ્લાહ(સુ.વ.ત.)એ ફરમાવ્યું છે કે રસૂલ(સ.) ઉપર **કુરઆન 'વહી'ના સ્વરૂપમાં નાઝિલ કરવામાં આવેલ છે.**

રસૂલ(સ.)એ જે ફરમાવ્યું છે તેના ઉપર જો આપણે આપણું ધ્યાન કેન્દ્રિત કરીએ તો **'નૂર'**ની બાબતમાં આપણે વધારે સ્પષ્ટતા મેળવી શકીશું.

● **'અલ્લાહે આદમ(અ.)ને પેદા કર્યા તેના <u>ચૌદ હજાર (૧૪૦૦૦) વર્ષ પહેલાં હું પોતે અને અલી અલ્લાહના હાથમાં એક જ નૂર(ના સ્વરૂપમાં)</u> હતા. જ્યારે અલ્લાહે આદમ(અ.)ને પેદા કર્યા તો તેણે તેને બે ભાગમાં વિભાજિત કરી દીધું, <u>એક ભાગ હું છું અને એક ભાગ અલી.'</u>**

● **'તેણે મને અને અલીને એક જ નૂરમાંથી પેદા કર્યા છે.'**

(સંદર્ભ : ઈમામ એહમદ ઈબ્ને હમ્બલે તેમની ફઝાઈલમાં, ભાગ-૨, પેજ-૬૩૩, રિવાયત નં. ૧૧૩૦ અબ્દુર્રઝઝાકથી, મુઅમ્મરથી, અલ ગુહરીથી, ખાલિદ ઈબ્ને મુદાનથી, ઝાદાનથી, સલમાન અલ ફારસીથી, મિઝાન અલ એ'તિદાલ અઝ અલ દહાહાબી, ભાગ-૧, પેજ-૨૩૫, અલ રિયાધ અલ નદીરાહ અઝ અલ મુહિબ. અલ તબરી ભાગ-૨, પેજ-૧૬૪, ભાગ-૩, પેજ-૧૫૪, તારીખ ઈબ્ને અસાકિર)

આ રીતે કુરઆનની સાથે સાથે રસૂલ(સ.) અને મૌલા અલી **'નૂર'**(પ્રકાશ) છે અને એટલા માટે જ તો રસૂલ(સ.)એ વધુમાં આપણને ફરમાવ્યું છે :

● **અલી કુરઆનની સાથે છે <u>અને કુરઆન અલીની સાથે છે.</u> અને આ બન્ને એક બીજાથી <u>કદી અલગ નહીં થાય</u> ત્યાં સુધી કે તે બન્ને મને હૌઝે કૌસર પર આવીને મને મળે.** (સંદર્ભ : જામ'એ સગીર, પેજ-૫૬, કન્ઝુલ અમ્માલ, પેજ-૩૦, ઈઝાલુતુલ ખિફા મકસદ, ભાગ-૨, પેજ-૨૭૯)

→ તેથી હવે તો સિધ્ધ થઈ ગયું કે **અલ્લાહ નૂર છે, કુરઆન નૂર છે, રસૂલ(સ.) નૂર છે અને મૌલા અલી નૂર છે.** મૌલા અલી હિદાયતનું એવું નૂર છે કે જેને રસૂલ(સ.)ની સાથે જ નીચે મોકલવામાં

આવ્યું હતું અને **સીધા માર્ગ ઉપર** (અડીખમ) રહેવા માટે અને **હિદાયત પ્રાપ્ત કરવા માટે** આપણે તેમને અનુસરવાનું છે.

ઉપરોક્ત પરિણામને વધારે પ્રમાણભૂત બનાવવા માટે મને થોડી વધારે આયતો ટાંકવા દો અને તેના ઉપર મનન કરવા દો.

સૂરએ નૂરમાં અલ્લાહ(સુ.વ.ત.)એ **પોતાના નૂરની** વ્યાખ્યા આ રીતે કરી છે :

- **'અલ્લાહ આકાશ તથા પૃથ્વીનું નૂર (પ્રકાશ) છે; તેના <u>નૂરનો દાખલો એક ગોખલાના જેવો છે</u> કે જેમાં <u>એક દીવો બળતો હોય;</u> અને તે દીવો કાચના એક ફાનસમાં (મૂકેલો) હોય; અને તે ફાનસ એવું હોય જેવું કે એક ઝગમગતો તારો, અને તે ઝયતુનના <u>મુબારક વૃક્ષ</u>ના તેલથી રોશન થયેલો હોય, <u>જે ન પૂર્વ(બાજુ)નો હોય, ન પશ્ચિમ (બાજુ)નો,</u> પાસે છે કે તેનું તેલ આપમેળે (રોશન થઈ) પ્રકાશિત થઈ જાય, (પછી) ભલેને તેને આગ અડકે પણ નહીં; <u>નૂર ઉપર નૂર છે; અલ્લાહ જેને ચાહે છે તેને પોતાના નૂર તરફનો માર્ગ દેખાડી દે છે;</u> અને અલ્લાહ લોકો માટે (આવા સ્પષ્ટ) દાખલા વર્ણવે છે; અને અલ્લાહ દરેક વસ્તુનો જાણકાર છે.'** (સૂરએ નૂર, આયત-૩૫)

હસન અલ બસરી, અબ્દુલ હસન મગાઝિલ અને શાફઈએ જણાવ્યું છે કે અહીં **ગોખલા** (તાક)નો અર્થ **જનાબે ફાતેમા(અ.)** થાય છે. **રોશન ચિરાગ** (દીવા)નો અર્થ હસન(અ.) અને હુસૈન(અ.) થાય છે. **મુબારક વૃક્ષ (મુબારક દરખ્ત)**નો અર્થ પયગમ્બર ઈબ્રાહીમ(અ.) થાય છે. **'નૂરૂલ અલા નૂર'** (નૂર ઉપર નૂર) એક પછી બીજા ઈમામના આવવાનો અછડતો ઉલ્લેખ કરે છે. અને **'ખુદા પોતાના નૂર તરફનો માર્ગ દેખાડી દે છે.'**નો અર્થ **મૌલા અલી અને ફાતેમા(અ.)ના ઉત્તરાધિકારીઓ પ્રત્યેની મોહબ્બત,** એવો થાય છે.

→ તેથી **જનાબે ફાતેમા(અ.) નૂર છે, હસન(અ.) અને હુસૈન(અ.) બન્ને નૂર છે અને હુસૈન(અ.)ના વંશમાંથી ઉતરી આવેલ બાકીના ઈમામો નૂર છે.** એનો અર્થ એ થયો કે **મોહંમદ વ આલે મોહંમદ અલ્લાહનું નૂર છે** કે જેઓ ઈબ્રાહીમ(અ.)ના પવિત્ર વંશમાંથી પૃથ્વી પર ઉતરી આવેલ છે. જો આપણે અલ્લાહનું નૂર જોવું હોય તો આપણે તેમના તરફ જોવાની જરૂર પડશે. તેઓ અલ્લાહના **ઈલાહી નૂરનો અખૂટ સ્ત્રોત (ખજાનો)** છે.

અલ્લાહે **તેમને પોતાના નૂરના વાહકો (વાસણ)** બનાવ્યાં છે અને **તેણે પોતાની જાતને તેમના દ્વારા જાહેર કરી છે** અને એ કારણે જ **સૂરએ અહઝાબ, આયત-૩૩માં** (આયતે તત્હીર કે જેનો ઉલ્લેખ મેં મારા અગાઉના આ લેખ, **'સીધો માર્ગઃ કુરઆન અને એહલેબયત'**માં બધા જ સંદર્ભો સહિત કરેલ છે.) અલ્લાહે **મોહંમદ(સ.)ની એહલેબયતને હંમેશાં પાક અને પવિત્ર** રાખવાનું વચન આપ્યું છે.

નીચેની આયતોમાં અલ્લાહ વધુમાં તેમના ઘર વિષે ફરમાવે છે :

- **'(આ દીવો) <u>એવા ઘરોમાં છે કે જેમના સંબંધમાં અલ્લાહે (એવો) હુકમ આપ્યો છે કે તે (ઘરો)નું સન્માન કરવામાં આવે</u> અને એ કે તેમાં તે(અલ્લાહ)ના નામનું સ્મરણ કરવામાં આવે; તેમાં તેઓ સવાર સાંજ તેની પવિત્રતા વર્ણવે છે.'**

(સૂરએ નૂર, આયત-૩૬)

**અલ્લાહનાં બધાં સર્જનોમાં સૌથી વધારે પાક અને પવિત્ર** હોઈને તેમનું ઘર હકીકતમાં **અન્ય ઘરો કરતાં વધારે સારું** છે કે જેને **અલ્લાહે ગૌરવશીલ બનવા દીધું છે** અને **તેના નામનું રટણ ત્યાં થતું રહે છે.**

સઅલબીએ અનસ ઈબ્ને માલિક અને બુરૈદાનું અવતરણ ટાંક્યું છે કે જયારે રસૂલ(સ.)એ આ આયતની તિલાવત કરી ત્યારે હઝરત અબુ

બકર ઊભા થયા અને હઝરત અલી(અ.) અને ફાતેમા(અ.)ના ઘર તરફ ઈશારો કરીને પૂછયું કે આપે જે ઘરની વાત કરી તેમાં આ ઘરનો સમાવેશ થયેલો છે કે નહીં? રસૂલ(સ.)એ આવું ફરમાવીને જવાબ આપ્યો, **હા, અને જેનો સંદર્ભ આપવામાં આવ્યો છે તે બીજાં ઘરો કરતાં વધારે સારું છે.**

રસૂલ(સ.)એ આલે મોહંમદ(સ.) વિષે આ મુજબ ફરમાવ્યું છે :

● **'તેમની આગળ ન નીકળી જતા રખેને તમે નાશ પામો કે ન તો તેમની પાછળ પણ રહી જતા રખેને તમે નાશ પામો. તેમને કંઈ શીખવાડવાનો પ્રયત્ન ના કરતા કારણ કે તેઓ તમારા કરતાં વધારે જાણકાર છે.'** (સદર્ભ : તબરાની, હદીસે સકલૈનના એક ભાગ તરીકે, ઈબ્ને હજર સવાએકે મોહર્રકા ભાગ-૨૪, પ્રકરણ-૩૭)

હવે જ્યારે અલ્લાહ(સુ.વ.ત.)એ જ તેમને પસંદ કર્યા છે અને તેમને સત્તા આપી છે અને તેમને પોતાનું નૂર બનાવ્યા છે ત્યારે લોકોમાંથી કોઈ એવો વિભાગ હશે ખરો કે જે તેમને ગમાડતો ન હોય? (આ બાબતમાં) અલ્લાહે ફરમાવ્યું છે :

● **'તેઓ તો આ ચાહે છે કે અલ્લાહના નૂરને પોતાના મોંઢેથી (ફૂંકો મારીને) હોલવી નાખે અને અલ્લાહ પોતાના નૂરને સંપૂર્ણ કર્યા વિના હરગીઝ રહેનાર નથી, (પછી) ભલેને નાસ્તિકોને અણગમતું (કેમ ન) લાગે.'** (સૂરએ તૌબા, આયત-૩૨)

**દરેક ઈમામે** પોતાના જીવન દરમિયાન ઘણા બધા **અત્યાચારો અને હાડમારીઓ** વેઠી છે અને તે **બધાયને શહીદ કરી દેવાયા છે,** સિવાય બારમા ઈમામ કે જે ગયબતની અવસ્થામાં જીવતા છે. આપણે જાણીએ છીએ કે કરબલામાં ઈમામ હુસૈન(અ.)એ પોતાના કુટુંબીજનોની, મિત્રોની અને બાળકોની કેવી રીતે કુરબાની આપી હતી અને **દીને ઈસ્લામને બચાવી લીધો અને આ રીતે અલ્લાહના નૂરને પણ બચાવી લીધું.** તેમને ભલે શહીદ કરી દેવાયા તેમ છતાંય તેમનું મિશન (નિર્ધારિત કાર્ય) આજે પણ આપણા દિલોમાં જીવંત છે અને અલ્લાહે ઉપરની આયતમાં વચન આપ્યું છે તે પ્રમાણે તે જીવંત જ રહેશે.

હવે ફરીથી પાછા આપણે સૂરએ નૂરની આયતો જોઈએ કે જેમાં અલ્લાહે **તેમની ઈબાદતની તેણે જે પ્રશંસા કરી** છે તે દર્શાવ્યું છે.

● **'એવા લોકો કે જેમને અલ્લાહના સ્મરણથી તથા નમાઝ પઢવાથી અને ઝકાત આપવાથી ન તો વેપાર રોકે છે કે ન કોઈ લેવડ દેવડ (કારણ કે) તેઓ તે દિવસથી ડરતા રહે છે કે જે દિવસે હૃદયો (ગભરાટને લીધે) ઉલટાઈ જશે અને આંખો પણ; (તેઓ તેની ઈબાદત એટલા માટે કરે છે) કે કદાચને તેમની કરણીનો ઉત્તમોત્તમ બદલો અલ્લાહ તેમને આપે અથવા પોતાની કૃપાથી તેમના માટે બીજું પણ કાંઈક વધારી દે; અને અલ્લાહ જેને ચાહે છે તેને બેહિસાબ રોજી અર્પણ કરે છે.'**

(સૂરએ નૂર, આયત-૩૭ થી ૩૮)

કરબલાના મેદાનમાં ઈમામ હુસૈન(અ.)એ પઢેલી નમાઝો ઉપરોક્ત આયતનું સુંદર અને પર્યાપ્ત ઉદાહરણ છે અને આ રીતે અલ્લાહે તેમના માટે, તેમના આચરણ માટે અને નમાઝો માટે પોતાની મહાન પ્રશંસા દર્શાવી છે.

આવી હતી તેમની સંપૂર્ણતા અને મહાનતા તેથી જ તો પ્રખ્યાત ઈસ્લામી વિદ્વાનોએ કહ્યું છે :

● **'મોહંમદ(સ.)ના વંશજોએ જે કંઈ કર્યું છે તે બધું સર્વોત્તમ રીતે જ કર્યું છે.'**

(સંદર્ભ : સહીહ મુસ્લિમ, ભાગ-૧, પેજ-૨૬૬)

મુસ્લિમ હોવાને કારણે કયામતના દિવસ ઉપર આપણા બધાયનું ઈમાન છે. કુરઆનના કહેવા મુજબ તે દિવસ ૧૦૦૦ વર્ષ જેટલો લાંબો હશે અને વળી કુરઆને તે દિવસની સખ્તાઈ વિષે પણ વર્ણન કર્યું છે. શું એ દિવસે અલ્લાહના નૂરનો સ્રોત આપણો માર્ગદર્શક બનશે ખરો? આ બાબતે

કુરઆનને શું કહેવું છે ? ચાલો આપણે જોઈએ :

● **'તે દિવસે કોઈની પણ ભલામણ કામ લાગશે નહીં, સિવાય તે માણસની ભલામણ કે જેને તે દયાળુ અલ્લાહે (તેમ કરવાની) રજા આપી દીધી હોય તથા જેનું બોલવું પસંદ કરી લીધું હોય.'**

(સૂરએ તાહા, આયત-૧૦૯)

ઉપરોક્ત આયત બતાવે છે કે કોઈ પણ પ્રકારની દરમિયાનગીરી કામ નહીં આવે **સિવાય** એ લોકોના **કે જેમને પરવાનગી આપવામાં આવી હોય અને જેમના શબ્દોને અલ્લાહે પસંદ ફરમાવ્યા હોય અને વખાણ્યા હોય.**

ઉપરોક્ત આયત તેમજ આપણી આ વિષય ઉપરની દલીલોના પ્રકાશમાં આપણે એવું કહી શકીએ છીએ કે **મોહંમદ વ આલે મોહંમદ** ચોક્કસપણે **સાચા મધ્યસ્થીઓ** છે કેમકે તેઓ બધા **અલ્લાહનું નૂર** છે, તેમની **ઈબાદતો વખણાયેલી** છે અને **અલ્લાહને પસંદ પડેલી છે** અને **તેમનું ઘર બીજા બધા ઘરોમાં સૌથી વધારે ગૌરવવંતુ છે** કે જ્યાં અલ્લાહનું રટણ થતું રહે છે.

આ કારણે જ તો રસૂલ(સ.)એ **આપણને,** એહલેબયતના પ્રેમીઓને, **વચન આપ્યું છે** કે -

● **આલે મોહંમદ(સ.) અર્થાત મોહંમદ (સ.)ની ઓલાદ)નો સ્વીકાર એટલે દોઝખની આગથી નજાત અને તેમની સાથેની મોહબ્બત એટલે પુલે સિરાત ઉપરથી પસાર થવાનો પરવાનો અને તેમનું આજ્ઞાપાલન ઈલાહી ગઝબથી રક્ષણ છે.'** (સંદર્ભ : 'શિફા' લેખક-કાઝી આયાઝ, ભાગ-૨, પેજ-૪૦)

→ હવે તો આપણે **અલ્લાહના નૂરનો અખૂટ ખજાનો** શોધી કાઢ્યો તો ચાલો આપણે બધા આપણા માલિક સમક્ષ દુઆ માગીએ કે અલ્લાહ તઆલા આલોક અને પરલોક બન્ને જગ્યાએ **આ ઈલાહી નૂરના** વસીલાથી આપણને **પ્રકાશિત(મુનવ્વર)** જ **રાખે,** આમીન. ✻

*તમારું દીની જ્ઞાન ચકાસો.*

# ? ઈસ્લામી કવીઝ નં. ૧૧૮

**(૧) સહવનો સિજદો કરનારે પ્રત્યેક સિજદામાં 'બિસ્મિલ્લાહે વ બિલ્લાહે વ સલ્લલ્લાહો અલા મોહંમદ વ આલે મોહંમદ'નો ઝિક્ર કેટલી વખત પઢવાનો હોય છે ?**
(A) એક વખત (B) બે વખત
(C) ત્રણ વખત

**(૨) નમાઝમાં 'મવાલાત' એટલે -**
(A) નમાઝની ક્રિયાઓ ક્રમાનુસાર બજાવી લાવવી
(B) નમાઝની ક્રિયાઓ બજાવતાં વચ્ચે નિષ્ક્રિયતા ન લાવવી.
(C) નમાઝની ક્રિયાઓ ઝડપથી બજાવી લાવવી.

**(૩) નીચેનામાંથી કઈ વસ્તુ ઉપર સિજદો કરવો સૌથી શ્રેષ્ઠ બાબત છે ?**
(A) ખાકે શિફા પર (B) ઝાડના પાંદડા પર
(C) કાગળના ટુકડા પર

**(૪) જનાબતનું ગુસલ ચડેલું હોય તો નીચેનામાંથી કઈ બાબત હરામ નથી ?**
(A) વાજિબ અથવા સુન્નત નમાઝ પઢવી.
(B) ખાનએ કા'બાનો તવાફ કરવો.
(C) ગુસલ કર્યા વગર સૂઈ જવું.

**(૫) નીચેનામાંથી કઈ વસ્તુ ઉપર તયમ્મુમ કરવું જાઈઝ છે ?**
(A) સોનું, ચાંદી, વગેરે જેવી ખનિજ વસ્તુઓ પર
(B) બાળવામાં આવેલ લાકડાની રાખ પર
(C) માટી તથા માટીના પ્રકારમાં આવતી હોય તેવી વસ્તુ પર

**(૬) ખાનએ કા'બાને કિબ્લો બનાવવામાં આવ્યો તે પહેલાં કઈ મસ્જિદ તરફ મોં રાખીને નમાઝ પઢવામાં આવતી હતી ?**
(A) મસ્જિદે અકસા (B) મસ્જિદે નબવી
(C) મસ્જિદે કુફા

**(૭) જનાબે મુસ્લિમ બિન અકીલ(અ.)ના બે ફરઝંદો જનાબે મોહંમદ અને જનાબે ઈબ્રાહીમના કાતિલનું નામ શું છે ?**
(A) અરઝોક (B) હારિસ (C) હુરમલા

# Superman In Islam

# સુપરમેન ઈન ઈસ્લામ

## ❋ હઝરત ઈમામ જાફર સાદિક(અ.) ❋

**અનુવાદક : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદે.)**

### તારાઓના પ્રકાશ ઉપર વાતચીત

(ગતાંકનું ચાલુ)

જ્યારથી ઈતિહાસ લખવામાં આવ્યો ત્યારથી આજ સુધી જે સમાજમાં આખેરત વિશેનો અકીદો રહેલો છે તેમાં રૂહ અમર છે એવો અકીદો પણ રહેલો છે અને કોઈ પણ સમાજ એવો નથી મળતો કે જેમાં આખેરતનો અકીદો તો હોય પરંતુ રૂહ અમર છે તેવો અકીદો ન હોય. મધ્ય આફ્રિકાના શ્યામવર્ણા કબીલાઓથી માંડીને તૌહીદી મઝહબના અનુયાયીઓ સુધી ભૂતકાળના અને હાલના સઘળા સમાજો રૂહ અમર છે તેવો અકીદો એટલા માટે ધરાવતા હતા અને ધરાવે છે કે તેઓ રૂહને પદાર્થ કરતાં જુદી માને છે અને તેમનો અકીદો એવો છે કે પદાર્થને મૃત્યુ આવે છે પરંતુ માણસની રૂહ મૃત્યુ નથી પામતી.

અમે જે કંઈ રજૂઆત કરી તેનો સારાંશ એ છે કે દુનિયાના વિસ્તૃત થવા અને સંકુચિત થવા વિશેનો દ્દષ્ટિકોણ પ્રાચીન ભારતના અકીદાઓના રંગમાં રંગાઈ ગયો છે. આ દ્દષ્ટિકોણ જો ઈમામ જાફર સાદિક(અ.)નો હોય કે પછી પ્રાચીન ભારતીઓનો અકીદો હોય પરંતુ આજના ખગોળશાસ્ત્રની અને ભૌતિકશાસ્ત્રની શોધ આ દ્દષ્ટિકોણને એક વૈજ્ઞાનિક હકીકત તરીકે સ્વીકારે છે.

જો આખું બ્રહ્માંડ વિસ્તૃત અને સંકુચિત થઈ રહ્યું ન હોય તો ય તેના કેટલાક ભાગોમાં આવું થઈ રહ્યું છે અને જ્યાં બ્રહ્માંડનો ભાગ સંકુચિત થાય છે ત્યાં સંકુચિત થયા પછી પદાર્થનું અસ્તિત્વ બાકી રહેતું નથી કારણ કે પદાર્થ તો ઘનતાનું નામ છે કે જે ઘનતા એટમોની અંદર હોય છે અને એટમ જ્યારે તેની જગ્યા છોડી દે તો પછી તેને પદાર્થ કહી શકાય નહીં.

આ મૃત તારાઓ કે જેમની ઘનતા એટલી બધી વધારે છે કે પ્રાચીન ભારતીઓના અકીદા પ્રમાણે તેઓ શું કોઈક દિવસ ફરીથી જીવિત થશે ખરા ? કારણ કે આ તારાઓની પરિસ્થિતિ એવી છે કે જેવી પ્રાચીન ભારતીઓએ દુનિયાના નિદ્રાધીન થવા અથવા શ્વાસ રોકી લેવા વિશે કહી છે. પરંતુ ભૌતિકશાસ્ત્ર એ બાબતનો ખુલાસો કરતું નથી કે મૃત તારાઓ કે જેમની ઘનતા એટલી હદે પહોંચી ચૂકી છે કે તેમના કણોની વચ્ચે જરા પણ ખાલી જગ્યા નથી, તો પછી તેઓ કઈ રીતે જીવિત થશે.

### પ્રદૂષણ ઉપર પ્રતિબંધ

ઈમામ જાફર સાદિક(અ.)ના જમાનામાં (વસ્તુઓનું) ઉત્પાદન હસ્ત ઉપયોગી યંત્રો સુધી સીમિત હતું. એ વખતે આજના કારખાનાઓની માફક એક પણ કારખાનું ન હતું. ધાતુઓને આગની નાની નાની ભઠ્ઠીઓમાં ઓગાળવામાં આવતી હતી અને સઘળી ધાતુઓને એટલે સુધી કે લોખંડને પણ લાકડાં વડે ઓગાળવામાં આવતું હતું જેના કારણે પ્રદૂષણનું અસ્તિત્વ ન હતું એટલે સુધી કે જો લોખંડને પથ્થરના કોલસા વડે ઓગાળવામાં

આવતું તો પણ એટલો બધો કોલસો બાળવામાં આવતો ન હતો કે જેથી પ્રદૂષણ પેદા થાય. ઈસવી સનની અઢારમી સદીની શરૂઆતથી લોખંડ અને પોલાદને પુરતા પ્રમાણમાં પશ્ચિમ જર્મની, ફ્રાન્સ, ઈંગ્લેન્ડ તથા સઘળા યુરોપીય દેશોમાં પ્રદૂષણ પેદા કર્યા વગર જ ઉપયોગમાં લેવામાં આવતાં હતાં.

લોખંડ ઓગાળનારાં બધાં કારખાનાં જર્મની, ફ્રાન્સ અને ઈંગ્લેન્ડમાં પથ્થરનો કોલસો બાળતાં હતાં અને વર્ષની શરૂઆતથી લઈને અંત સુધી કારખાનાની ચીમનીઓમાં ધુમાડો એક ક્ષણ માટે પણ નીકળવો બંધ થતો ન હતો તો પણ પથ્થરના કોલસાથી પ્રદૂષણ પેદા થતું ન હતું. ઈમામ જાફર સાદિક(અ.)ના જમાનામાં તો આજનાં કારખાનાની જેમ એક પણ કારખાનું ન હતું અને કોઈ પથ્થરનો કોલસો પણ બાળતું ન હતું તેમ છતાં પણ ઈમામ જાફર સાદિક(અ.)એ એવી તાકીદ કરી છે કે જેવી રીતે આજનો માહોલ જોઈને કોઈ તાકીદ કરતું હોય. આપે ફરમાવ્યું કે માણસે એવી રીતે જીવન વ્યતીત કરવું જોઈએ કે જેથી તેના દ્વારા માહોલ પ્રદૂષિત ન થાય કારણ કે જો તેનો માહોલ પ્રદૂષિત થઈ જશે તો એક દિવસ એવો આવશે કે તેના માટે જીવન વ્યતીત કરવું મુશ્કેલ અને કદાચ અશક્ય પણ થઈ જશે.

પર્યાવરણના પ્રદૂષણનો પ્રશ્ન ત્રીસ વર્ષ પહેલાં ય ઉપસ્થિત થયો ન હતો. આ વિષય તો એ સમયે ઉપસ્થિત થયો કે જ્યારે પહેલો એટમ બોમ્બ ફાટ્યો અને તેણે વાતાવરણને પ્રદૂષિત કર્યું. જો એ ફક્ત પહેલો જ ધડાકો હોત અને વધુ ધડાકા કરવામાં ન આવ્યા હોત તો પર્યાવરણ પ્રદૂષિત ન થાત પરંતુ એટમી શક્તિઓએ ત્યાર પછી પણ આવાં શસ્ત્રો ઉપર પ્રયોગો ચાલુ રાખ્યા અને આ પ્રયોગોની સાથે સાથે તેમણે અણુમથકો ચલાવવાનું પણ શરૂ કરી દીધું અને આવી રીતે વાતાવરણમાં પ્રદૂષણ ધીમે ધીમે વધતું ગયું.

આ સમય દરમિયાન ખાસ કરીને અમેરિકા અને યુરોપમાં (ઔદ્યોગિક) ઉત્પાદનોએ પર્યાવરણને પ્રદૂષિત કરી નાખ્યું અને રાઈન (Rhine) નદી કે જે પશ્ચિમ યુરોપમાં આવેલી છે તેની માફક કેટલીક અન્ય નદીઓનું પાણી એટલી હદે પ્રદૂષિત થઈ ગયું કે માછલીઓની કેટલીય જાતિઓ તેમાં નષ્ટ થઈ જવા પામી છે અને આવી જ રીતે ઉત્તર અમેરિકામાં મોટી મોટી નદીઓ કે જેમનું પાણી મીઠુ છે તેમાં પણ માછલીઓની જાતિઓ લગભગ નાશ પામી ચૂકી છે અને આનાથી વધારે ભયજનક પ્રદૂષણ તો સમુદ્રનું પ્રદૂષણ છે કારણ કે સમુદ્રના પાણીની સપાટી ઉપર પ્લાન્કટન (Plankton) નામના કેટલાક કોષ ધરાવતા જીવો જોવા મળે છે અને પૃથ્વીનો ૯૦% ઓક્સિજન તે તૈયાર કરે છે, તેઓ હવે સમુદ્રના પ્રદૂષણના કારણે નાશ પામી રહ્યા છે અને તેમના મૃત્યુના કારણે આજે પૃથ્વી ઉપર ઓક્સિજનનું પ્રમાણ ફક્ત ૧૦% રહી ગયું છે. ઓક્સિજનનું આ પ્રમાણ ન તો પ્રાણીઓ માટે કે ન તો માણસો માટે શ્વાસ લેવા માટે પર્યાપ્ત છે અને આવી રીતે વૃક્ષોને શ્વાસ લેવા માટે પણ પર્યાપ્ત નથી. પરિણામ સ્વરૂપે વૃક્ષો અને પ્રાણીઓની નસલો પૃથ્વી ઉપરથી લુપ્ત થતી જાય છે.

આ કોઈ થીઅરી નથી કે જેના ખોટા કે સાચા હોવાની શક્યતા હોય પરંતુ આ તો એક વૈજ્ઞાનિક હકીકત છે. આજની આવી પરિસ્થિતિમાં કે જ્યારે સમુદ્ર પ્રદૂષિત થઈ રહ્યા છે ત્યારે પ્લાન્કટનનું પ્રમાણ સમુદ્રની સપાટી ઉપર આગામી પચાસ વર્ષો સુધીમાં તો અડધું થઈ જશે. તેના કારણે ઓક્સિજનની પેદાશ ઓછી થઈ જશે. જે બાળક આજે જન્મે અને જો તે આગામી પચાસ વર્ષ સુધી જીવિત રહે તો તે સમય સુધીમાં તો તેની શ્વાસ લેવાની પરિસ્થિતિ એવી

હશે કે જેવી એક પર્વતારોહકની હિમાલય પર્વત ઉપર ઓક્સિજન માસ્ક વગર થાય છે. યાદ રહે કે હિમાલયની પર્વતમાળા દુનિયાની સૌથી ઊંચી પર્વતમાળા છે.

આગામી પચાસ વર્ષો સુધી સમુદ્રના પાણીના પ્રદૂષણના કારણે માણસો અને પ્રાણીઓની શ્વાસ લેવાની પરિસ્થિતિ એવી હશે કે જેવી એક વ્યાકુળ માણસની હોય છે. આગામી પચાસ વર્ષો સુધી જો કોઈ દિવાસળી સળગાવવા માગશે કે જેના વડે તે સિગરેટ અથવા ચૂલો સળગાવે તો દિવાસળી સળગશે જ નહીં કારણ કે હવામાં ઓક્સિજનનું એટલું પ્રમાણ પણ નહીં હોય કે તે માચીસને સળગાવી શકે. આ વાત કોઈ વૈજ્ઞાનિક દંતકથા નથી પરંતુ હકીકત છે.

આઈઝેક આસીમૉવ (Isaac Asimov) કે જે એક અમેરિકન બાયોકેમીસ્ટ હતા, તેઓ કહે છે કે અમેરિકામાં ઈ.સ. ૧૯૫૦થી લઈને આજ સુધી શ્વાસ લેવામાં તકલીફવાળા દર્દીઓમાં ત્રણસો ટકા જેટલો વધારો થયો છે. સંભવ છે કે આ વધારો પર્યાવરણમાં ઑક્સિજનની કમીના કારણે થયો હોય. પ્લાન્કટન લુપ્ત થઈ રહ્યાં છે તેના પરિણામ સ્વરૂપે પર્યાવરણમાં ઑક્સિજનના પ્રમાણમાં સતત ઘટાડો થઈ રહ્યો છે.

આ જ વૈજ્ઞાનિક કહે છે કે જો આવી જ પરિસ્થિતિ ચાલુ જ રહેશે તો એક સદી પછી વૃક્ષો અને પ્રાણીઓ નિશ્ચિતપણે નાશ પામશે અને દુષ્કાળમાં ન કેવળ વૃક્ષો અને પ્રાણીઓ નાબૂદ થઈ જશે પરંતુ બધા સમુદ્રોનાં પ્રાણીઓ પણ નાબૂદ થઈ જશે કારણ કે સમુદ્રમાં કોઈ એવું પ્રાણી નથી કે જેને જીવિત રહેવા માટે ઑક્સિજન જરૂરી ન હોય ભલે ને તે પ્રાણી બસો ત્રણસો મીટરની ઊંડાઈએ જ કેમ ન રહેતું હોય.

આજે જે જહાજો આફ્રિકાની પશ્ચિમ દિશાથી લઈને દક્ષિણ અમેરિકા તરફ જાય છે તેવાં જહાજો માનવ વસ્તીએ સમુદ્રમાં નાખેલ કચરાના ઘણા મોટા વિસ્તાર(૧૦૦૦ કિલો મીટર)ની વચ્ચે રહે છે. આ વિસ્તારનો એક મોટો ભાગ પ્લાસ્ટીકનો છે કે જે ન તો માટીમાં ભળે છે કે ન સમુદ્રમાં. આ પ્લાસ્ટીક સમુદ્રની લહેરો દ્વારા આસપાસથી ત્યાં સુધી પહોંચ્યું છે. સમુદ્રી કચરો ફક્ત તે જ જગ્યા સુધી સીમિત નથી.

ગ્વામ (Guam) નામના ટાપુ પાસે અને અમેરિકાના ભૂમિદળ, નૌકાદળ અને વાયુદળની છાવણી પાસે સ્થિર સમુદ્રમાં કચરાથી બનેલી એક અન્ય જગ્યા પણ અસ્તિત્વમાં આવી છે કે જેની લંબાઈ અને પહોળાઈ હજારો કિલોમીટર છે અને આ વિસ્તારમાં જેટલા પ્લાન્કટન હતા તે નષ્ટ થઈ ચૂક્યા છે કારણ કે સમુદ્રી પ્રવાહ કચરાને ફક્ત એક જગ્યા ઉપર નાખી નથી દેતો પરંતુ ખનીજ તેલને પણ કે જે તે વિસ્તારમાં પાણી ઉપર જોવામાં આવે છે તેને અને આ બધા કચરાને બધા વિસ્તારોમાં ફેલાવે છે જેના પરિણામ સ્વરૂપે ઓછા કોષવાળા જીવો કે જે મોટા સમુદ્રોમાં રહે છે અને ઑક્સિજન પેદા કરે છે તે પણ નષ્ટ થઈ જાય છે.

માનવજાતિ સમુદ્રોને પ્રદૂષિત કરીને એક એવો ખતરો વહોરી રહી છે કે જે અણુશસ્ત્ર કરતાં પણ વધારે ખતરનાક છે કારણ કે અણુશસ્ત્રની બાબતમાં તો એક સંતુલન બનેલું છે. જે લોકો પાસે અણુશસ્ત્રો છે તે લોકો એકબીજાની બીકથી તેમને વાપરવાથી ડરે છે અને શક્ય છે કે આ સંતુલન કાયમ રહે અને એક મુદ્દત સુધી અણુશસ્ત્રોને વાપરવામાં ન આવે, જેવી રીતે કે બીજા વિશ્વ યુધ્ધમાં વિરોધી સરકારો કેમીકલ શસ્ત્રો અને કેમીકલ કારતૂસ ધરાવતી હોવા છતાં તેમણે એકબીજાની બીકથી તેમને વાપર્યાં નહીં. પરંતુ માણસ તરફથી થતું સમુદ્રનું પ્રદૂષણ વધુ એક સદી સુધી માણસના સર્વનાશનું કારણ બનશે. (ક્રમશઃ)

# અરબી મૂળાક્ષરોનો પરિચય

| د | દાલ |
|---|---|

નુક્તા વગરનો **'દાલ'** ( د )અરબી તખ્તીનો આઠમો મૂળાક્ષર છે જ્યારે ઉર્દૂનો અગિયારમો અને ફારસીનો દસમો મૂળાક્ષર છે. આ દાલને **દાલે મુઅઝઝા** પણ કહે છે. અબ્જદના હિસાબે તેના અદદ ચાર (૪) છે. તેનો ઉચ્ચાર ગુજરાતી ભાષાના 'દ' જેવો થાય છે. દા.ત. દીન

| ذ | ઝાલ |
|---|---|

એક નુક્તાવાળો ઝાલ અરબી તખ્તીનો નવમો મૂળાક્ષર છે. અને ઉર્દૂનો તેરમો અને ફારસીનો અગિયારમો મૂળાક્ષર છે. આને **ઝાલે મોઅઝઝમા** અથવા **મન્કૂત** પણ કહે છે. અબ્જદની દષ્ટિએ તેના અદદ ૭૦૦(સાતસો) છે. અરબીનો આ ખાસ હર્ફ છે. આ શમ્સી હર્ફ છે. આની આગળ **'અલ'** (ال) મૂકવામાં આવે તો **'લ'**નો ઉચ્ચાર થતો નથી. દા.ત. અલ ઝિક્ર. જીભના છેડાને ઉપરની તરફ સામેના દાંત સુધી લઈ જઈને નરમ અવાજ સાથે 'ઝ' બોલવામાં આવે ત્યારે આનો ઉચ્ચાર નીકળે છે.

| ر | રે |
|---|---|

આ મૂળાક્ષર અરબી તખ્તીમાં દસમા ક્રમે આવે છે. જ્યારે ઉર્દૂમાં તેનો ક્રમ ચૌદમો અને ફારસીમાં બારમો ક્રમ છે. તેને **રાએ મુહમલા** અને **રાહે ગૈર મન્કૂતા** પણ કહે છે. અબ્જદના હિસાબથી તેના અદદ ૨૦૦(બસ્સો) નક્કી થયેલ છે. આ શમ્સી હર્ફ છે. જ્યોતિષશાસ્ત્રમાં તે ચંદ્રની અલામત છે. ગુજરાતી ભાષાના **'ર'** જેવો તેનો ઉચ્ચાર થાય છે. દા.ત. રમઝાન.

| ز | ઝે |
|---|---|

અરબી તખ્તીનો અગિયારમો મૂળાક્ષર છે. જ્યારે ઉર્દૂમાં તેનો ક્રમ સોળમો અને ફારસીમાં તેરમો છે. અબ્જદની દષ્ટિએ તેના સાત(૭) અદદ નક્કી થયેલ છે. આ શમ્સી હર્ફ છે તેથી તેની આગળ જો **'અલ'** લાગે તો **'લ'**નો ઉચ્ચાર થતો નથી પરંતુ તેની આગળ આવેલો અક્ષર બેવડાય છે. દા.ત. અઝ ઝાહિદ. પંચાંગમાં આ હર્ફ શનિ અને વૃશ્ચિક રાશિની અલામત છે. જીભના ટેરવાનેનીચેના દાંત સાથે મેળવીને નરમ અને સિસોટી જેવા અવાજ સાથે 'ઝ' બોલવામાં આવે ત્યારે આ ઉચ્ચાર નીકળે છે.

| س | સીન |
|---|---|

આ અરબી તખ્તીનો બારમો, ઉર્દૂનો અઢારમો અને ફારસીનો પંદરમો હર્ફ છે. અબ્જદના હિસાબે તેના અદદ ૬૦(સાઈઠ) નક્કી થયેલ છે. આ શમ્સી હર્ફ છે તેથી જો તેની આગળ **અલ** લગાડવામાં આવે તો **'લ'**નો ઉચ્ચાર નહીં થાય પરતુ **'સ'** બેવડાશે. દા.ત. અસ્સઈદ. જીભના ટેરવાને નીચેના દાંત સાથે મેળવીને સિસોટી જેવા અવાજ સાથે **'સ'** બોલવાથી એનો ઉચ્ચાર નીકળશે.

| ش | શીન |
|---|---|

અરબી તખ્તીનો તેરમો મૂળાક્ષર છે. ઉર્દૂનો ઓગણીસમો અને ફારસીનો સોળમો મૂળાક્ષર છે. અબ્દજદના હિસાબથી તેના અદદ ૩૦૦(ત્રણસો) નક્કી થયેલા છે. આ શમ્સી હર્ફ છે. અરબી શબ્દ સંયોજન અનુસાર જો **શીન**ના પહેલાં **'અલ'** (ال) આવશે તો **'લામ'**નો ઉચ્ચાર નહીં થાય. પરંતુ **'શીન'** બેવડાઈ જશે. દા.ત. અલ+શમ્સ=અશ્શમ્સ. ગુજરાતી ભાષામાં **'શ'** ઉચ્ચાર થાય છે એવો જ ઉચ્ચાર **'શીન'**નો પણ થાય છે. દા.ત. શબાબ, શામ. (ક્રમશઃ)



**મોહંમદઅલી ગુલામહુસૈન હોલ્ડા (ઈલોલ તલાવ)**
**૬૯.૬૩%** M.Pharm



**કરામતઅલી કાસમઅલી મોમિન(સેવાલણી) ૬૨.૦૦%**
**બેચલર ઓફ ફિઝીયોથેરાપી**

## ભાગ-3

## બોધ વચનો અને ઉપદેશો

<u>હઝરત અલી(અ.)નાં બોધ વચનો (હદીસો)</u>

**(૨૧૧) ડહાપણની વાત :**

સખાવત ઈજ્જત અને આબરૂની રખેવાળ છે અને સહનશીલતા મૂર્ખના મોંની વાધરી છે. માફી સફળતાની ઝકાત અને ભૂલી જવું, ગદ્દારી કરવાવાળાનું બળતર છે અને મશ્વેરો કરવો ખરી હિદાયત છે. જેણે પોતાના અભિપ્રાય પર જ ભરોસો કરી લીધો તેણે પોતાને ખતરામાં નાખી દીધો. ધૈર્ય દુર્ઘટનાઓનો સામનો કરે છે અને વિહ્વળતા સમયની સહાયક પૂરવાર થાય છે. શ્રેષ્ઠ શ્રીમંતાઈ આશાઓને છોડી દેવું છે. કેટલીય પરાધીન બુધ્ધિઓ છે કે જે ધનિકોની ઈચ્છાઓને નીચે કચડાયેલી છે. અનુભવોને જાળવી રાખવા તે સદબુધ્ધિનો એક પ્રકાર છે અને મોહબ્બત એક મેળવેલું સગપણ છે અને ખબરદાર ! કોઈ નારાજ થઈ જનાર પર વિશ્વાસ ન કરવો.

**(૨૧૨) આત્મશ્લાઘા :**

ઈન્સાનનું આપ વડાઈમાં પરોવાઈ જવું ખુદ પોતાની બુધ્ધિની ઈર્ષા કરવા જેવું છે.

**(૨૧૩) સબ્ર અને સહનશીલતા :**

આંખોના કણ કાંકરા અને શોક દુ:ખને ધ્યાનમાં ન લો, સદા ખુશી રહેશો.

**(૨૧૪) નરમી અને વિનય :**

જે વૃક્ષની લાકડી નરમ હોય તેની ડાળીઓ ભરાવદાર હોય છે. (એટલે ઈન્સાને નરમ દિલ બનવું જોઈએ.)

**(૨૧૫) અયોગ્ય વિરોધ :**

વિરોધ ખરા મતને પણ બરબાદ કરી દે છે.

**(૨૧૬) કૃતઘ્નતા :**

જેને હોદ્દો મળી જાય છે તે અત્યાચાર કરવા માંડે છે.

**(૨૧૭) ખાડા ટેકરા :**

લોકોનું સત્ત્વ સંજોગોના હેરફેરમાં ઓળખાય છે.

**(૨૧૮) ઈર્ષા :**

દોસ્તનું ઈર્ષા કરવું મોહબ્બતની કમજોરી છે.

**(૨૧૯) લોભ લાલચ :**

બુધ્ધિના વિનાશની મોટા ભાગની મંઝિલો લોભ અને લાલચની વીજળીઓની નીચે છે.

**(૨૨૦) બદગુમાની :**

એ કોઈ ન્યાય નથી કે માત્ર વહેમ શંકા પર ભરોસો કરી ચુકાદો આપવામાં આવે.

**(૨૨૧) લોકો પર જુલમ :**

કયામતના દિવસે ખરાબમાં ખરાબ ભાતું ખુદાના બંદાઓ પર જુલ્મ છે.

**(૨૨૨) આંખ મીંચામણાં :**

માયાળુના શ્રેષ્ઠ આમાલમાં જાણી જોઈને અજાણ્યા બનવું તે છે.

**(૨૨૩) લાજ શરમ :**

જેને લજ્જાએ પોતાના વસ્ત્રો ઓઢાડી દીધાં તેના એબ કોઈ નથી જોઈ શકતું.

**(૨૨૪) અમુક ગુણો :**

વધારે ચૂપકીદી ધાસ્તીનું કારણ બને છે અને ન્યાયથી મિત્રોમાં વધારો થાય છે. ઉદારતા અને મહેરબાનીથી માનપાન ઊંચાં થાય છે અને નમ્રતાથી નેઅમત સંપૂર્ણ થાય છે. બીજાઓનો ભાર ઉપાડવાથી સરદારી મળે છે અને ન્યાયપ્રિય ચારિત્ર્યથી દુશ્મન પર વિજય પ્રાપ્ત કરી શકાય

છે. મૂર્ખના સામે સહનશીલતા દેખાડવાથી સહાયકો અને મદદગારોમાં વધારો થાય છે.

**(૨૨૫) ઈર્ષાળુ કોણ ? :**

આશ્ચર્યની વાત છે કે ઈર્ષા કરનારા શરીરોની સલામતી પર ઈર્ષા કેમ નથી કરતા ? (પૈસાદારના પૈસાની ઈર્ષા તો થાય છે અને મજૂરની તંદુરસ્તીની ઈર્ષા નથી થતી, જો કે આ તેના કરતાં વધારે મોટી નેઅમત છે.)

**(૨૨૬) લાલચ :**

લાલચું માણસ હંમેશાં નામોશીની કેદમાં ગિરફતાર રહે છે.

**(૨૨૭) ઈમાનની ઓળખ :**

આપને ઈમાન વિશે પૂછવામાં આવ્યું તો ફરમાવ્યું કે ઈમાન દિલનો અકીદો, જીભથી એકરાર અને અવયવો દ્વારા અમલનું નામ છે.

**(૨૨૮) દુનિયાની વ્યાધિ ન વ્હોરો :**

જે દુનિયા વિશે ગમગીન થઈ સવાર કરે તે હકીકતમાં અલ્લાહના નિર્ણયથી નારાજ છે અને જે સવારે ઉઠતાં જ કોઈ પડનારી મુસીબતની ફરિયાદ શરૂ કરી દે તેણે હકીકતમાં પરવરદિગારની શિકાયત કરી છે.

જે માણસ ધનવાન સામે તેના ધનના કારણે ઝુકી જાય તેનો બે તૃત્રાંશ દીન બરબાદ થઈ ગયો અને જે માણસને કુરઆન પઢવા છતાં જહન્નમમાં નાખવામાં આવશે જાણે તેણે અલ્લાહની આયતોની ઠેકડી ઉડાવી છે. જેનું દિલ દુનિયાના પ્રેમમાં પરોવાઈ જાય તેના દિલમાં આ ત્રણ વાતો ઘૂસી જાય છે. એ ગમ કે જે તેનાથી છૂટો નથી પડતો. એ લાલચ કે જે તેનો કેડો નથી મૂકતી અને એ અભિલાષા કે જે કદી પૂરી થતી નથી.

**(૨૨૯) સંતોષી બનો :**

સંતોષથી વધીને કોઈ સલ્તનત નથી અને સારા અખ્લાકથી વધીને કોઈ નેઅમત નથી. આપને પૂછવામાં આવ્યું કે **'અમે પવિત્ર હયાત અતા કરશું'** આ આયતમાં **'પવિત્ર હયાતથી'**નો શો ભાવાર્થ છે? ફરમાવ્યું, **સંતોષ.**

**(૨૩૦) ભાગીદારી કરી લો :**

જેની તરફ રોજીનું રૂખ હોય તેની સાથે ભાગીદારી કરી લો કેમકે આ માલદાર થવાનો શ્રેષ્ઠ ઉપાય છે અને સદભાગ્યનો શ્રેષ્ઠ આધાર છે.

**(૨૩૧) ન્યાય અને ઉપકાર :**

આયતે કરીમા **'ઈન્નલ્લાહ યઅ્મોરો બિલ અદલ'**માં ન્યાય ઈન્સાફ છે અને એહસાન ઉદારતા અને મહેરબાની.

**(૨૩૨) આ હાથે આપો બીજા હાથે લો :**

જે લાચાર હાથથી આપે છે તેને સત્તાવાન હાથથી મળે છે.

*જે શખ્સ નેક કામમાં થોડો માલ પણ ખર્ચે છે, પરવરદિગાર તેનું વળતર મહાન અને અતિશય બનાવી દે છે. અહીં બન્ને 'યદ'થી મુરાદ બન્ને નેઅમતો છે. બંદાની નેઅમતને ટૂંકો હાથ કહેવામાં આવ્યો છે અને ખુદાઈ નેઅમતને લાંબો હાથ. એટલા માટે કે અલ્લાહની નેઅમતો, બંદાઓની સરખામણીમાં હજારો ગણી વધારે હોય છે અને જે બધી નેઅમતોનું મૂળ અને બધાનું કેન્દ્ર અને આશય હોય છે. -**સૈયદ રઝી.***

**(૨૩૩) જંગનું આવાહન ન આપવું :**

પોતાના પુત્ર ઈમામ હસન(અ.)ને ફરમાવ્યું, તમે કોઈને જંગનું આવાહન ન આપજો, પણ જો કોઈ લલકારે તો તરત જ જવાબ આપી દેજો કેમકે જંગનું આવાહન આપનાર બાગી હોય છે અને બાગી હર હાલતમાં નાશ પામનાર હોય છે.

**(૨૩૪) ઓરત મર્દની સિફતો :**

ઓરતોની શ્રેષ્ઠ ખસલતો, જે પુરૂષોની સૌથી ખરાબ ગણાય છે. તેમનામાં ગર્વ, કાયરતા અને કંજૂસી છે કે જો ઓરત મગરૂર હશે તો કોઈ તેના પર કાબૂ નહીં મેળવે અને જો લોભી હશે તો પોતાના અને પોતાના ધણીના માલનું રક્ષણ કરશે અને બુઝદિલ હશે તો દરેક આવનારા ખતરાથી ભયભિત રહેશે. *

## કુરઆને મજીદના સૂરાઓનો પરિચય

### સૂરા નં.૬૪ સૂરએ તગાબોન

(ગતાંકનું ચાલુ)

ત્યાર પછીની આયતોનો અનુવાદ :

**અલ્લાહના હુકમ સિવાય કોઈ પણ મુસીબત આવતી નથી અને જે અલ્લાહ ઉપર ઈમાન લાવે છે તેના મનને અલ્લાહ તે સન્માર્ગ સૂચવી દે છે અને અલ્લાહ દરેક વસ્તુનો સંપૂર્ણ જાણકાર છે. (૧૧)**

**અને તમે અલ્લાહની આજ્ઞા માનો અને રસૂલની પણ આજ્ઞા માનો, પણ જો તમે મોઢું ફેરવી લેનારા થઈ જશો તો અમારા રસૂલ પર તો માત્ર (અમારો) સંદેશો સ્પષ્ટ કરીને પહોંચાડી દેવાનું છે. (૧૨)**

**અલ્લાહ એ જ છે જેના સિવાય અન્ય કોઈ માઅબૂદ નથી અને મોમિનોને લાઝિમ છે કે અલ્લાહ ઉપર જ આધાર રાખે. (૧૩)**

**અય ઈમાન લાવનારાઓ ! ખચીત જ તમારી સ્ત્રીઓમાંથી તથા તમારી એલાદમાંથી કેટલાકો તમારા દુશ્મન છે માટે તેમનાથી ચેતતા રહો, પણ જો તમે (તેમના અપરાધથી) દરગુજર કરો અને જતા કરો અથવા માફ કરી દો તો બેશક અલ્લાહ પણ મોટો ક્ષમાવાન (અને) મોટો રહેમ કરનારો છે. (૧૪)**

અલ્લાહે કોઈ ઈન્સાનને લાચાર બનાવેલ નથી જે દુઃખ દર્દ બંદાને બંદા તરફથી મળે છે તે એટલા માટે છે કે ઈન્સાન નેકી અને બદીમાં પોતે અશક્ત નથી. આ સ્થળે ઈજનનો અર્થ રઝા નહીં પણ તેના ઈખ્તિયારનો થાય છે. કેટલાકે ઈજન અર્થ ઈલ્મ લીધેલ છે એટલે ખુદાવંદે આલમથી કોઈની તકલીફ છૂપી નથી. એટલે જાલિમને સજા આપશે અને મઝલૂમને બદલો આપશે અને જે દુઃખ-દર્દ અલ્લાહ તરફથી ઈન્સાનને પહોંચે છે જેમકે બીમારી, દુન્યવી નુકસાન, બાળકોનું મરણ, સગા-વહાલાઓનાં દુઃખ-દર્દ, વગેરે તો આ સ્થળે ઈઝનનો હેતુ તેની મસ્લેહત હોય છે.

ખુદાવંદે આલમ ફરમાવે છે કે ખુદા અને તેના રસૂલની તાબેદારી કરો અને તેમના હુકમનું ઉલ્લંઘન ન કરો, જો પયગમ્બરના હુકમથી મોઢું ફેરવશો તો તેનું નુકસાન તમે જ ભોગવશો. તેની આજ્ઞાને માનવું તમારા પર વાજિબ છે, તમારા રસૂલે તો માત્ર સંદેશો પહોંચાડવાનો જ છે.

અલ્લાહ એ જ છે કે જેના સિવાય બીજો કોઈ ખુદા નથી અને મોમિનોએ અલ્લાહ ઉપર આધાર રાખવો જોઈએ અને તમામ કાર્યો તેને સોંપી દેવાં જોઈએ.

સ્ત્રીઓમાં અને ઓલાદમાં કેટલીક એવી હોય છે કે જે દીનના કારણે ઈન્સાનની દુશ્મન બની જાય છે અને કેટલીક દુન્યવી કારણે પણ દુશ્મન બની જાય છે. કેટલીક સ્ત્રીઓ પોતાના પતિના મૃત્યુની ઈચ્છા રાખે છે કે તેનાથી જાન છોડાવી બીજાં લગ્ન કરી લે. એવી જ રીતે કેટલીક ઓલાદ એવું ઈચ્છે છે કે બાપનું મરણ થાય કે જેથી તેના વારસદાર બની જાય. એવી જ રીતે કેટલીક ઓલાદ પોતાના સ્વાર્થ માટે પિતાને હરામખોરી અને નાજાએઝ કાર્યો કરવા પ્રેરે છે, કેટલીક સ્ત્રીઓ પણ એવી જ હોય છે. આવી સ્ત્રીઓ અને ઓલાદથી ખુદાએ ચેતવણી આપી છે કે આવી ઓલાદ અને સ્ત્રીઓનું દરેક મામલામાં સાંભળો નહીં પણ દીન અને દુનિયાના ફાયદાને નજર સમક્ષ રાખીને પગલું ભરો તેમજ એ પણ ફરમાવ્યું કે તેમનાથી તમારા વિષે કંઈ ભૂલ થઈ જાય તો બદલો લેવાના બદલે તેમને માફ કરી આપો કે આ રીતે માફી આપવાથી ઘરમાં ઝઘડાનું બીજ ન રોપાય. મક્કાથી જ્યારે મુસલમાનોને હિજરતનો હુકમ મળ્યો તો કેટલાકે હિજરતનો

ઈરાદો કર્યો તો તેમનાં બાલ-બચ્ચાં તેમને વળગી પડ્યાં અને તેમની સામે રડવા લાગ્યાં અને કહેવા લાગ્યા કે તમારા વગર અમો ક્યાં જઈશું ? આમ તેમની મોહબ્બતના કારણે હિજરતના ફાયદાથી તેઓ વંચિત રહ્યા. આવા લોકોને ખુદાએ ચેતવણી આપી અને કેટલાક પોતાના વિચારોમાં અટલ હતા. જયારે બીબી-બચ્ચાઓએ શોર મચાવ્યો તો ખુલ્લા શબ્દોમાં કહી દીધું કે જો તમે મારો વિયોગ સહન કરી શકતા નથી તો મારી સાથે હિજરત કરો અને તેઓ પોતાના હેતુમાં સફળ રહ્યા.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **બેશક તમારી સંતતિ કસોટી સિવાય બીજું કાંઈ નથી અને મોટો બદલો તો અલ્લાહ પાસે જ છે. (૧૫)**

**માટે તમારાથી જયાં સુધી બની શકે અલ્લાહથી ડરો અને (તેની નસીહત) સાંભળો, અને (તેની) આજ્ઞા માનો, અને (તેના માર્ગમાં) ખરચ કરો એ તમારી બેહતરી માટે છે; અને જે શખ્સ પોતાના નફસના કંજૂસપણાથી બચાવી લેવામાં આવશે તો એ જ (સંપૂર્ણ) ભલાઈ પ્રાપ્ત કરનારો થશે. (૧૬)**

**અને જો તમે અલ્લાહને 'કર્ઝે હસના' આપશો તો તે તેને તમારા માટે બમણો કરી દેશે અને તમારા ગુનાહ માફ કરી દેશે; અને અલ્લાહ મોટો કદરદાન અને મહા સહનશીલ છે. (૧૭)**

**છૂપી તથા ખુલ્લી (દરેક વાતો)નો જાણકાર, પ્રબળ (અને) હિકમતવાળો છે. (૧૮)**

ખુદા ફરમાવે છે કે તમારી સંપતિ અને તમારી ઓલાદ કસોટી સિવાય બીજું કંઈ નથી. તેમની મોહબ્બત ઉપર ખુદાની મોહબ્બતને વર્ચસ્વ કોણ આપે છે ? એ વ્યક્તિ માટે મોટો બદલો છે કે જે માલ અને ઓલાદ કરતાં ખુદા અને તેના રસૂલ સાથે વધારે મોહબ્બત રાખે છે.

તમે અલ્લાહના અઝાબથી ડરો અને બોધપાઠ ગ્રહણ કરો અને તેની આજ્ઞાને માનો અને તમારો માલ તેના માર્ગમાં ખર્ચ કરો. જે શખ્સ પોતાના નફસને કંજૂસાઈથી બચાવે તે જ ભલાઈ પ્રાપ્ત કરશે. હઝરત ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું કે જેણે ઝકાત અદા કરી તે કંજૂસાઈથી બચ્યો.

તમે ખુદાને નિર્મળ નિય્યતથી કર્ઝે હસના આપશો તો તે તમારા માટે બમણું કરી આપશે. આ જગ્યાએ કર્ઝથી મુરાદ ખુદાના વાજિબ હકોમાં માલ વાપરવાનો છે છતાં પણ અલ્લાહે એ કામમાં વાપરવાને માટે કર્ઝ શબ્દ પોતાની મહેરબાનીથી વાપર્યો છે અને તે તમારા ગુનાહો માફ કરી આપશે અને ખુદા શુકર કરનારાનો કદરદાન અને માયાળુ છે.

અલ્લાહ છૂપી અને જાહેર ચીજોનો જાણનારો છે, તમે જે કંઈ જાહેરમાં આપો છો અને દિલમાં છૂપું રાખો છો તે તમારી નિય્યતથી જાણકાર છે અને સવાબ અને અઝાબ પોતાની હિકમત પ્રમાણે આપે છે. *


*ત્રીજા વર્ષમાં મંગલ પ્રવેશ*

આયુર્વેદિક દવા શરીરમાં આડઅસર કર્યા વિના રોગને જડમૂળથી મટાડે છે.

**શિફા આયુકેર ક્લીનીક**

**ડો. આબિદઅલી ટી. ઘરખડ**

(જન.ફીઝીશીયન એન્ડ આયુ.કન્સલ્ટન્ટ)

દરેક જાતના સ્ત્રી રોગો, ચામડીના રોગો, પાચનતંત્રના રોગો, મસા, હરસ, વજન વધારવા-ઘટાડવા, હાડકાના રોગો, શ્વસનતંત્રના રોગોની આયુર્વેદિક સારવાર માટે ખાસ મળો.

**નોંધ :** બહારના દર્દીઓએ ફોન કરીને જ આવવું.

**સરનામુ**

મસ્જિદની સામે, બાદરપુર, તા. વડનગર,
જિ. મહેસાણા. મો. ૯૮૨૪૧ ૧૪૮૨૭

**ફારસીના મહાન કવિ શેખ સાઅદીની**

# શાયરીનો રસાસ્વાદ

**'ગુલિસ્તાન'માંથી પસંદ કરેલ પંક્તિઓ**

(ગતાંકનું ચાલુ)

## Generosity (ઉદારતા)

**بزرگی بایدت، بخشندگی کن**
**که دانه تا نیفشانی، نَرویَد**

**બુઝુર્ગી બાયદત બ ખુશ્નુદગી કુન**
**કે દાના તા નીફશાની, ન રવીદ**

(જો તમે મહાન બનવા ઈચ્છતા હો તો ઉદાર બનો કારણ કે જ્યાં સુધી બીજને વાવવામાં નથી આવતાં ત્યાં સુધી તે ઉગતાં નથી.)

**تا دل دوستان به دست آری**
**بوستان پدر فروخته به**
**با بد اندیش هم نکویی کَن**
**دهن سگ به لقمه دوخته، بِه**

**તા દિલ દોસ્તાન બેદસ્ત આરી,**
**બોસ્તાન પિદર ફરોખ્તા બે**
**બા બદ અંદીશ હમ નકવી કુન**
**દહન સગ બ લુકમા દોખ્તા બે**

(મિત્રોનાં દિલ જીતવા માટે બાપનો બગીચો વેચી મારવો વધારે સારી બાબત છે, વળી ઈર્ષાળુ માણસ સાથે પણ સારો વ્યવહાર રાખો કેમકે એક કોળિયા ધાનથી કૂતરાનું મોં બંધ કરી દેવું સર્વોત્તમ બાબત છે.)

**نبشته است برگورِ بهرام گور**
**که دست کرم بِه زَ بازوی زور**

**નબશ્તા અસ્ત બર ગોરે બેહરામ ગોર**
**કે દસ્તો કરમ બે ઝ બાઝવી ઝોર.**

(રાજા બેહરામ ગોરની કબર ઉપર આવું લખેલું હતું : **'શક્તિશાળી હાથ કરતાં ઉદાર હાથ વધારે સારો છે.'**)

**آن کس که به دینار و درم خیر نیندوخت**
**سر عاقبت اندر سرِ دینار و درم کرد**
**خواهی مُتمتّع شوی از نعمت دنیا**
**با خلق کرم کن، چو خدا با تو کرم کرد**

**આં કસ કે બા દીનાર વ દિરમ ખૈર નીંદોખ્ત**
**સર આકેબત અંદર સરે દીનાર વ દિરમ કર્દ**
**ખ્વાહી મુતમત્તઅ શવી અઝ નેઅમતે દુન્યા**
**બા ખલક કરમ કુન, ચૂ ખુદા બા તૂ કરમ કર્દ**

(પોતાના ધનની મદદથી જેણે સખાવત (દાનધર્મ) કરી નથી તેણે ધનસંચય કરવામાં જ પોતાની જિંદગી વેડફી નાખી. જો તમારે દુન્યવી ધનસંપત્તિથી લાભ મેળવવો હોય તો ઉદારતા દર્શાવો કારણ કે અલ્લાહ તઆલા પોતે પણ તમારા તરફ ઉદાર છે.)

**درخت کرم هر کجا بیخ کرد**
**گذشت از فلک شاخ و بالای او**
**گر امیدواری کزو برخوری**
**به منّت مَنِه ارّه بر پای او**

**દરખ્ત કરમ હર કુજા બૌખ કર્દ**
**ગુઝિશ્ત અઝ ફલક શાખ વ બાલાઈ અવ**
**ગર ઉમીદવારી કઝૂ બાર ખૂરી**
**બો મિન્નાત મનોહ અર્રાબાર પાઈ અવ**

(જ્યારે જ્યારે ઉદારતાનું વૃક્ષ પોતાનાં મૂળિયાં નાખે છે ત્યારે ત્યારે તેનું થડ અને ડાળીઓ આકાશને આંબી જાય છે. જો તમે તેનાં ફળ ભોગવવા માગતા હો તો તેનાં મૂળિયાં કાપી નાખવાની મૂર્ખામી ના કરતા.)

**مکن ز گردش گیتی شکایت ای درویش**
**که تیره بختی اگر هم بر این نسق مردی**

توانگرا، چو دل و دست کامرانت هست
بـخور، ببخش، که دنیاَ و آخـرت بـردی

**મકન ઝ ગર્દિશ ગૈતી શિકાયત અય દરવેશ**
**કે તેરા બખ્તી અગર હમ બર ઈન નશક મર્દી**
**તવન્ગરા ચૂ દિલ વ દસ્તે કામરાનત હસ્ત**
**બખૂર, બબખશ, કે દુન્યા વ આખેરત બર્દી**

(અય નિર્ધન માણસ ! દુનિયાની ચડતી-પડતીની શિકાયત કરતો નહીં કેમકે જો એની વ્યથામાં પીડાવાનું ચાલુ રાખીશ અને મૃત્યુ પામીશ તો તું દુર્ભાગ્યશાળી બની જઈશ. અય ધનવાન માણસ ! તું નસીબદાર છે અને કામયાબ છે એ કારણે તું પોતે પણ ખા અને બીજાઓને પણ ખવડાવ કારણ કે એવું કરીશ તો તું દુનિયા અને આખેરત બન્ને પ્રાપ્ત કરીશ.)

کـس نـبـیـند بـخـیـلِ فـاضـل را
کـه نـه در عیب گفتَنش کـوشـد

ور کـریـمـی دو صـد گـنـه دارد
کـرمـش عـیـبـهـا فـرو پـوشـد

**કસ નબીનદ બખીલ ફાઝલ રા**
**કે ન દર ઐબ ગુફતનશ કુશદ**
**વર કરીમી દો સદ ગુના દારદ**
**કરમશ ઐબહા ફરૂ પુશદ**

(કોઈ વિદ્વાન માણસ કે જે કંજૂસ હોય તો તે તેના (આ) દુર્ગુણ માટે ટીકાપાત્ર બનશે જ્યારે જે માણસ ઉદાર હોય તો તેની ઉદારતા તેના બસ્સો ગુનાહોને ઢાંકી દેશે.) *

નવી કિતાબ પ્રગટ થઈ ચૂકી છે...

હઝરત ઈમામ ઝયનુલ આબેદીન(અ.)ની દુઆઓ અને મુનાજાતોનો સંગ્રહ(ગુજરાતી)

## સહીફએ કામેલા

**પ્રાપ્તિ સ્થાન : જાફરીબાગ, સિધ્ધપુર**


**દાંતનું દવાખાનું** **મો. ૯૮૨૧૬૦૧૨૯૬**

# + અલ્ટ્રાફાઈન ડેન્ટલ કલીનીક +

**ડો. રીફત ઈ. અઘારીઆ (શેરપુરા)**

B.D.S. (MUMBAI)

**ડેન્ટલ સર્જન**

**સમય : સવારે ૧૦ થી ૧**
**સાંજે ૫-૩૦ થી ૮-૩૦**
**દર રવિવારે દવાખાનું બંધ રહેશે.**

**શોપ નં. એ/૩, ખત્રી હાઉસ, જે. એ. મેઘાણી હાઈસ્કૂલની પાસે,**
**મેટ્રો પેલેસ હોટલની સામે, બહેરામબાગ, જોગેશ્વરી(વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૧૦૨**



હઝરત પીર મશાયખ બાવા(રહે.) કૃત.....

# મશાયખવાણી

## તરીકત યા'ને ધરમ મૂલ

● સત ગુરૂ પીર મશાયખ વાચા ●

### બયાન નં.૭૫

**પ્રીતમ પ્યારા વે પંથમાં હે મેરા,**
**જે આપ રે ગમાવે એ તન રે બોતેરા.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે આ પંથમાં મારો પ્રિયતમ મને ખૂબ જ પ્યારો છે. જેને પ્રાપ્ત કરવા માટે ઘણાં બધાં તન ગુમાવવાં પડે છે.)

**પંથમાં નિત ઉઠ પંથીકા ચલના,**
**પીત હો બિના પીયાકું નાં મિલના.**

(પીયાના આ પંથમાં તો પંથીએ નિત ઉઠીને ચાલવાનું જ હોય છે અને પ્રીત વગર પીયુનું મિલન થઈ શકતું જ નથી.)

**ભમરા રે ભોગી પંથ બાસ કેરા,**
**પંથ ઉસ મન હે રે અનેરા.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ભમરાનું દૃષ્ટાંત આપીને સમજાવે છે કે ભમરો પણ આ પંથની સુવાસનો આશિક છે. તેની દૃષ્ટિએ તો આ પંથ વિશિષ્ઠ પ્રકારનો છે.)

**જો રે એ પીયાકી બાસ નાં આવે,**
**ઉસ પંથ ઉઠ કર રાહમાં ધાવે.**

(જો આ ભમરાને પોતાના પીયુની વાસ જ્યાં સુધી આવતી નથી ત્યાં સુધી તેની શોધમાં રસ્તામાં દોડ્યા જ કરે છે.)

**પીયાજી જો ઉસથી રહીઆ છાંના,**
**તો ભમરા રે પીયાકી બાસે લોભાંના.**

(ભમરાથી તેનો પીયુ જો અદશ્ય અને અછાનો રહે તો તે ભમરો પોતાના પીયુની ખુશ્બૂ પ્રાપ્ત કરવા લોભાઈ જાય છે.)

**ભમરા રે સબું ફૂલ બાસ નાં લેવે,**
**તન રે અપના યું પંથમાં દેવે.**

(ભમરો કંઈ બધા ફૂલોની સુવાસ સૂંઘતો નથી પરંતુ એક જ (કમળના) ફૂલની જ વાસ સૂંઘે છે અને તેના માટે તો પોતાનું શરીર સમર્પિત કરી દે છે.)

**તન રે બિમાસણ અનું હે નાં રાખી,**
**જો પીત પીયાકી પરેમસુ ચાખી.**

(ભમરાએ પોતાના પીયુની પ્રીતને પ્રેમપૂર્વક જ્યારે ચાખી લીધી તો પછી તેણે પોતાનું શરીર ગુમાવ્યાનો જરા પણ પસ્તાવો ન કર્યો.)

**ફૂલ કમલકા પાંણી કેરે માંહાં,**
**પીયા કારણ જાવે ઉસ હી રે ઠાંહાં.**

(ભમરો કમળના ફૂલનો આશિક હોય છે અને કમળનું ફૂલ પાણીમાં ઉગે છે. તેના પીયુને મળવા કાજે ભમરો તે જગ્યાએ જાય છે.)

**જો બાસ પીયાકી વાં રે બોત આઈ,**
**તો પીયા કેરી બાસસું રહીલા લોભાઈ.**

(કમળના ફૂલમાં તેને તેના પીયુની ખુશ્બૂ ખૂબ આવી તેથી તે પીયુની ખુશ્બૂથી લોભાઈને તે ફૂલ સાથે ચોંટેલો જ રહ્યો.)

**જબ રે સુરજ દેખા ખીલા,**
**તબ ભમરે ને દેખા આપણ અકીલા.**

(જ્યારે સવારે ભમરાએ સૂર્યને ખીલેલો જોયો તો તેણે પોતાની જાતને એકલીને જ ત્યાં જોઈ.)

**કે રબસું એ અદકા હે પીયા રંગ રાતા,**
**કે સૂરજકું દેખ કર હુવા હે રે માતા.**

(સૂર્યના પ્રકાશમાં કમળના ફૂલને જોઈને ભમરો મનોમન કહેવા લાગ્યો કે મારા પીયુનો રાતો રંગ તો બધા રંગો કરતાં જુદા જ પ્રકારનો છે અને વળી સૂર્યના પ્રકાશમાં તે રંગને જોયો તો ભમરો મદમસ્ત બની ગયો.)

**યું જાંણ ભમરા ઉસ માંહે રહીઆ,**
**ઈતનોમેં સુરજ આથમ ગીયા.**

(મદમસ્ત બનીને ભમરો કમળના ફૂલની અંદર જ રહીને આખો દિવસ રસ ચૂસતો જ રહ્યો અને એટલામાં તો સૂરજ આથમી ગયો.)

**તબ જા નો કમલ આપ મુધાંણા,**
**તો ભમરા રે ભીતર પીતે બંધાંણા.**

(સૂર્ય આથમવાની સાથે કમળની પાંખડીઓ બિડાઈ ગઈ અને ભમરો કમળના ફૂલની અંદર પ્રેમને લીધે કેદ થઈ ગયો.)

**તબ જાનો ભમરા હુવા રે નચંતા,**
**કે પકડ મુજે પીયા પાસ લે જાવે યું ચંતા.**

(કમળ બિડાઈ જવાથી ભમરો નિશ્ચિંત બની ગયો કે મારા પીયુએ મને પોતાના બાહુપાશમાં જકડી લીધો છે.)

**પણ અફસોસ ઉસમાં કછુ એ નાં આયા,**
**યું પીયા પંથમાં એને તન રે ગમાયા.**

(કમળની પાંખડીઓમાં કેદ થઈ જવા છતાં પણ ભમરાએ જરા પણ અફસોસ ન કર્યો અને પીયાના પંથમાં જ તેણે પોતાના તનને ગુમાવી દીધું.)

**સુણ પંથી, પંથ એ ચંત ધર સુણીએ,**
**પંથ માંહી ચલતે પંથમાં ગણીએ.**

**-: રે તુંહી :-**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે હે તરીકતના પંથી ! તું મારી વાત સાંભળ. ભમરાની માફક તારે પણ આ પંથને ધ્યાનમાં લેવાનો છે. તું પણ આ જ પંથમાં ચાલ. ભમરાનો પંથ પણ પીયુનો જ પંથ છે.)

**તન સબ આપ ગમાય કર, દેખા કહીં ઠાંમ જાય રે,**
**દેખા કહીં ઠાંમ જાય;**
**તો ભી પીયુ નાં પાહીયા, જો છોડા તન ગમાય રે,**
**જો છોડા તન ગમાય.**

(ભમરાએ પોતાનું શરીર ગુમાવી દઈને જોયું કે તે કઈ જગ્યાએ જાય છે. તેણે પોતાનું તન ગુમાવી દીધું તો પણ તેણે પીયુને પ્રાપ્ત કર્યો નહીં.) ✻

## email...... email...... ટહુકો

**I am very impressed to read your wonderful magazine "JAFARI AAWAZ" on Internet. It seems to me that it is a very good magazine and I read almost all the interesting articles from January 2010 to June 2010. Congratulations ! Brother, your article like "Nahzul Balagah" Hadish and specially this month article "MAN KUNTO MOWLA" written by Dr. Nadeem Ahmed Jafari really need congratulation. Please keep it going. How I can send some donation?**

**Ashraf Agakhani**
**U.S.A.**

ભાઈશ્રી,

તમારું 'જાફરી આવાઝ' મેગેજીન વાંચ્યું. બહુ મજા આવી. તેમાં ઘણા સારા લેખો છે જેવા કે નહજુલ બલાગાહ, આપના પ્રથમ ઈમામ હઝરત અલી(અ.)એ આપેલ ખુત્બા, કેટલીક હદીસો અને બીજા લેખો ખરેખર પ્રશંસાને પાત્ર છે તેમાં ય ચાલુ માસના મેગેઝીનમાં આપેલ ભાઈ ડૉ.નદીમએહમદ જાફરીનો લેખ **'મન કુન્તો મૌલા'** ખરેખર ઘણો જ સારો છે. ધન્યવાદ. બહુ સારું મેગેઝીન છે. હું કેવી રીતે ડોનેશન મોકલાવી શકું ?

અશરફ આગાખાની
અમેરિકા

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

મૌલાના ઓબયદુલ્લાહ
અમૃતસરી દ્વારા સંપાદિત
**'અર્જહુલ મતાલિબ'**નો અનુવાદ

## જનાબે અમીર(અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### જંગે સિફ્ફીનમાં જનાબે અમીર(અ.)ની શુજાઅત

(ગતાંકનું ચાલુ)

જ્યારથી ઉમરૂ બિન આસ અને અબુ મૂસા જનાબે અલી(અ.) અને મોઆવિયાના હુકમ નિયુક્ત થયા હતા તે સમયથી ઉમરૂ બિન આસ દરેક કાર્યમાં અબુ મૂસાને આગળ કરતો હતો અને પોતે પાછળ રહેતો હતો અને ખૂબ જ આદર સત્કાર કરતો હતો. તે કહેતો હતો કે હું તમારા ઉપર કોઈ કાર્યમાં પહેલ કરવાનું પસંદ નથી કરતો. તમે ઉંમરમાં મારાથી મોટા છો. આપના હકમાં આં હઝરત(સ.)એ દુઆ કરી છે કે અય મારા પરવરદિગાર ! તું અબ્દુલ્લાહ બિન કૈસના ગુનાહ બક્ષી દે અને કયામતના દિવસે તેમને સારી જગ્યાએ દાખલ કરજે. આવી હરકતોથી અબુ મૂસાના મનમાં સંતોષ થઈ ગયો કે ઉમરૂ બિન આસનું દરેક કાર્યમાં મને પોતાની જાત કરતાં આગળ કરવામાં મારો આદર સત્કાર કરવાનું છે અને આમ ઉમરૂ બિન આસ તેમને ફરેબમાં લાવી રહ્યો હતો. જ્યારે બન્ને જણ હુકૂમત માટે ભેગા થયા અને અંદરો અંદર અભિપ્રાય આપવા લાગ્યા તો ઉમરૂ બિન આસે કહ્યું કે આપ સારી રીતે જાણો છો કે જનાબે ઉસ્માન(રઝી.) મઝલૂમ શહીદ થયા છે.

અબુ મૂસાએ કહ્યું, ખુદાના સમ, આ બાબત બિલકુલ યોગ્ય છે. હું પણ તેની સાક્ષી આપું છું. પછી તેણે કહ્યું કે આપને એ પણ ખબર છે કે મોઆવિયા ઉસ્માન(રઝી.)નો વલી છે. અબુ મૂસાએ કહ્યું, હા, ઠીક છે. ઉમરૂ બિન આસે કહ્યું, તો પછી હવે તેને કુરૈશનો મુતવલ્લી (વકફની સંપત્તિની દેખરેખ રાખનાર) બનાવવામાં આપને શું વાંધો છે ? જો આપ એ કાર્યથી ગભરાતા હો કે તેમને ઈસ્લામ કબૂલ કરવામાં પહેલ કરવાનો દરજ્જો પ્રાપ્ત નથી એ શરત તો એમાં મોજુદ છે કે તે કતલ થયેલ ખલીફાના અર્થાત ઉસ્માન(રઝી.)ના વલી છે અને તેમના ખૂનનો બદલો લેવાના ઈચ્છુક છે અને રાજનિતીજ્ઞ અને યુક્તિબાઝ તેમજ જનાબે સરવરે કાઈનાત(સ.)ની બીબી ઉમ્મે હબીબા (રઝી.)ના ભાઈ છે.

અબુ મૂસાએ કહ્યું, અય ઉમરૂ બિન આસ ! ખુદાથી ડર. મોઆવિયાની પ્રતિષ્ઠામાં જે વાતો તું કરી રહ્યો છે તે દીનદાર માણસો અને બુધ્ધિશાળી માણસોની દૃષ્ટિએ આ બધી સજ્જનતાની વાતો હોઈ શકે ખરી ? અગર હું કુરૈશમાં અફઝલ માણસને ખિલાફતના માટે પસંદ કરત તો જનાબે અલીને સુપરત કરત. એ બાબત કે જે તેં બયાન કરી કે તે ઉસ્માનનો વલી છે આ માટે આ કાર્ય તેને સોંપવામાં આવે તો હું ખાસ આ કાર્ય માટે તેને ખિલાફત આપી શકતો નથી કેમકે મુહાજિરો અને અન્સારો પર તેને કોઈ પણ રીતે ઉચ્ચતા પ્રાપ્ત છે જ નહીં, અને તેં તેના વર્ચસ્વની જે વાત રજૂ કરી છે કે અગર, અલ્લાહ કસમ આખી દુનિયાના લોકો ઉપર તે પ્રભુત્વ પ્રાપ્ત કરી લે તો પણ હું તેને ખલીફા બનાવી શકતો નથી. ઉમરૂ બિન આસે કહ્યું, અગર આપ મોઆવિયાને ખલીફા નથી બનાવતા તો મારા પુત્ર અબ્દુલ્લાહની બાબતમાં આપ શું કહો છો ? આપ તેની યોગ્યતા અને ફઝીલતથી સારી રીતે પરિચિત છો.

અબુ મૂસાએ જવાબ આપ્યો, તેં તારા પુત્રને જાતે જ આ ફિત્નાના દરિયામાં ડુબાડ્યો છે. તેથી આ કાર્ય તેને કદી પણ સોંપી શકાય તેમ નથી. ઉમરૂ બિન આસ કહેવા લાગ્યો, છેવટે આ કાર્ય તો એવા જ માણસને સોંપવામાં આવશે કે જે ખોરાક ખાતો હોય અને પાણી પીતો હોય, એટલે કે કોઈ ફરિશ્તો તો આના માટે નહીં જ આવે.

ઈબ્ને ઝુહૈરે આ સાંભળીને કહ્યું, અય અબુ મૂસા! ઉમરૂની વાતને ધ્યાનપૂર્વક સાંભળ અને વિચાર કર કે તે શું કહી રહ્યો છે. હોંશિયાર થઈ જા. ઈબ્ને જુહૈરે ઈબ્ને આસને કહ્યું, અય ઈબ્ને આસ! અરબના લોકોએ અંદરો અંદર તલવારબાજી અને નેઝાબાજી કર્યા પછી તારા ઉપર ભરોસો કરીને આ કાર્ય તને સોંપ્યું છે. તું ફરીથી તેને ફિત્નામાં ન નાખ અને ખુદાથી ડર. જ્યારે ઉમરૂ બિન આસની તમન્નાને અબુ મૂસાએ ન માની તો અબુ મૂસાએ તેની પાસે ખ્વાહિશ કરી કે અબ્દુલ્લાહ બિન ઉમરને ખલીફા બનાવવામાં આવે. ઉમરૂ બિન આસ આ અભિપ્રાય સાથે સહમત થવાનો ઈન્કાર કર્યો અને કહ્યું કે આના સિવાય બીજી કોઈ સલાહ રજૂ કરો. અબુ મૂસાએ કહ્યું, મારા પરામર્શમાં તો એવું આવે છે કે આ બન્નો અર્થાત અલી(અ.) અને મોઆવિયાને ખિલાફતથી અલગ કરીને એ બાબતને લોકોનાં સલાહ સૂચનો પર છોડી દેવી જોઈએ જેથી મુસલમાનો જે માણસને પસંદ કરે તેને પોતાના માટે ખલીફો બનાવી દે. ઉમરૂ બિન આસે કહ્યું, આ અભિપ્રાય ખૂબ જ યોગ્ય છે. આના ઉપર સહમતી સાધીને બન્ને બહાર નીકળ્યા.

લોકો એ બાબતની વાટ જોઈને જ બેઠા હતા કે જોઈએ કે આ બન્ને જણા કઈ બાબત પર સહમત છે. ઉમરૂ બિન આસે કહ્યું, અય અબુ મૂસા ! આપ આગળ જઈને લોકોને પોતાનું મંતવ્ય જણાવો. અબુ મૂસાએ આગળ વધીને કહ્યું, અમારા મંતવ્યે એક એવી બાબત ઉપર સહમતી સાધી છે કે જેના દ્વારા અમે આશા રાખીએ છીએ કે ખુદાવંદે તઆલા આ ઉમ્મતના કાર્યને વ્યવસ્થિત કરી દેશે અને લોકોના મનમાં રહેલી ગંદકીને દૂર કરીને તેમના વચ્ચેના વૈમનસ્યને નાબૂદ કરી દે અને તેમને એક જ જમાઅત બનાવી દેશે. ઉમરૂ બિન આસે કહ્યું, અય અબુ મૂસા સાચું કહે છે. જનાબે અબ્દુલ્લાહે અબુ મૂસાને કહ્યું, તમે ઉમરૂ બિન આસ સાથે અગર કોઈ મંતવ્ય પર સહમતી સાધી લીધી હોય તો તમે તેને આગળ કરો જેથી તે આપના પહેલાં પોતાના મંતવ્યને પ્રગટ કરે. હું એના ફરેબથી ડરું છું. મને તેનાથી જરા પણ સંતોષ નથી. બેશક આ વખતે તેણે તમારા મંતવ્ય પર પોતાની રજામંદી જાહેર કરી હશે પરંતુ જ્યારે તમે લોકો સમક્ષ તમારું મંતવ્ય પ્રગટ કરશો તો તે તેના વિરૂધ્ધ વાત કરશે. અબુ મૂસાએ કહ્યું, અમે બન્નેએ અંદરો અંદર સહમતી સાધી લીધી છે અને અમે રાજી થઈ ગયા છીએ. કદી પણ તેનાથી વિપરીત નહીં થાય. (ક્રમશઃ)

ઝાઝુ દૂધ, ઝાઝા ફેટ, ઝાઝો નફો
નવો અને તાજો ફર્મા બ્રાન્ડ
કપાસિયા ખોળ
ફર્મા કોટન ઈન્ડસ્ટ્રીઝ
જીનીંગ, પ્રેસીંગ એન્ડ ઓઈલ મીલ
ખીજળીયા તળાવ પાસે, હિંમતનગર-ઈલોલ રોડ,
તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા.
ફોન : (૦૨૭૭૨) ૨૯૧૩૦૫
મોબાઈલ : ૯૪૨૭૦૮૪૭૧૨/૯૪૨૮૧૩૫૮૨૯



પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા સાહેબ(રહે.) રચિત

# જુંબિશે લબ — جُنبشِ لب

## નઝમ ૧૩

اے علیؑ ابن الحسینؑ اے شاہِ زین العابدیں — **અય અલી ઈબ્નુલ હુસૈન, અય શાહે ઝયનુલ આબેદીં,**

اے امامِ عالمیں اے تاجدارِ مُلکِ دیں — **અય ઈમામે આલમીં અય તાજદારે મુલ્કેદીં.**

(અય હુસૈન(અ.)ના સુપુત્ર અલી(અ.) ! અય ઈબાદત કરનારાઓના શણગારરૂપ શાહ ! અય બધી જ દુનિયાઓના ઈમામ ! અય દીને ઈસ્લામ રૂપી મુલકના મુગટધારી !)

کاسرِ اصنامِ بدعت، ناشرِ شرعِ مبیں — **કાસિરે અસ્નામે બિદ્અત, નાશિરે શર્એ મુબીં,**

وارثِ تختِ امامت ھادیِ دینِ متیں — **વારિસો તખ્તે ઈમામત, હાદીએ દીને મુતીં.**

(અય બિદ્અતની મૂર્તિઓને તોડવાવાળા ! અને સ્પષ્ટ શરીઅતને પ્રગટ કરવાવાળા ! અય ઈમામતની ગાદીના વારસદાર ! અય મજબૂત દીનના હાદી !)

سرورِ ہر دوسرا اے خسروِ دنیا و دیں — **સરવરે હર દોસરા અય ખુસરવે દુન્યા વ દીં,**

اے امیر ابنِ امیر ابنِ امیرالمومنیں — **અય અમીર ઈબ્ને અમીર, ઈબ્ને અમીરુલ મોમિનીં.**

(અય આલોક અને પરલોક પ્રત્યેક જગતના સરદાર ! અય દીન અને દુનિયાના બાદશાહ ! અય અમીરુલ મોમિનીન અલી(અ.)ના સરદાર સુપુત્રના સરદાર સુપુત્ર !)

اے کہ تیری بندگی پر، بندگی کو ناز ہے — **અય કે તેરી બંદગી પર બંદગીકો નાઝ હૈ,**

تیرے عرفان و یقیں ہیں فخرِ عرفان و یقیں — **તેરે ઈર્ફાનો યકીં હૈ ફખ્રે ઈર્ફાનો યકીં.**

(અય (ઈમામ !) આપની બંદગી ઉપર તો ખુદ બંદગીને પણ ગર્વ છે. ખુદ માઅરેફત અને યકીન બન્ને આપની માઅરેફત અને યકીન ઉપર ગર્વ કરે છે.)

تو نبی کا ہے خلف، شمعِ ھدیٰ، درِّ نجف — **તૂ નબીકા હૈ ખલફ, શમ્એ હુદા, દુર્રે નજફ,**

مسندآرائے شرف تاجِ امامت کا نگیں — **મસ્નદઆરાએ શરફ તાજે ઈમામતકા નગીં.**

(આપ નબી(સ.)ના ફરઝંદ છો, હિદાયતના ચિરાગ છો, નજફનું (અમૂલ્ય) મોતી છો. ઈમામતની ગાદીને શોભાવનાર પ્રતિષ્ઠા છો અને ઈમામતના મુગટના નગીના છો.)

نورِ عینِ سیّدانِ خُلد، جانِ فاطمہؑ — **નૂરે ઐને સૈયદાને ખુલ્દ, જાને ફાતેમા,**

ابنِ شاہِ لافتیٰ، فرزندِ ختم المرسلیں — **ઈબ્ને શાહે લાફતા, ફરઝંદે ખત્મુલ મુર્સલીં.**

(આપ જન્નતના સરદારોની આંખોનું નૂર (અર્થાત સુપુત્ર) છો અને જનાબે ફાતેમા ઝેહરા(અ.)ની જાન છો. આપ **'લાફતા'**ના મુગટધારી હઝરત અલી(અ.)ના ફરઝંદ અને નબીઓમાં અંતિમ નબી હઝરત મોહંમદ મુસ્તફા(સ.)ના પણ ફરઝંદ છો.)

سات اماموں کے پدر، فرمانروائے شش جہت **સાત ઈમામોંકે પિદર ફર્માનરવાએ, શશ જિહત,**
جانشینِ پنجتن، برحق امامِ چارمیں **જાનશીને પંજેતન, બરહક ઈમામે ચાર મીં.**

(આપ સાત ઈમામોના બાપ છો અને આપ ઉપર અને નીચે સહિતની છ દિશાઓના શાસક છો. આપ પંજેતન પાક(અ.)ના ઉત્તરાધિકારી છો અને લોકોના બરહક (સાચા) ઈમામ છો.)

یوں ہے تیرے سر پہ رخشاں افسرِ صبر و رضا **યું હૈ તેરે સર પે રખ્શાં અફસરે સબ્રો રઝા,**
جیسے اقلیم عبادت ہے ترے زیرِ نگیں **જૈસે અકલીમ ઈબાદત હૈ તેરે ઝેરે નગીં.**

(આપના મુબારક સર ઉપર સબ્રો રઝા(ધૈર્ય અને અલ્લાહની રજામંદી)નો મુગટ ચમકી રહ્યો છે, જાણે કે ઈબાદતનો મુલક આપના મુગટના નગીનાની નીચે ન હોય !)

کربلا میں گو نہ نکلی تیری شمشیرِ جہاد **કરબલામેં ગો ન નિકલી તેરી શમશીરે જિહાદ,**
ضربِ تیغِ صبر لیکن آج بھی ہے دلنشیں **ઝર્બે તેગે સબ્ર લેકીન આજ ભી હૈ દિલનશીં.**

(જોકે કરબલાના મેદાનમાં જિહાદ માટેની આપની તલવાર મ્યાનમાંથી બહાર નીકળી નહીં પરંતુ આપના સબ્ર રૂપી તલવારનો પ્રહાર આજે પણ દિલમાં ઉતરી જાય તેવો છે.)

تیرے عمّ و اب، ہیں مخدومِ، جنابِ جبرئیلؑ **તેરે અમ્મો અબ હૈ મખ્દૂમે જનાબે જિબ્રઈલ,**
بلکہ ورثے میں ہے تیرے خدمتِ روح الامیں **બલ્કે વિરસેમેં હૈ તેરે ખિદમતે રૂહુલ અમીં.**

(આપના કાકા હઝરત અબ્બાસ અલમદાર અને પિતા હુસૈન(અ.) જનાબે જિબ્રઈલ(અ.)ના સ્વામી છે એટલું જ નહીં પરંતુ આપના વારસામાં તો રૂહુલ અમીન જિબ્રઈલ(અ.)ની ખિદમત મળેલી છે.)

آستاں پایا جو تیرا خوبیٔ تقدیر سے **આસ્તાં પાયા જો તેરા ખૂબીએ તકદીરસે,**
نام اُٹھنے کا نہیں لیتی ملائک کی جبیں **નામ ઉઠનેકા નહીં લેતી મલાઈકકી જબીં.**

(ઉત્તમ ભાગ્યને કારણે તો આપના ઘરનો ઉંબરો પ્રાપ્ત કર્યો છે તેથી તો ફરિશ્તાઓનાં કપાળ આપના ઉંબરા ઉપરથી ઉઠવાનું નામ સુધ્ધાં લેતાં નથી.)

کاش تیرے سنگِ در پر جبہ سا ہوتا ظہیرؔ **કાશ તેરે સંગે દર પર જબ્હાસા હોતા ‘ઝહીર’,**
خواب ہی میں یہ شرف ہوتا سعادت آفریں **ખ્વાબ હી મેં યે શરફ હોતા સઆદત આફરીં.**

(ખુદા કરે આપના દરવાજાના પથ્થર ઉપર ‘ઝહીર’ને માથું રગડવાનું નસીબ થાય. આવું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થવાની પ્રતિષ્ઠા ભલે ઊંઘની અવસ્થામાં મળે તો પણ વાહ કેવું સારું કહેવાય !)

تیری کفشِ پا اگر بن جائے اس کا تاجِ سر **તેરી નફશે પા અગર બન જાયે ઈસકા તાજે સર,**
افسرِ شاہی کی بھی پھر تو حقیقت کچھ نہیں **અફસરે શાહીકી ભી ફિર તો હકીકત કુછ નહીં.**

(આપના પગની મોજડી જો આ(ઝહીર)ના માથાનો મુગટ બની જાય તો પછી તેની આગળ બાદશાહના મુગટની કોઈ વિસાત નથી.)

| | |
|---|---|
| گوشۂ چشمِ کرم سے تو جو اس کو دیکھ لے | **ગોશએ ચશ્મે કરમસે તૂ જો ઉસકો દેખલે,** |
| آنکھ جھپکاتے وہ پائے دولتِ دنیا و دیں | **આંખ ઝપકાતે વો પાએ દૌલતે દુન્યા વ દીં.** |

(જો તું તે(ઝહીર)ને તારી કૃપાળુ આંખના એકાદ ખૂણાથી પણ કદાચ જોઈ લે તો આંખના પલકારામાં તે(ઝહીર)ને દીન અને દુનિયાની દોલત પ્રાપ્ત થઈ જાય.)

| | |
|---|---|
| سَر جُھکا دے اے ظہیر اُس آستانِ پاک پر | **સર ઝુકા દે અય 'ઝહીર' ! ઉસ આસ્તાને પાક પર,** |
| ہاں تصور ہی میں حاصل کر لے تنویرِ جبیں | **હાં, તસવ્વુર હી મેં હાસિલ કર લે તન્વીરે જબીં.** |

(અય **'ઝહીર'** ! એમના આ પવિત્ર દ્વાર ઉપર તારા મસ્તકને ઝુકાવી દે. એમના કપાળ પર ચમકતા નૂરનો દીદાર ભલેને કલ્પનાશક્તિની મદદથી પ્રાપ્ત કરી લે.) *

## ફાતેમા ગર્લ્સ હોસ્ટેલ

**મુ.પો. સવગઢ, ઝહીરાબાદ, હિંમતનગર. ફોન : ૨૨૩૨૨૦**

**મોમિન ભાઈઓ તરફથી મળેલ સ્વૈચ્છિક યોગદાન**

રૂા.૫૧૦૦૦/- મો.મર્હૂમ સુલેમાનભાઈ ઈબ્રાહીમભાઈ વિજાપુરા(જેઠીપુરા)
રૂા.૨૫૦૦૦/- મો.ઈસ્માઈલભાઈ નશીરભાઈ પટેલ(કનાઈ-કેસીમ્પા)
રૂા.૧૦૦૦૦/- મો.અબ્બાસભાઈ ગુલામભાઈ મસી (ઈલોલ તલાવ)
રૂા.૧૦૦૦૦/- મો.મૈયમઅલી ઈસુબભાઈ વિજાપુરા (જેઠીપુરા)
રૂા.૬૦૦૦/- મો.અબ્બાસભાઈ યુસુફભાઈ ખરોડીયા(પીંપોદર-ગાંધીનગર)
રૂા.૫૪૪૦/- મો.ઈસ્માઈલભાઈ નુરભાઈ વિજાપુરા (કિશોરગઢ-પરબડાવાળા)
રૂા.૫૦૦૦/- મો.હબીબભાઈ સુલેમાનભાઈ નુરભાણેજ (ઈલોલ તલાવ)
રૂા.૫૦૦૦/- મો.ગુલામમહંમદ સુલેમાનભાઈ નુરભાણેજ (ઈલોલ તલાવ)
રૂા.૫૦૦૦/- મો.તાહેરઅલી ગુલામનબી પટેલ (કનાઈ-વડોદરા)
રૂા.૫૦૦૦/- મો.આબિદઅલી યાકુબભાઈ આગલોડીયા(પીંપોદર-હિંમતનગર)
રૂા.૪૪૦૦/- મો.ગુલામમહંમદ વલીભાઈ રાજપુરા (કેસરપુરા-ઝહીરાબાદ)
રૂા.૨૫૦૦/- મો.નુરભાઈ વજીરભાઈ પટેલ (કનાઈ)
રૂા.૨૫૦૦/- મો.ઈન્તેખાબઅલી ગુલામભાઈ ખણુસીયા (કનાઈ)
રૂા.૨૧૨૦/- મો.મયુરભાઈ ડોડીયા(મહેરપુરા)
રૂા.૨૧૨૦/- શાઈન ઈલેક્ટ્રીકલ્સ(કાટવાડ)
રૂા.૨૦૦૦/- મો.ઈસ્માઈલભાઈ યારમહંમદ ડોડીયા(મહેરપુરા)
રૂા.૨૦૦૦/- મો.ડૉ.હૈદરઅલી અબ્દુલભાઈ ખણુશીયા (હરીપુરા)
રૂા.૨૦૦૦/- મો.વલીભાઈ હબીબભાઈ હાજી (ઈલોલ તલાવ-ગાંધીનગર)
રૂા.૨૦૦૦/- મો.મહંમદઅલી દાઉદભાઈ નુરભાણેજ (ઈલોલ તલાવ)
રૂા.૧૩૧૫/- નવજીવન ઈલેક્ટ્રીક(કાટવાડ)
રૂા.૧૦૦૦/- મો.ગુલામહુસૈન હબીબભાઈ લોઢા (ઈલોલ પહાડીયા)

**ભેટ સોગાદ સ્વરૂપે મળેલ યોગદાન**

(૧) રૂા.૨૩૮૦૦/- મો.ઈસ્માઈલભાઈ અમદાભાઈ પટેલ(કનાઈ) તરફથી વૉટર કુલર વીથ આર.ઓ.
(૨) રૂા.૧૨૫૦૦/- મો.અનવરઅલી નુરમહંમદ વાઘ (ઈલોલ તલાવ) તરફથી સોફા સેટ
(૩) રૂા.૩૦૦૦/- મો.અકબરઅલી યાકુબભાઈ વાઘ (ઈલોલ તલાવ) તરફથી ગેસ ગીઝર

# જ્ઞાન ગોષ્ઠિ

: સંપાદક :

'મોમિન રત્ન'

## ઈસ્લામી શિષ્ટાચાર

### હિલ્મ-હલીમી

- હિલ્મ અરબી ભાષાનો શબ્દ છે જેનો અર્થ ધીરજ ધરવી અને સહન કરી લેવું એવો થાય છે.
- જીવનની અંદર કોઈક વાર એવી પરિસ્થિતિ પેદા થાય છે, એવો સમય આવે છે કે જ્યારે સમસ્યાઓ પેદા થાય છે, મુશ્કેલીઓ સર્જાય છે. જ્યારે આવી સમસ્યાઓ ઉદ્ભવે ત્યારે બે બાબતોમાંથી કોઈ એક બાબત વ્યક્તિ કરી શકે તેમ હોય છે.
  (૧) કાં તો તે સમસ્યાને ઉકેલવાનો બનતો પ્રયત્ન કરીને તેને દૂર હડસેલી દેવા માટે શક્તિમાન બને છે.
  (૨) કાં તો તે માથે હાથ દઈને બેસી રહે છે, નસીબને દોષ દઈ તે સમસ્યા જાતે દૂર ન થઈ જાય તેની રાહ જુએ છે.
- જો માણસ સમસ્યાને હલ કરી દે તો તેને હકારાત્મક કાર્ય કહેવાય અને તેના માટે સફળ થવાની એકાદ તક મળી રહેશે. પરંતુ જો તેનો અભિગમ નકારાત્મક હોય તો સમસ્યા જેમની તેમ જ રહેશે અને વ્યક્તિ માત્ર મનોમન દિલગીરી અનુભવશે.
- અલ્લાહ તઆલા એ લોકોને જ મદદ કરે છે કે જેઓ પોતાની જાતને મદદ કરે છે જેથી જ્યારે કોઈ માણસ અલ્લાહને ફરિયાદ કરે છે અને એવું કહે છે કે મારી સાથે આવું કેમ બન્યું ? ત્યારે તેને અલ્લાહમાં ખૂબ જ ઓછો ભરોસો હોય છે. આવું એ કારણે કે જ્યારે કોઈ આફત આપણા ઉપર આવી પડે ત્યારે અલ્લાહ આપણી કસોટી કરતો હોય છે.

કુરઆન શરીફમાં અલ્લાહ તઆલા આપણને ફરમાવે છે કે શું આપણે એવું માનીએ છીએ કે આપણે ઈમાનદાર છીએ એવું કહેવું પૂરતું છે અને આપણી કસોટી/અજમાયશ જ ન થાય ?

- આ તો દુન્યવી હરિફાઈના જેવું થયું. જો કોઈ માણસ એવું કહે કે તે પોતે વિશ્વ રેકોર્ડ તોડશે તો શું તમે એવું માનો છો કે લોકો એવું કહેશે કે સારું, લો લઈ જાઓ આ ગોલ્ડ મેડલ. તમારો આભાર. અલબત્ત લોકો આવું નહીં જ કહે. લોકો તેને અજમાવશે અને જોશે કે આ માણસ બોલે છે એવું વર્તે છે ખરો.
- પયગમ્બર હઝરત મોહંમદ(સ.)એ ફરમાવ્યું છે:

**'તમે રોદણાં રડવાને કારણે તમારા સવાબને બરબાદ ન થવા દો. જો તમારે તમારા દુર્ભાગ્યનો બદલો જોવો હોય તો તમે એવું જાણવા પામશો કે જેઓ અલ્લાહની મરજીને આધીન રહે છે અને ધૈર્યપૂર્વક (આફતોને) સહન કરે છે એવા લોકો માટે અલ્લાહે જે મહાન બદલો આપવાનું વચન આપ્યું છે તેની સરખામણીમાં તે બદલો નાનકડો હશે.'**

- આ રીતે પોતાની જાતને શક્ય હોય એટલી મદદ કર્યા પછી ધૈર્ય ધારણ કરવાનું કાર્ય ઈમાનનું કાર્ય છે કેમકે અલ્લાહે આપણને વચન આપ્યું છે કે આપણને અજમાવવામાં આવશે અને તે મુશ્કેલી એવી છે કે જેને આપણે મહાત કરવી જ જોઈએ.
- જો આપણે મુશ્કેલીના સમયે હિલ્મ અને ધીરજ ધારણ કરીએ તો આપણે કસોટીમાંથી પસાર થઈ ગયા અને આપણને રાહતનું વચન આપવામાં આવે છે કારણ કે અલ્લાહ તઆલા પવિત્ર

કુરઆનમાં સૂરા-૯૪, આયત-૬માં ફરમાવે છેઃ

**'નિઃશંકપણે દરેક આફતના પછી રાહત હોય છે.'**

- આથી જો આપણે ધૈર્યપૂર્વક સહન કરીશું તો અલ્લાહની કૃપાથી સમસ્યા આપોઆપ હલ થઈ જશે.
- જ્યારે આફત આવે ત્યારે જ હિલ્મ ધારણ કરવું એટલું જ નથી પરંતુ જ્યારે આપણને અન્યાય થયો હોય ત્યારે પણ હિલ્મ ધારણ કરવું જોઈએ. અમુક એવી લાગણીઓ હોય છે કે જે આપણને મીઠો સંતોષ આપે છે જેમકે કોઈએ આપણું નુકસાન કર્યું હોય તેનો બદલો લેવો કે વેર વાળવું.
- આવા માણસને માફ કરી દેવો એ સહેલી બાબત નથી ખાસ કરીને એવા સંજોગોમાં કે જ્યારે આપણે વળતો પ્રહાર કરવા માટે સક્ષમ હોઈએ. આવા સંજોગોમાં હિલ્મ ધારણ કરવું હોય તો મજબૂત ઈચ્છા શક્તિની જરૂર પડે છે. આ બાબત પયગમ્બર(સ.)ની નીચેની હદીસ ઉપરથી સ્પષ્ટ થાય છે.

**'તમારામાં સૌથી મજબૂત માણસ એ છે કે જે પોતાની જાતને અંકુશમાં રાખે છે જ્યારે કે તે ગુસ્સામાં હોય અને સૌથી વધારે હલીમ (ધૈર્યવાન) માણસ તમારામાં એ છે કે જે પોતાના દુશ્મનને મ્હાત કર્યા પછી તેને માફ કરી દે છે.'**

## ફિત્નો અને ફસાદ

- ફિત્નો અને ફસાદનો અર્થ થાય અફવા ફેલાવવી અને લોકો વિષે જૂઠાણાં કહેવાં એવી નિય્યતથી કે લોકોની બદનામી થાય.
- ફિત્નો અને ફસાદ એક પ્રકારની નિંદા જ છે પરંતુ ફેર એટલો જ છે કે અફવાઓ અન્યાયપૂર્ણ અને જૂઠથી ભરેલી હોય છે.
- ફિત્ના અને ફસાદનું બીજું નામ છે કોઈની બદનામી કરવી.
- ઈમામ હસન(અ.)એ ફરમાવ્યું છે :

**'જો કોઈ માણસ તમારી પાસે આવે અને કોઈકનું બૂરું બોલે તો તમારે જાણી લેવું જોઈએ કે તે વાસ્તવમાં તો તમારું જ બૂરું બોલે છે, આવા માણસને પોતાનો દુશ્મન માની લેવો જ યોગ્ય છે, અને તેનો કદી વિશ્વાસ ન કરવો કેમકે જૂઠ, છળપ્રપંચ, છેતરપીંડી, ઈર્ષા, ઢોંગ, બેઈમાની અને ટંટો ફસાદ ઉત્પન્ન કરવો તે હાથોહાથની બદનક્ષી છે.'**

- ઈમામ અલી મુર્તઝા(અ.)એ ફરમાવ્યું છે :

**'તમારામાં સૌથી ખરાબ માણસો એ છે કે જેઓ લોકોની બદનક્ષી કરે છે અને મિત્રો વચ્ચે ફિત્નો ફસાદ ફેલાવતા રહે છે, તેઓ નિર્દોષ લોકોને દોષિત બનાવે છે.'**

- કોઈની બદનક્ષી કરવી એ એવું ખરાબ કૃત્ય છે કે પયગમ્બરે અકરમ(સ.)એ ફરમાવ્યું છે :

**'બદનક્ષી કરનાર માણસ જન્નતમાં પ્રવેશ નહીં કરી શકે.**

- બદનક્ષી કરવી એ હરામ બાબત છે કેમકે તે કોઈની ઈજ્જતને હાનિ પહોંચાડે છે. જેની પણ બદનક્ષી કરવામાં આવી હોય તે અયોગ્ય બાબત છે કેમકે લોકો તેના વિષે એવી બાબતો વિચારે છે જે બાબતો તેણે આચરી નથી હોતી.
- બદનક્ષી સમાજને છિન્ન ભિન્ન કરી નાખે છે અને સમાજમાં દુશ્મનાવટ અને તિરસ્કારની

★★★ **અઝ ફિક્રે આકેબત રહીદમ,**
**જનસ ગમે આલ તો ખરીદમ.** -અલ્લામા ઈકબાલ ★★★

(મૌલા ! મેં આખેરતની ચિંતા કરવાનું છોડી દીધું છે કેમકે
મેં આપની આલે પાક(અ.)ના ગમની જણસ(સોદો) ખરીદી લીધી છે.

ભાવના જન્માવે છે તે સૌથી વધારે ખરાબ ગુનાઓમાંનો એક છે અને ગીબત અને સામાજિક ગુનાહોની સાથો સાથ જાય છે.

- જેઓ બદનક્ષી કરે છે તે લોકો કાયર છે, જેની સાથે લોકો ભલાઈથી વર્તે છે તેમને જ્યારે તેઓ જુએ છે તો તેમના પ્રત્યે ઈર્ષાખોર બની જાય છે અને તેમની આબરૂને કલંક લગાડવાની ઈચ્છા કરે છે, મોઢા મોઢ તેમનું અપમાન કરવાની તેમની હિંમત હોતી નથીઅને તેથી જ તો સર્પની માફક અંધારામાં સળવળતા અને કાનફુસી કરતા ફરે છે. ✻

## ટચૂકડી વાત

એક વાર હઝરત રસૂલે ખુદા(સ.) કેટલાક અસહાબો સાથે મસ્જિદે નબવીમાં પધાર્યા. આપે જોયું કે મુસલમાનોએ બે જૂથ બનાવી દીધાં છે અને તે બન્ને જૂથ પોત પોતાની પ્રવૃત્તિમાં તલ્લીન છે.

એક જૂથ અલ્લાહનો ઝિક્ર-નમાઝ-દુઆઓમાં મશગૂલ છે જ્યારે બીજું જૂથ તાલીમના કાર્યમાં પઢવા-પઢાવવામાં લીન થઈ ગયું છે.

હુઝૂર(સ.) થોડી વાર થોભ્યા. બન્ને જૂથો તરફ નજર નાખી અને આનંદિત થયા. પછી પોતાના સાથીઓને સંબોધીને કહ્યું,

'આ બન્ને જૂથો નેક કાર્યો કરી રહ્યાં છે, સત્યના અને નેકીના માર્ગે ચાલી રહ્યાં છે.'

પછી આપે બન્ને જૂથો માટે દુઆ કરી અને ઉમેર્યું,

'પણ મને તો જ્ઞાન અને તાલીમના પ્રચાર અર્થે મોકલવામાં આવ્યો છે.'

આટલું કહીને આપ જે જૂથ લેખન-વાંચન શીખવાડી રહ્યું હતું તેના તરફ વળ્યા અને એ જૂથમાં જગ્યા કરીને બેસી ગયા. ✻

## નુસ્ખા

### કમરનો દુઃખાવો

(ગતાંકનું ચાલુ)

✻ લવીંગનું તેલ ઘસવાથી સંધિવાનો દુઃખાવો મટે છે.

✻ ધાણા ૧૦ ગ્રામ અને સૂંઠ ત્રણ ગ્રામ લઈને તેને વાટીને તેનો ઉકાળો બનાવી તેમાં મધ નાખી પીવાથી પડખાનો દુઃખાવો તથા છાતીનો દુઃખાવો મટે છે.

✻ સૂંઠ, સાજીખાર અને હિંગનું ચૂર્ણ ગરમ પાણીમાં લેવાથી સર્વ પ્રકારનાં શૂળ મટે છે.

✻ જીરૂ, હિંગ અને સિંધવની ફાકી ઘી સાથે લેવાથી શૂળ મટે છે.

✻ એક ચમચી શેકેલી હિંગ થોડા ગરમ પાણીમાં પીવાથી પડખાનો દુઃખાવો મટે છે.

✻ સૂંઠનો ઉકાળો કરીને તેમાં એક ચમચી દિવેલ નાખીને પીવાથી સંધિવાનો દુઃખાવો મટે છે.

✻ દોઢ થી બે તોલા ભાર મેંથી અથવા મેંથીનો પાવડર રોજ પલાળીને લેવાથી વા મટે છે.

✻ કોઈ પણ પ્રકારના શૂળ પડખા, છાતી, હૃદય કે માથામાં દુઃખાવો હોય ત્યારે તુલસીનો રસ ગરમ કરીને તેના પર માલિશ કરવાથી તરત આરામ થાય છે અને બે ચમચી તુલસીનો રસ પી જવો.

✻ મેંથીને થોડા ઘીમાં શેકીને તેનો લોટ કરવો, તેમાં ગોળ ઘી ઉમેરીને લાડુ બનાવી લેવા. આ લાડુ ૮-૧૦ દિવસ સુધી ખાવાથી કમરનો દુઃખાવો અને સંધિવા મટે છે. જકડાઈ ગયેલા અંગો છૂટા પડે છે અને હાથે પગે થતું કળતર પણ મટે છે.


**મહંમદઅલી યુનુસભાઈ મસી (મહેરપુરા)**
**૫૮.૭૭%** B.E. **(Mech.)**

# આપણા ઘરની વાતો

● **કઠોરમાં 'બાબુલ ઈલ્મ' કવીઝ કોમ્પિટીશનનું આયોજન :**

કઠોરથી મો.અબ્બાસ એમ. મોમિન(સર્વેયર)ની યાદી જણાવે છે કે આ વર્ષે મુ.તા. ૭, ૧૦ અને ૧૩ રજબના રોજ ***બાબુલ ઈલ્મ કવીઝ કોમ્પિટીશન***નું આયોજન સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. ઈ.સ.-૨૦૦૪થી સતત આ કવીઝ કોમ્પિટીશનનું આયોજન થતું આવ્યું છે. આ કવીઝ કોમ્પિટીશનમાં કુલ ૬ ટીમોએ ભાગ લીધો હતો અને ફાઈનલમાં ***મુશાહિદ ટીમ***ના સભ્યો ***મો.અલીરઝા મુસ્તાકઅલી*** અને ***અકબરઅલી તાલિબઅલી*** વિજેતા થયા હતા. ભાગ લેનાર તમામને ઈનામ આપવામાં આવ્યાં હતાં. ત્રીજી શાબાનના રોજ મદ્રેસામાં પઢતાં બાળકો માટે પણ બાબુલ ઈલ્મ કવીઝ કોમ્પિટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મદ્રેસાનાં ૫૭ બાળકોએ ભાગ લીધો હતો. ત્રણ ત્રણ બાળકોની કુલ ૧૯ ટીમોએ ભાગ લીધો હતો. બાળકો માટે દિનીયાત ભાગ-૧ અને દિનીયાત ભાગ-૨ અભ્યાસક્રમ રાખેલ હતો. પ્રથમ ૧૯ ટીમોની લેખિત પરીક્ષા લેવામાં આવી હતી જેમાં સૌથી વધુ માર્કસ મેળવનાર પ્રથમ પાંચ ટીમોને ત્રીજી શાબાનની રાત્રે સવાલ પૂછવામાં આવ્યા હતા. મદ્રેસાનાં નાનાં નાનાં બાળકોએ ઘણી જ સારી રીતે ભાગ લઈ તમામ સવાલોના જવાબ આપ્યા હતા. પ્રથમ આવનાર ટીમ ***(૧) મો.મિદહતફાતેમા ઈમ્તિયાઝઅલી (૨) વારિસઅલી મહેરઅલી (૩) મહેંદીઅલી આબિદઅલી*** હતી. તમામ ભાગ લેનાર બાળકોને મુખી આગેવાનોના હસ્તે ઈનામો આપવામાં આવ્યાં હતાં. મુખીશ્રી સલમાનભાઈ તરફથી પાંચ ટીમોના દરેક બાળકને રૂા.૫૦/- પ્રોત્સાહક ઈનામો આપવામાં આવ્યાં હતાં. કોમ્પિટીશનમાં ભાગ લેનાર તથા સહકાર આપનાર તમામનો આયોજક મો.અબ્બાસભાઈ એમ. મોમિને આભાર માનીને નામદાર ઝહીરહુસૈન બાવા(રહે.) તથા તમામ મર્હૂમીનનો ફાતેહા પઢાવીને દુઆ માગવામાં આવી હતી.

● **નવોદય વિદ્યાલયમાં પસંદગી :**




ઈલોલ તલાવ નિવાસી અને ધો.૫માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ***મો.અલીહૈદર ખાદિમહુસૈન સાવદી***ની નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષામાં હિંમતનગર તાલુકામાં પસંદ થયેલ પાંચ વિદ્યાર્થીઓમાં પસંદગી થઈ છે અને પ્રવેશ મેળવવા માટે પાત્ર બનેલ છે જે નવયુગ પ્રાથમિક અને માધ્યમિક શાળા ઈલોલ અને ગામ જમાઅત માટે ગૌરવની બાબત છે. અભિનંદન.

● **ઈન્નાલિલ્લાહે :**



કનાઈ નિવાસી ***મર્હૂમા મો.અમીનાબેન શરીફભાઈ દેધરોટીયા*** મુ.તા.૧૧, શાબાન-૧૪૩૧, તા.૨૪-૭-૨૦૧૦ને શનિવારના રોજ ૯૨ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે નેક, ઈમાનદાર, પરહેઝગાર તથા મોહંમદ વ આલે મોહંમદ અને પીરો મુરશિદનાં ચાહક હતાં.




કાટવાડ નિવાસી ***મર્હૂમ મો.ઈબ્રાહીમભાઈ નુરભાઈ વિજાપુરા*** મુ.તા.૨૩, શાબાન-૧૪૩૧, તા.૫-૮-૨૦૧૦ને ગુરૂવારના રોજ ૭૭ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ મોહંમદ વ આલે મોહંમદ અને પીરાને તરીકતના ચાહક તથા આશિકે હુસૈન હતા. મર્હૂમ સ્વભાવે લાગણીશીલ, સેવાભાવી અને નરમ સ્વભાવના હતા. મર્હૂમ હંમેશાં ઈમાનદારી, નીતિ પ્રમાણે અને સત્યવાણીથી વર્તન કરતા હતા. મર્હૂમે સહાયક બંધારણ કમિટી, સાબરકાંઠાના પ્રતિનિધિ તરીકે સેવા આપેલ હતી.



ચડોતર નિવાસી ***મર્હૂમા મો.ખૈરૂન્નિસાબેન મહંમદભાઈ માંકણોજીયા*** મુ.તા.૨૭, શાબાન-૧૪૩૧, તા.૯-૮-૨૦૧૦ને સોમવારના રોજ ૩૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. ---➔



⟵--- સાથળ નિવાસી અને સરખેજ સ્થિત ***મર્હૂમ મો.કમરઅલી મહંમદભાઈ*** મુ.તા.૨૯, રજબ-૧૪૩૧, તા.૧૨-૭-૨૦૧૦ને સોમવારના રોજ ૪૨ વર્ષને વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. તેઓ જમાઅતના નાના મોટા કામ જવાબદારીપૂર્વક નિભાવતા હતા. સરખેજ જમાઅતને તેમની ખોટ કાયમી રહેશે.



સાથળ નિવાસી અને સરખેજ સ્થિત ***મર્હૂમ મો.ફકીરમહંમદ ગુલામભાઈ*** મુ.તા.૨, રજબ-૧૪૩૧, તા.૧૫-૬-૨૦૧૦ને મંગળવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. ---➔



⟵--- પહાડીયોલ કંપા નિવાસી ***મર્હૂમ મો.ઝહીરઅબ્બાસ ગુલામહુસૈન શેરસીયા*** મુ.તા.૧૬, શાબાન-૧૪૩૧, તા.૨૯-૭-૨૦૧૦ને ગુરૂવારના રોજ ૩૦ વર્ષની યુવાન વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે.



વસો નિવાસી અને અમદાવાદ સ્થિત ***મર્હૂમ મો.હાજી મૈસમઅલી હાજી ગુલામઅલી મોમિન*** મુ.તા.૨૩, રજબ-૧૪૩૧, તા.૬-૭-૨૦૧૦ને મંગળવારના રોજ લીવરની બીમારીના કારણે ૬૧ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ નેક, નિઃસ્વાર્થ સેવાભાવી, શાંત સ્વભાવના, નમાઝના પાબંદ, મોહંમદ વ આલે મોહંમદ અને પીરાને તરીકતના ચાહક હતા. ---➔

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

**જાફરી આવાઝનો અંક ન મળતો હોય કે સરનામુ બદલવાનું કે સુધારવાનું હોય તો આપેલ ફોન નંબર્સ ઉપર સંપર્ક કરવો. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬, મો.૯૪૨૮૬૪૬૪૭૬, ૯૮૨૫૪૯૭૧૭૮**

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૧૦૦/- મો.હાજીયાણી ફાતમાબેન નુરમહંમદ(કઠોર)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે.

***મર્હૂમા ખૈરૂન્નિસાબેન મહંમદભાઈ માકણોજીયા(ચડોતર)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.***

રૂા.૧૫૧/- મો.મહંમદભાઈ હબીબભાઈ માકણોજીયા
રૂા.૧૦૦/- મો.મોહસિનઅલી મહંમદભાઈ માકણોજીયા
રૂા.૧૦૧/- મો.શીરીનબાનુ મહંમદભાઈ માકણોજીયા
રૂા.૫૧/- મો.મહેમૂદહસન મહંમદભાઈ માકણોજીયા
રૂા.૧૦૦/- મો.મહંમદભાઈ રાજેભાઈ માકણોજીયા
રૂા.૫૦/- મો.હસીનાબેન ઈસ્માઈલભાઈ મેમનજીયા
રૂા.૫૦/- મો.સકીનાબેન ગુલામભાઈ મેમનજીયા
રૂા.૧૦૦/- મો.ઝુબેદાબેન મિયાજીભાઈ માકણોજીયા
રૂા.૫૦/- મો.અસગરભાઈ હબીબભાઈ મોરીયા
રૂા.૫૦/- મો.હુસૈના મેમાભાઈ માંકણોજીયા
રૂા.૫૦/- મો.માસુમા કાસમઅલી અસામદી

રૂા.૧૫૦/- મો.હાજી મહંમદહુસૈન હાજી પીરભાઈ(વસો)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૫૦/- ગુડલક ટ્રાન્સપોર્ટ(વસો) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે.

***મર્હૂમા મો.અમીનાબેન શરીફભાઈ દેધરોટીયા (કનાઈ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.***

રૂા.૧૦૦/- મો.નુરભાઈ શરીફભાઈ દેધરોટીયા
રૂા.૧૦૦/- મો.ઈબ્રાહીમભાઈ શરીફભાઈ દેધરોટીયા
રૂા.૧૦૦/- મો.ઈસ્માઈલભાઈ શરીફભાઈ દેધરોટીયા
રૂા.૧૦૦/- મો.કાસમભાઈ શરીફભાઈ દેધરોટીયા
રૂા.૫૦/- મો.વજીરઅલી ઈસ્માઈલભાઈ દેધરોટીયા
રૂા.૫૦/- મો.ઈમદાદહુસૈન કાસમભાઈ દેધરોટીયા
રૂા.૫૦/- મો.રહીમબેન ઈબ્રાહીમભાઈ દેધરોટીયા
રૂા.૫૦/- મો.કુલસુમબેન ઈસ્માઈલભાઈ દેધરોટીયા
રૂા.૫૦/- મો.શીરીનબેન કાસમભાઈ દેધરોટીયા
રૂા.૫૦/- મો.મરીયમબેન અલીભાઈ ખણુશીયા
રૂા.૫૦/- મો.મરીયમબેન નુરભાઈ ભોવણીયા
રૂા.૫૦/- મો.હુસૈનાબેન ગુલામહુસૈન હોલ્ડા
રૂા.૫૦/- મો.ઝયનબબેન મહંમદઅલી દેધરોટીયા
રૂા.૫૦/- મો.ખુદયજાબેન ગુલામમહંમદ ગોદડ
રૂા.૨૫/- મો.તાહેરાબેન વજીરઅલી દેધરોટીયા
રૂા.૨૫/- મો.ફિઝઝાબેન મીકદાદઅલી પટેલ
રૂા.૨૫/- મો.તાહેરાબેન મીકદાદઅલી દાવડા
રૂા.૨૫/- મો.હબીબાબેન અકબરઅલી દેધરોટીયા
રૂા.૨૫/- મો.નજમાબેન મહેંદીઅલી પટેલ
રૂા.૨૫/- મો.હુસૈનાબેન હસનઅલી દાવડા
રૂા.૨૫/- મો.હુસૈનાબેન મહંમદઅલી પટેલ
રૂા.૨૫/- મો.સાકેરાબેન ઈમદાદઅલી ખણુશીયા
રૂા.૨૫/- મો.નજમાબેન ઈમદાદહુસૈન દેધરોટીયા
રૂા.૨૦/- મો.અહેમદઅબ્બાસ વજીરઅલી દેધરોટીયા
રૂા.૨૦/- મો.બસીરએહમદ વજીરઅલી દેધરોટીયા
રૂા.૨૦/- મો.તફસીરફાતેમા ઈમદાદહુસૈન દેધરોટીયા

***મર્હૂમ મો.ઈબ્રાહીમભાઈ નુરભાઈ વિજાપુરા (કાટવાડ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.***

રૂા.૨૫૧/- મો.ઝયનબબેન ઈબ્રાહીમભાઈ વિજાપુરા
રૂા.૧૦૧/- મો.તાલિબઅલીઈબ્રાહીમભાઈ વિજાપુરા
રૂા.૧૦૧/- મો.ફિઝઝાબેન તાલિબઅલી વિજાપુરા
રૂા.૫૦/- મો.એહસાનઅલી તાલિબઅલી વિજાપુરા
રૂા.૧૦૧/- મો.મીકદાદઅલી ઈબ્રાહીમભાઈ વિજાપુરા
રૂા.૧૦૧/- મો.અસ્માબેન મીકદાદઅલી વિજાપુરા
રૂા.૫૦/- મો.મંજુરઅલી મીકદાદઅલી વિજાપુરા
રૂા.૫૦/- મો.નજમાબેન મીકદાદઅલી વિજાપુરા
રૂા.૧૦૧/- મો.સલમાનઅલી ઈબ્રાહીમભાઈ વિજાપુરા
રૂા.૧૦૧/- મો.સાજેદાબેન સલમાનઅલી વિજાપુરા
રૂા.૫૦/- મો.સાકેરાબેન સલમાનઅલી વિજાપુરા
રૂા.૧૦૧/- મો.રસુલબેન નુરભાઈ વિજાપુરા
રૂા.૧૦૧/- મો.ઈસ્માઈલભાઈ શરીફભાઈ દાવડા
રૂા.૧૦૧/- મો.મતલુબઅલી અબ્દુલભાઈ દાવડા
રૂા.૧૦૧/- મો.કુલસુમબેન મતલુબઅલી દાવડા
રૂા.૫૦/- મો.મકસુદઅલી મતલુબઅલી દાવડા
રૂા.૫૦/- મો.એહસાનઅલી મતલુબઅલી દાવડા
રૂા.૫૦/- મો.હુસૈનાબેન હસનઅબ્બાસ ડોડીયા
રૂા.૧૦૧/- મો.યાકુબભાઈ વલીભાઈ લોઢા
રૂા.૧૦૧/- મો.ઝેહરાબેન યાકુબભાઈ લોઢા
રૂા.૫૦/- મો.ઈમ્તિયાઝઅલી યાકુબભાઈ લોઢા
રૂા.૫૦/- મો.કનીઝફાતેમા ઈમ્તિયાઝઅલી લોઢા
રૂા.૫૦/- મો.હમીદાબેન નજરઅલી રેવાસીયા
રૂા.૧૦૧/- મો.આબિદઅલી વલીભાઈ લોઢા

રૂા.૧૦૧/- મો.ફિઝ્ઝાબેન આબિદઅલી લોઢા
રૂા.૫૦/- મો.મંજૂરએહમદ આબિદઅલી લોઢા
રૂા.૫૦/- મો.ઈનામહુસૈન આબિદઅલી લોઢા
રૂા.૧૦૧/- મો.મહેંદીઅલી ઈસ્માઈલભાઈ ગોદડ
રૂા.૧૦૧/- મો.તાહેરાબેન મહેંદીઅલી ગોદડ
રૂા.૫૦/- મો.સાકેરાબેન મહેંદીઅલી ગોદડ
રૂા.૫૦/- મો.સાજેદાબેન મહેંદીઅલી ગોદડ
રૂા.૫૦/- મો.અસ્મતફાતેમા મહેંદીઅલી ગોદડ
રૂા.૫૦/- મો.મકબુલફાતેમા મહેંદીઅલી ગોદડ
રૂા.૫૦/- મો.મહંમદઅલી મહેંદીઅલી ગોદડ
રૂા.૧૦૧/- મો.આબિદઅલી અલીભાઈ કોવડીયા
રૂા.૧૦૧/- મો.રાબિયાબેન આબિદઅલી કોવડીયા
રૂા.૫૦/- મો.ઝયનબફાતેમા આબિદઅલી કોવડીયા
રૂા.૫૦/- મો.સાજીદહુસૈન આબિદઅલી કોવડીયા

***રૂા.૫૦૧/- મો.મહંમદઅલી નુરાભાઈ ડીપોટી (સાથળ) તરફથી મર્હૂમ મો.કમરઅલી મહંમદભાઈ મુખીની રૂહના સવાબ અર્થે.***

રૂા.૧૦૦/- મો.હબીબાબાનુ મોહંમદઅલી થરાદરા(ખડીયાસણા-મુંબઈ)તરફથી તેઓ **S.S.C.**માં ૮૦.૩૬% ગુણ મેળવીને ઉત્તીર્ણ થયાં તેની ખુશાલી પ્રસંગે.



મો. ૮૧૪૦૯૩૨૫૦૩
મો. ૯૯૨૫૫૪૭૭૯૩
(પીંપોદરવાળા)

વર્લ્ડ ફેશન સિલેક્શન

● જીન્સ પેન્ટ ● ટી શર્ટ
● કોટન તથા સ્ટ્રેચેબલ પેન્ટ
● ઈમ્પોર્ટેડ પેન્ટ ● કોટન શર્ટ સ્પેશ્યાલિસ્ટ

વડનગર ચક્કી પાસે,
ખાડીયા ચાર રસ્તા, ડો. ગાંધી રોડ, હિંમતનગર


***રૂા.૧૧૦૦/- મો.અકબરઅલી તાજમહંમદ અઘારીયા(શેરપુરા)તરફથી તેમની દીકરી તાહેરાએ P.T.C.માં ૮૬.૮૦% ગુણ મેળવેલ છે તેની ખુશાલી પ્રસંગે.***

રૂા.૫૦/- મો.અલીહૈદર ખાદિમહુસૈન સાવદી (ઈલોલ તલાવ)તરફથી તેમની નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષામાં પસંદગી થઈ તેની ખુશાલી પ્રસંગે.

***રૂા.૨૪૪૦/- મો.ગુલામહુસૈન વલીભાઈ શેરસીયા તથા તેમના પરિવારજનો (પહાડીયોલ કંપા) તરફથી મર્હૂમ ઝહીરઅબ્બાસ ગુલામહુસૈન શેરસીયાની રૂહના સવાબ અર્થે.***

રૂા.૧૦૧/- મો.કમરઅલી ગુલામહુસૈન બટ્ટી (બાદરપુર)તરફથી તેમની દીકરી અઝમતફાતેમાએ ***P.T.C.***ની પરીક્ષા પાસ કરી તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.જાફરઅલી ફકીર(પારસા) તરફથી તેમની પુત્રી સુગરાફાતેમાએ ધો.૧૦માં ૮૬% ગુણ મેળવી ઉત્તીર્ણ થઈ તેની ખુશાલી પ્રસંગે.

***મર્હૂમ હાજી મૈસમઅલી હાજી ગુલામઅલી મોમિન(વસો-અમદાવાદ)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી મળેલ ડોનેશન.***

રૂા.૧૫૧/- મો.હા.શરીફાબેન હા.મૈસમઅલી મોમિન
રૂા.૫૧/- મો.મુસ્તાકઅલી મૈસમઅલી મોમિન
રૂા.૫૧/- મો.નજમા મુસ્તાકઅલી મોમિન
રૂા.૫૧/- મો.ઈસ્તિયાકઅલી મૈસમઅલી મોમિન
રૂા.૫૧/- મો.કનીઝઝેહરા ઈસ્તિયાકઅલી મોમિન
રૂા.૫૧/- મો.ઈમ્તિયાઝઅલી મૈસમઅલી મોમિન
રૂા.૫૧/- મો.નાઝીયા ઈમ્તિયાઝઅલી મોમિન
રૂા.૫૧/- મો.બનીન/અઝમતફાતેમા/મોહસિનઅલી

રૂા.૧૨૫/- મો.નુરમોહંમદભાઈ સાવદી પટેલ (કેશરપુરા)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦/- મો.રહમતફાતેમા ઝુલ્ફિકારઅલી પિયારજી(સેદ્રાણા)તરફથી 'જાફરી આવાઝ' (માસિક)ને ઉત્તેજન અર્થે.

***રૂા.૫૦૦/- મો. જી. ડી. હોલ્ડા(ઈલોલ તલાવ) તરફથી તેમના પુત્ર મોહંમદઅલીએ એમ.ફાર્મ.ની પરીક્ષામાં ૬૯.૬૩% ગુણ મેળવી ઉત્તીર્ણ થયા તેની ખુશાલી પ્રસંગે.***

રૂા.૧૦૧/- મો.ડૉ.કરામતઅલી કાસમઅલી મોમિન (સેવાલણી-હૈદરાબાદ)તરફથી તેઓ બેચલર ઑફ ફિઝીયોથેરાપીમાં ૬૨.૦૦% સાથે ઉત્તીર્ણ થયા તેની ખુશાલી પ્રસંગે.